પ્રાથમીકશાળાના વિદ્યાર્થીઓ
આરોહ અવરોહ સાથે ગાઈ શકે
એવા 200 થી વધુ બાલગીતોનું
સંકલન



ચાંદામામા ચાંદામામા ચાંદામામા રે...
કેમ તમે ઊંચા આકાશે નાખ્યા ધામા રે...



# ચાંદામામા

વેબ અને બ્લોગ પરથી સંકલિત બાલગીતોનો સંગ્રહ

:સંકલન:
ડી.પી પરમાર

# અનુક્રમણિકા

(પેઇઝ નંબર પર ક્લિક કરવાથી તે પેઇઝ પર ડાયરેક્ટ પહોંચી શકાય છે.)

---


| ક્રમ | બાલગીતનું નામ | પેઇઝ નં |
|---|---|---|
| 1 | ચાંદલિયો આવ્યો | 1 |
| 2 | ચાંદામામા મામા થઈને કેમ રહો છો દૂર ? | |
| 3 | મને આભલે ચમકતો ચાંદલો ગમે | |
| 4 | પંખી બની ઉડી જઈએ હો.. ચાંદામામાના દેશમાં | |
| 5 | ચાંદામામા ચાંદામામા ચાંદામામા રે | 2 |
| 6 | ધીમે ધીમે નીચે તું આવ ચાંદલા.. | |
| 7 | ચાંદામામા મારી સાથે રમવા આવશો કે નહિં | |
| 8 | ડુંગર પાછળ ના સંતાઓ ચાંદામામા રે | |
| 9 | ધીમે ધીમે ધીમે ધીમે આવજે પવન | 3 |
| 10 | સપનાની વાત | |
| 11 | દોડો દોડો ભાઇ... | |
| 12 | પરીઓનો દેશ આ તો પરીઓનો દેશ | |
| 13 | મારે કાનુડો થાવું છે | 4 |
| 14 | એક પીંછું ઉડતું આવ્યું એને પકડી લીધું હાથમાં | |
| 15 | ફૂલપરી તું લઈને જાજે | |
| 16 | હું તો બેનની પાટી લઈને કે લખવા બેઠી તી | |
| 17 | નાનું ચક્કર મોટું ચક્કર | 5 |
| 18 | નાનકડી બેન મારી | |
| 19 | અમે ગોળ ગોળ ગોળ ગોળ ફરિયે | |
| 20 | પીપુડીવાળાનો પેલો તનમનિયો | |

| | | |
|---|---|---|
| 21 | ખાતી નથી પીતી નથી ઢીંગલી મારી | 6 |
| 22 | નાની ઢીંગલી સોહાય લટકા મટકા | |
| 23 | ઢીંગલીબેન લપસી પડ્યા તા | |
| 24 | એક મારી ઢીંગલીને એવી સજાવું | |
| 25 | મને મારી ઢીંગલી બહુ પજવે | 7 |
| 26 | ઢીંગલી તારા માંડવા રોપ્યા | |
| 27 | ઢીંગલી કેવી રૂપાળી રૂપાળી | |
| 28 | રૂડી ને રૂપાળી મારી ઢીંગલી રે લોલ | |
| 29 | બા મને નાની શી ઢીંગલી લાવી દે | 8 |
| 30 | રમતા રમતા રે ઢીંગલી ખોવાણી | |
| 31 | આજ મારી ઢીંગલી માંદી પડી | |
| 32 | હું તો લાવી મજાની ઢીંગલી | |
| 33 | મમ્મી મારી ઢીંગલી બોલતી થઈ | 9 |
| 34 | ઢીંગલી મેં તો બનાવી મજાની... | |
| 35 | કોઈ પાળે કુરકુરિયું કોઈ પાળે ગાય | |
| 36 | મોટી પાંખોવાળા રે હંસલા ક્યાં ચાલ્યાં | 10 |
| 37 | દે ને તું પાંખ મને તારી.. | |
| 38 | પચરંગી પાંખ મને આપ ને પતંગિયા | |
| 39 | આપો આપો બે સુંદર પાંખ મને | |
| 40 | રંગબેરંગી રમકડાંની ગાડી આવી રે | 11 |
| 41 | આવ્યો આવ્યો રમકડાવાળો | |
| 42 | રમકડાં લ્યો રમકડાં | |
| 43 | પેલા મોરલા ને જોઈને મને થાય | 12 |
| 44 | પેલા નાચંતા મોરલાને કહી દ્યો | |
| 45 | મારા ઘરના આંગણિયે મોરલો રમે | |

| | | |
|---|---|---|
| 46 | મોરલા રે... મોરલા રે... | 12 |
| 47 | મોરલા રે આવી જજે હો | 13 |
| 48 | મારો છે મોર | |
| 49 | હું રે માંગુ ઓ રંગીલા મોરલા | |
| 50 | મોરલા મજા પડે | |
| 51 | નાચો મારા મોરલા | 14 |
| 52 | મોરલો કેવો રૂપાળો | |
| 53 | છોકરા કેવા મજાના | |
| 54 | આવો કબૂતરા | |
| 55 | બાબલો કેવો રૂપાળો | 15 |
| 56 | બોર આ કેવા મજાના | |
| 57 | ગલુડિયું કેવું મજાનું | |
| 58 | બહેન મારી કેવી મજાની | |
| 59 | ફૂલડાં કેવા રૂપાળા | 16 |
| 60 | ફૂલડાં લ્યો કોઈ ફૂલડાં લ્યો | |
| 61 | અમે આજ ભરી'તી ફૂલદાની | |
| 62 | શાને આ રંગ જુદા જુદા | |
| 63 | ધીંકા તીકા... ધીંકા તીકા... | 17 |
| 64 | પતંગિયુ રૂપાળું | |
| 65 | રંગીલા રંગીલા રંગીલા પતંગિયા | |
| 66 | પતંગિયાંને આંગળી અડાડશો ના ભાઈ | |
| 67 | અમે નાના નાના હરણાં | 18 |
| 68 | ધોળા ધોળા સસલા... | |
| 69 | ટિકટિક ટિકટિક ચાલે સસલાં | |
| 70 | રુમઝૂમ રુમઝૂમ દોડે સસલા | |

| | | |
|---|---|---|
| 71 | કોયલ કૂ કૂ ગાય | 19 |
| 72 | બા પેલા બાગમાં દોડી દોડી જાઉં | |
| 73 | કાબરબેન કલબલિયા | |
| 74 | તને ચકલી બોલાવે | |
| 75 | ચકલીબાઈએ માળા બાંધ્યા | 20 |
| 76 | ચકલી તે ચાંચ મહી | |
| 77 | ટીંકુબેન | |
| 78 | મારા બારણાને ટોડલે ચકલી રમે | |
| 79 | ચકીબેન ચકીબેન | 21 |
| 80 | એક ચકલી ને ચકલો આવે | |
| 81 | એક મજાનો માળો | |
| 82 | ચકલી અલબેલી | |
| 83 | લીમડાની ડાળીએ લીલા પોપટ | 22 |
| 84 | ઓ પોપટ ચકલા પારેવા | |
| 85 | પોપટ પાંજરામાં મીઠું મીઠું બોલે | |
| 86 | હું ને પોપટલાલ ચાલતા ચાલતા | |
| 87 | એક કબૂતર નાનું એને બહુ ગમે ઉડવાનું | 23 |
| 88 | ચોકમાં દાણા નાખ્યા છે | |
| 89 | સિંહની પરોણાગત | |
| 90 | ડિસ્કો કાના ડિસ્કો | |
| 91 | ઘોડાગાડી... ઘોડાગાડી | 24 |
| 92 | ચલ મેરા ઘોડા રે.. | |
| 93 | ઘોડો ઘૂઘરીયાળો | |
| 94 | હું તો કાળી ઘોડીનો સવાર | |
| 95 | ચલ રે ઘોડા ચલ ચલ ચલ | 25 |

| | | |
|---|---|---|
| 96 | સસલીબેને સેવ બનાવી | 25 |
| 97 | ઝાડની સાથે દોસ્તી મારે | |
| 98 | માધાકાકાના ખેતરમાં | |
| 99 | થાકો નહિં... હારો નહિં | 26 |
| 100 | તૈયાર હો... હોંશિયાર હો... | |
| 101 | હું છું નાનકડો સિપાઈ | |
| 102 | સૈનિક સૈનિક રમીએ | |
| 103 | ભલે નાના નાના બાળ અમે | 27 |
| 104 | અંતર મંતર જંતર | |
| 105 | રસગુલ્લા | |
| 106 | હું ને ચંદુ છાનામાના | |
| 107 | હે દાદા હાલો ને હુતુતુતુ રમીએ | 28 |
| 108 | બડી લંબી રે મારા દાદાની મૂછ | |
| 109 | હા રે દોસ્ત હાલો દાદાજીના દેશમાં | |
| 110 | દાદાની વાડીમાં આવીને મોરલો | |
| 111 | પપ્પાજીએ રંગબેરંગી | 29 |
| 112 | પંડિત ચાલ્યા જાય છે | |
| 113 | મોટો મોટો થાઉં | |
| 114 | ભોમિયા વિના મારે | |
| 115 | અમે રેતીમાં રંગભેર | 30 |
| 116 | દરિયાના બેટમાં રે'તી | |
| 117 | દરિયાકાંઠે રમવા ચાલો | |
| 118 | સાગરમાં નાવ મારી સરરર | 31 |
| 119 | એક ઝરણું દોડ્યું જાતું તું | |
| 120 | સાગરના છૈયા અમે | |

| | | |
|---|---|---|
| 121 | આ અમારુ ઘર છે | 31 |
| 122 | નાની મારી આંખ | 32 |
| 123 | નાની સરખી ખિસકોલીબાઈ | |
| 124 | મજાની ખિસકોલી | |
| 125 | ઘડિયાળ મારુ નાનું | |
| 126 | મારી ઘડિયાળમાં | |
| 127 | ફાગણિયો લહેરાયો | 33 |
| 128 | હાલો કેસૂડાના ફૂલ વીણવા | |
| 129 | રંગરંગીલો ફાગણ આયો | |
| 130 | મારા આંગળાનો જાદુ | |
| 131 | ઉડે પતંગ રંગદાર આભમાં | 34 |
| 132 | ઊંચે ઊંચે લાલ લાલ | |
| 133 | પતંગ મારી કેવી મજાની | |
| 134 | પીળો પતંગ | |
| 135 | આવ્યો શિયાળો, આવી ઠંડી | 35 |
| 136 | આવ્યો શિયાળો ઠંડી લઈને | |
| 137 | બળતા બપોરમાં | |
| 138 | વાયરા વનવગડામાં વાતા'તા | |
| 139 | મેવલિયો | 36 |
| 140 | વરસી જા વરસી જા | |
| 141 | આષાઢી મેહુલો | |
| 142 | વાદળ વાદળ વરસો પાણી | |
| 143 | ચાલો ચાલોને રમીએ હોડી હોડી | 37 |
| 144 | અષાઢી સાંજના અંબર ગાજે | |
| 145 | વાદળી વરસી જાજો | |

| | | |
|---|---|---|
| 146 | આવો મેઘરાજા | 37 |
| 147 | સોનાવરણી સીમ | 38 |
| 148 | વર્ષાની સાત સાત બેનડી રે લોલ | |
| 149 | બા મને ચપટી વગાડતા આવડી ગઈ | |
| 150 | ચપટી વાગી રે | |
| 151 | વડલાડાળે વાંદરાટોળી કરતી હુપાહુપ | 39 |
| 152 | વાંદરા હો વાંદરા | |
| 153 | કરતા હુપાહુપ વાંદરા | |
| 154 | પેલે રમકડે હો ડાહ્યા ત્રણ વાંદરા | |
| 155 | આવડા અમથા વાંદરાભાઈને સિનેમાનો શોખ | 40 |
| 156 | આ વાત કદી ના ભુલાય | |
| 157 | શેરીમાં રમતા રે બાલ છુકછુક ગાડી | |
| 158 | અમે શેરીએ રમતા બાળ | |
| 159 | મારી મમ્મીએ આજ મને માર્યું | 41 |
| 160 | ઝગમગતા તારલાની જોડી | |
| 161 | મમ્મી રે મમ્મી મને નાની ના સમજો | |
| 162 | હમ ભી અગર બચ્ચે હોતે | 42 |
| 163 | ચુન ચુન કરતી આયી ચીડિયા | |
| 164 | મેં એક છોટી કઠપૂતલી | |
| 165 | હમ હાથી કો ગિનતી શિખાયેંગે | 43 |
| 166 | નાની તેરી મોરની કો મોર લે ગયે | |
| 167 | બેટી હું મેં બેટી ને તારા બનુંગી | |
| 168 | રે મામા રે મામા રે મામા રે | |
| 169 | લીલી પીળી બસ ચાલી જાય | 44 |
| 170 | મોટર બોલે પોમ પોમ | |

| | | |
|---|---|---|
| 171 | ગાડાવાળા રે... | 44 |
| 172 | લીલીપીળી મોટર આવી | |
| 173 | આ અમારી ગાડી છે... | 45 |
| 174 | એનું નામ છે વિમાન... | |
| 175 | રેલમે છનનન છનનન હોય રે | 46 |
| 176 | મારો ધક્કા | |
| 177 | જંગલ કેરા પ્રાણીઓની છુકછુક ગાડી ચાલી | |
| 178 | હાલો ભેરુ ગામડે | 47 |
| 179 | હા રે અમે ખેડૂતભાઈ ગુજરાતનો | |
| 180 | એકવાર આવજો આવાસ રે... | |
| 181 | નહીં જાઉં રે માં... ગાવલડી ચારવાને | |
| 182 | નદી કિનારે મારું ગામડું | 48 |
| 183 | મારે નાના ગોવાળીયા થાવું છે | |
| 184 | અમે ગોવાળીયા રે... ગામડામાં રે'તા | |
| 185 | અમે નાનકડા દેવ બાળમંદિરમાં | |
| 186 | લાડુભદ્દ લાડુભદ્દ... | 49 |
| 187 | હું તો દોડું ત્યાં ધરતી ધમધમતી | |
| 188 | બા વિના મને ખવડાવે કોણ ? ? ? | |
| 189 | ઝૂલણ વણઝારી | |
| 190 | અડખે દાણા પડખે દાણા | 50 |
| 191 | દરબાર છે દરબાર આ રંગ તણો દરબાર | |
| 192 | કાલી5 કાળી મીંદડી આવીને ગઈ | |
| 193 | કાળુડી કૂતરીને આવ્યા ગલુડિયાં | |
| 194 | મને કહોને પરમેશ્વર કેવા હશે ? | 51 |
| 195 | અમે ભરતમાતાના બાળકો રે... | |

| | | |
|---|---|---|
| 196 | દુધવાળો આવે... દુધવાળો આવે | 51 |
| 197 | કિલકિલાટ કરતા... | |
| 198 | ભણવાને આવજો હો મારી નિશાળમાં | 52 |
| 199 | તમે ઓરા આવો ને અહીં... | |
| 200 | રોજ નિશાળે જઈએ અમે... | |
| 201 | હું તો નિશાળે જાતો' તો | |
| 202 | બોલો બોલો હાથીદાદા | 53 |
| 203 | ધમાચકડી મારુ નામ | |
| 204 | હું છું ખાખી બાવો | 54 |
| 205 | બા હું શાળાએ દોડી દોડી જાઉં | |
| 206 | મામનુ ઘર કેટલે ?? | |
| 207 | વડદાદાની લાંબી દાઢી... | |
| 208 | એક જાડો પાડો લીમડો... | 55 |
| 209 | જયપુરના રાજાની વાહ રે વાહ... | |
| 210 | ભોપો અને ટોપો | |
| 211 | ઉંદર રે છે દરમાં.... | |
| 212 | અમે ફેરફુદરડી ફરતા'તા | 56 |
| 213 | એકડે એક ઓ મમ્મી પાપડ શેક | |
| 214 | દાદાજીની લાકડી.. લાકડીનો ઘોડો | |
| 215 | ગમે... | |
| 216 | જાંબુડો... | 57 |
| 217 | ચાલો જોવા જઈએ મેળો | |
| 218 | ચાંદો સૂરજ રમતા'તા | 58 |
| 219 | ટેલિફોન | |
| 220 | એકડો સાવ સળેકડો | |

| | | |
|---|---|---|
| 221 | દાદાનો ડંગોરો લીધો | 59 |
| 222 | ટમેટા ટમેટા અમને આપો થોડા | |
| 223 | બારીમાં બબલી બેઠી'તી | |
| 224 | નાનું નાનું સસલું | |
| 225 | મેં એક બિલાડી પાળી છે | 60 |
| 226 | ચકલી બોલે ચીં ચીં... | |
| 227 | માટી હોય તો મૂળ હોય | |
| 228 | લાલ લાલ ટામેટું | |
| 229 | અમથાજીને એવી ટેવ | 61 |
| 230 | સાયકલ મારી સરરર જાય | |
| 231 | ઉંદરભાઈને આંખો આવી.. | |


## આ સંકલિત બાલગીત સંગ્રહ "ચાંદામામા" વિશે અભિપ્રાય આપવા માટે....






## 1. ચાંદલિયો આવ્યો

ચાંદલિયો આવ્યો, અજવાળા લાવ્યો,
ચાંદની રે...... તું અહિયાં આવ.
ચાંદલિયો...

સંધ્યારાણી આવ્યા, અંધારા લાવ્યા,
ઉષારાણી રે..... તું અહિયાં આવ.
ચાંદલિયો...

સરિતા રે આવી, ખળખળાટ લાવી,
નાવડી રે..... તું અહિયાં આવ.
ચાંદલિયો...

મેઘરાજા આવ્યા, ગડગડાટ લાવ્યા,
વીજળી રે..... તું અહિયાં આવ. ચાંદલિયો...

ધરતીકંપ આવ્યો, ખળભળાટ લાવ્યો,
શ્રી હરિ રે..... તું અહીંયા આવ.
ચાંદલિયો...

## 2. ચાંદામામા મામા થઈને

ચાંદામામા મામા થઈને કેમ રહો છો દુર...???
આવો મુજને ખવડાવો ને ટોપરા ખજૂર.....
ચાંદામામા...

જયારે પૂનમ રાત આવે જગમગતું અજવાળું લાવે,
રંગ રૂપેરી ચાંદનીમાં (૨) સૌ કોઈને નવડાવો...
ચાંદામામા...

રંગ તમે રૂડા રૂપાળા પાથરતા જગમાં અજવાળા,
વ્હાલા મામા વિના તમારા(૨) મારે ઘેર અંધારા...
ચાંદામામા...

ઊંચે આભે ઘર તમારું કેમ કરી ત્યાં આવું હું,
મારી ઝૂંપડીયે આવો મામા(૨) વારંવાર માનવું
ચાંદામામા..

## 3. મને આભલે ચમકતો ચાંદલો ગમે..

મને આભલે ચમકતો ચાંદલો ગમે,
એની આસપાસ નાનાં મોટાં તારા. રમે. મને...

મને શિયાળે સુરજનો તડકો ગમે,
એની આસપાસ મારો પડછાયો રમે. મને...

મને ઉનાળે સંધ્યાની સોબત ગમે,
એની આસપાસ લાલ પીળાં રંગો રમે. મને...

મને ચોમાસે વીજના ચમકારા ગમે,
એની આસપાસ ઘનઘોર વાદળ રમે. મને...

મને ધરતીના ખોળે ઊગ્યા છોડવા ગમે,
એની આસપાસ પાંદડાને ફૂલો રમે. મને...

મને માનવ મહેરામણના મેળા ગમે,
એની આસપાસ નાનાં મોટાં છોરા રમે. મને..

-જયંત શુક્લ

## 4. પંખી બની ઊડી જઈએ

પંખી બની ઊડી જઈએ... (૨)
હો... હો... હો... ચાંદામામાનાં દેશમાં...

રૂપાળી પરીઓનો દેશ ચાંદામામા
પરી બની ઉડી જઈએ.... (૨)
હો... હો... હો... ચાંદામામાનાં દેશમાં...

રૂપેરી વાદળીનો દેશ ચાંદામામા
વાદળી બની વરસી જઈએ... (૨)
હો... હો... હો... ચાંદામામાનાં દેશમાં...

ટમટમતા તારલાનો દેશ ચાંદામામા...
તારલા બની ટમકી જઈએ... (૨)
હો... હો... હો... ચાંદામામાનાં દેશમાં...

| | |
|---|---|
| **5. ચાંદામામા ચાંદામામા ચાંદામામા રે**<br><br>ચાંદામામા ચાંદામામા ચાંદામામા રે<br>કેમ તમે ઊંચે આકાશે નાખ્યા ધામા રે<br><br>ચાંદામામા નીચે આવો મારી સાથે રમવા ચાલો<br>બાગ-બગીચે નદીકિનારે દરિયાકાંઠે ભમવા ચાલો<br>ધીંગામસ્તી મોજ કરીશું વનવગડામાં રે...<br>ચાંદામામા ચાંદામામા ચાંદામામા રે...<br><br>ચાંદામામા ચાંદામામા ચાંદામામા રે<br>કેમ તમે ઊંચે આકાશે નાખ્યા ધામા રે ?<br><br>વ્હાલા મામા જલ્દી આવો રંગ રંગ વાદળિયા લાવો<br>રંગ રંગ વાદળિયા સાથે ટમટમતા તારલિયા લાવો<br>તારલિયાની સંગે નાચું આંગણિયામાં રે<br>ચાંદામામા ચાંદામામા ચાંદામામા રે...<br><br>ચાંદામામા ચાંદામામા ચાંદામામા રે<br>કેમ તમે ઊંચે આકાશે નાખ્યા ધામા રે ?<br><br>-ડી.પી પરમાર | **6. ધીમે ધીમે ધીમે ધીમે નીચે તું આવ**<br><br>ધીમે ધીમે ધીમે ધીમે નીચે તું આવ,<br>હો ચાંદલા નીચે તું આવ...<br><br>રોજ રોજ રાત પડે જોતી તુ જ વાટડી,<br>આભલાની સામે જોઇ થાકી મુજ આંખડી.<br>પરીઓની વાત કંઇ સુણાવ...<br>હો ચાંદલા..<br><br>આભલાના બાગમાં થોડા કંઇ ફૂલડાં,<br>લાવજે તું મારી વેણીમાં ગૂંથવા.<br>નાનકડું આંગણું સોહાવ...<br>હો ચાંદલા..<br><br>તારી સાથે રમવાના મુજને કંઈ કોડ છે,<br>આવીને દેખ જરા કેવી મુજ જોડ છે.<br>નાનકડી બહેનને રીઝાવ...<br>હો ચાંદલા... |
| **7. ચાંદા મામા મારી સાથે રમવા આવશો કે નહિ**<br><br>ચાંદા મામા..., ચાંદા મામા...,<br>મારી સાથે રમવા આવશો કે નહિ (૨)<br><br>હિતુ રાજી થશે, દર્શન ખુશ થાશે<br>નાની બેન તો નાચશે રે ભાઇ (૨)<br>ચાંદામામા...<br><br>તારલાને લાવજો, વાદળાને લાવજો<br>પરીઓને સાથે લાવશો કે નહિ (૨)<br>ચાંદા મામા...<br><br>સંતાકૂકડી ખેલશું, સાતતાળી રમશું<br>આભમાં છૂપાઇ તમે જોશો કે નહિ<br>ચાંદા મામા...<br><br>ખાવાને ખીર-પૂરી, ઘીમાં ઝબોળી<br>આપીશ તમને હું આપીશ તમને (૨)<br>ચાંદા મામા... | **8. ડુંગર પાછળ ના સંતાઓ ચાંદામામા રે**<br><br>ડુંગર પાછળ ના સંતાઓ ચાંદામામા રે....<br>રાત પડી ઘેર આવી જાઓ ચાંદામામા રે....<br><br>સંતાકૂકડી રમવા આવો<br>તારલિયાને ગમવા આવો<br><br>તેજ રૂપેરી ઓઢી આવો ચાંદામામા રે....<br>રાત પડી ઘેર આવી જાઓ ચાંદામામા રે....<br><br>દૂધને પૌઆ ખાવા આવો<br>રૂડે ગરબે રમવા આવો<br><br>સહુ બાળકના મનને ભાવો ચાંદામામા રે....<br>રાત પડી ઘેર આવી જાઓ ચાંદામામા રે.... |

| | |
|---|---|
| **9. ધીમે ધીમે ધીમે ધીમે આવજે પવન**<br><br>ધીમે ધીમે ધીમે ધીમે આવજે પવન,<br>ચુંદડી અમારી ઉડી ઉડી જાય,<br><br>કેસરીયા રંગની ચુંદડી અમારી,<br>જાણે સંધ્યાની ઉઘડતી બારી,<br>મંદ મંદ મધુર ગીત ગાવજે પવન,<br>ચુંદડી અમારી ઉડી ઉડી જાય,<br><br>ઝુમે છે ફુલડાં ને ઝુમે છે ડાળીઓ,<br>ફરફરતા પાંદડા પાડે છે તાળીઓ,<br>મલકંતી માલતી રીઝાવજે પવન,<br>ચુંદડી અમારી ઉડી ઉડી જાય,<br><br>તારો મધુર સૂર ડુંગરાની હારે,<br>મસ્ત બની ઘૂમતો નદીઓના આરે,<br>કોયલનો કંઠ તું સુણાવજે પવન,<br>ચુંદડી અમારી ઉડી ઉડી જાય,<br>ધીમે ધીમે ધીમે ધીમે આવજે પવન.<br><br>રંગ નહીં, અંગ નહી, તું તો દેખાય નહીં,<br>તારા તે ગીતથી હૈયું ધરાય નહીં,<br>ફુલોની સુગંધ બીખલાવજે પવન,<br>ચુંદડી અમારી ઉડી ઉડી જાય, | **10 સપનાની વાત કહું સપનાની વાત**<br><br>સપનાની વાત કહું સપનાની વાત,<br>ભાઈ મારા સાંભળજો સપનાની વાત.<br><br>કોક દી હું સપનામાં આકાશે ઉડતો,<br>ચાંદામામાની સાથે હુ ઘુમતો;<br>તારલિયા ભાઈ મારા પગે અડી જાય...<br>ભાઈ મારા...<br><br>કોક દી હું પરીઓના દેશમાં પહોંચતો,<br>પરીઓના ખોળલે સુખેથી પોઢતો;<br>પરીઓની પાંખો મને પંખો નાખી જાય...<br>ભાઈ મારા...<br><br>કોક દી હું સાગરમાં ડૂબકીઓ મારતો,<br>માછલીના દેશમાં મોતીડાં વીણતો;<br>માછલીઓ ખૂબ મને ઉંડે લઈ જાય ..<br>ભાઈ મારા....<br><br>કોક દી હું મધદરિયે હોડી હંકારતો,<br>હલેસા મારીને દૂર દૂર પહોંચતો;<br>સાગરનાં મોજાંઓ હિલોળાં ખાય..<br>ભાઈ મારા...<br>-મહેન્દ્રભાઈ જોષી |
| **11. દોડો દોડો ભાઈ...**<br><br>દોડો દોડો ભાઈ... દોડો દોડો ભાઈ...<br>સારા સારા કામ કરવા... દોડો દોડો ભાઈ.<br><br>તોડો તોડો ભાઈ... તોડો તોડો ભાઈ...<br>લાલચની સાંકળને... તોડો તોડો ભાઈ.<br><br>ફોડો ફોડો ભાઈ... ફોડો ફોડો ભાઈ...<br>અભિમાનના ફૂગ્ગાને... ફોડો ફોડો ભાઈ.<br><br>થોડો થોડો ભાઈ... થોડો થોડો ભાઈ...<br>ભણવામાં સમય આપો... થોડો થોડો ભાઈ.<br><br>છોડો છોડો ભાઈ... છોડો છોડો ભાઈ...<br>ગંદી ગંદી ટેવ તમે... છોડો છોડો ભાઈ.<br><br>જોડો જોડો ભાઈ... જોડો જોડો ભાઈ...<br>ભણવામાં મન તમે. જોડો જોડો ભાઈ. | **12. પરીઓનો દેશ**<br><br>પરીઓનો દેશ, આ તો પરીઓનો દેશ,<br>રૂડી ને રૂપાળો, પરીઓનો દેશ.<br><br>રૂમઝૂમ કરતી હું તો ચાલું,<br>છૂમ ઝૂમ કરતી હું તો નાચું,<br>ગીત મધુરાં હું તો ગાઉં,<br>સા રે ગ મ ગ રે સા (૨) રૂડોને...<br><br>તારલિયા તો ઝીણું ઝબકે<br>તેને જોઈને મુખડું મલકે,<br>રાસે રમતાં, ઢોલ ઢબૂકે,<br>ઢમ ઢમક ઢમ ઢમક ઢમ ઢમ ઢમ (૨) રૂડોને...<br><br>ચાંદામામા ખૂબ જ ગમતા,<br>સંતાકૂકડી સાથે રમતા,<br>હસતાં હસતાં, ફૂદરડી ફરતા,<br>વહાલો એનો વેશ વહાલો એનો વેશ-રૂડોને... |

## 13. મારે કાનુડો થાવું છે.

બા મને મોરલી તું આપ, મારે કાનુડો થાવું છે.
માથે તે મુગટ પહેરાવ, મારે કાનુડો થાવું છે.

ગોપીઓની સંગ હું મટકી ફોડું,
માખણ ચોરી ગલીઓમાં દોડુ;
મોરલાનું પીંછું મને આપ, મારે કાનુડો થાવું છે.

યમુના કિનારે ગાયો ચરાવું,
કદમ્બની ડાળે બંસી બજાવું;
કાને તું કુંડળ પહેરાવ, મારે કાનુડો થાવું છે.

વૃંદાવનમાં હું રાસ રચાવું,
રાધાની સંગે હું ગોપીઓ નચાવું;
પીળું પીતાંબર પહેરાવ, મારે કાનુડો થાવું છે.

- અમૃતસિંહ પરમાર

## 14 એક પીંછુ ઉડતું આવ્યું

એક પીંછુ ઉડતું આવ્યું, તેને પકડી લીધું હાથમાં,
ભાઈએ જોયું, બહેને જોયું, બા એ જોયું સાથમાં,

સુવાળું રેશમ જેવું, રૂપાળું લાગે કેવું ?
રંગે લીલું, ઉડે તો ઝીલું... પકડી લીધું હાથમાં...

આ પીંછુ કયા વગડાનું, ઉડીને આવ્યું છાનું,
ઉડતું જોયું, મનડું મોહ્યું.... પકડી લીધું હાથમાં...

માથાનો મુગટ બનાવી, પીંછાને તેમાં લગાવી,
બનીશ રાજા વાગે વાજાં.... પકડી લીધું
હાથમાં...

ચાંદા મામા આકાશે, પીંછાનું ગીતડું ગાશે,
તમને ગમતું, અમને ગમતું...પકડી લીધું
હાથમાં...

## 15. ફૂલપરી...

ફૂલપરી તું લઇને જાજે મને તારા દેશ
તારા મારા દિલ છે એક ભલે જુદા વેશ (૨)

ત્યાં જઇને શું કરશું ?
ચોકલેટ ખાશું, બિસ્કિટ ખાશું, ખાશું કેન્ડી કોન
ખિસ્સા ભરીને પિપર ખાશું, ખાશું પેંડા લાડુ
ફૂલપરી..

ત્યાં જઈને શું શું કરશું ?
હિરાની લખોટી કરશું, મોતીનો દડુલિયો કરશું
ચંદનનું સુગંધી લાકડું બનશે મારુ બેટ
ફૂલપરી...

ત્યાં જઈને શું શું કરશું ?
ક્રિકેટ રમશું, હોકી રમશું, રમશું ફૂટબોલ
એનઘેન દિવાઘેન લઇ લ્યો પાટી પેન
ફૂલપરી..

ત્યાં જઇને શું શું કરશુ ?
ગીતો ગાશું નૃત્ય કરશું ભજવશું જુદા વેશ.
ચાંદામામા સાથે રમશું, કરશું લીલા લહેર
ફૂલપરી...

## 16. પાટી લઈને લખવા બેઠી'તી

હું તો બેનીની પાટી લઈને
કે લખવા બેઠી'તી
બેન દોડતી દોડતી આવીને
પાટી લઇ લીધી

હું તો ભાઇની ચોપડી લઇને
કે વાંચવા બેઠી'તી
ભાઇ દોડતો દોડતો આવ્યો
ચોપડી લઇ લીધી

હું તો વાટકી હાથમાં લઇને
કે માંજવા બેઠી'તી
બા દોડતી દોડતી આવીને
વાટકી લઇ લીધી

હું તો પાટલી વેલણ લઈને
કે પૂરી વણતી'તી
બા દોડતી દોડતી આવી
પાટલી લઇ લીધી

મેં તો વેલણ ફેંકી દીધું
ને રોવા લાગી ગઇ
રડતાં રડતાં હું તો
રસોડામાં ઊંધી ગઈ.

## 17. નાનું ચક્કર મોટું ચક્કર

નાનું ચક્કર મોટું ચક્કર,
ચકકર ઉપર દોરી. ચાંદાપોળી...

ભાઈ ભણે છે ને બહેના રડે છે,
બેનને મનાવવા ભાઈ ભાગ લાવે છે,
ચોકલેટ લાવે, બરફી લાવે,
લાવે સૂતરફેણી... ચાંદાપોળી...

ભાઈ ભણે છે ને બહેના રડે છે,
બેનને મનાવા ભાઈ કપડાં લાવે છે,
મીડી લાવે, ફ્રોક લાવે,
લાવે ચણીયાચોળી.. ચાંદાપોળી.

ભાઈ ભણે છે ને બહેના રડે છે,
બેનને મનાવા ભાઈ રમતો રમે છે,
કબડી રમે, ખો-ખો રમે,
he ટીંગાટોળી... ચાંદાપોળી...

નાનું ચક્કર મોટું ચક્કર.....

## 18. નાનકડી બેન

નાનકડી બે ન મારી નાનકડી બેન,
મીઠું મીઠું બોલતીએ નાનકડી બેન.
હો...એ તો પા પા પગલી પાડે આ..હા..હા (૨)

વિના કારણ હસતી એ તો સૌને હસાવે,
નાનકડી બેન મારી નાનકડી બેન
હો...એ તો ઘુઘરો ઘુમાવતી આવે આ..હા..હા(૨)

ખોટું ખોટું લખતી એ તો લઈ સ્લેટ પેન,
નાનકડી બેન મારી નાનકડી બેન.
છે...એ તો ઢીંગલી રમાડતી આવે આ..હા..હા(૨)

ભઈલાનું ખમીસ પકડી રમતી ટ્રેન ટ્રેન,
નાનકડી બેન મારી નાનકડી બેન.
હો...એ તો રૂમઝૂમ કરતી આવે આ..હા..હા (૨)

નાનકડાં વાળની એ વેણી ગૂંથાયે,
નાનકડી બેન મારી નાનકડી બેન.

## 19. અમે ગોળ ગોળ ગોળ ફરીએ

અમે ગોળ ગોળ ગોળ ફરીએ
અમે તાલી દઈને રમીએ...
અમે ચપટી વગાડી ફરીએ
અમે તાલી દઈને રમીએ...

બાગ બગીચે ફરવા જઈએ
ફૂલ ખીલેલા વીણી લઈએ
ફૂલડાં સાથે ભમીએ
અમે ફૂલડાં સાથે ભમીએ....અમે તાલી

નદી કિનારે ફરવા જઈએ
પાણી દેખી નાવા પડીએ
સરરર... સરરર તરીયે
અમે સરરર... સરરર તરીયે... અમે તાલી

ચાંદની રાતે લંગડી રમીએ
ફેરફુદરડી ખૂબ જ ફરિએ
ફરરર... ફરરર ફરિયે
અમે ફરરર... ફરરર ફરિયે... અમે તાલી

## 20. પીપુડીવાળાનો પેલો તનમનીયો

પીપુડીવાળાનો પેલો તનમનીયો પેલો
તનમનીયો
ચોરી ગયો એતો કેરીનો કરડીયો
કેરી ખવાય છે ગોટલા ફેકાય છે ચોરી પકડાય છે
મનમાને મનમાં તનમનીયો મુંજાય છે

પીપુડીવાળાનો પેલો તનમનીયો પેલો
તનમનીયો
ચોરી ગયો એતો કેળાનો કરડીયો
કેળા ખવાય છે છોતરા ફેકાય છે ચોરી પકડાય છે
મનમાને મનમાં તનમનીયો મુંજાય છે

પીપુડીવાળાનો પેલો તનમનીયો પેલો
તનમનીયો
ચોરી ગયો એતો જાંબુનો કરડીયો
જાંબુ ખવાય છે ઠળીયા ફેકાય છે ચોરી પકડાય
છે
મનમાને મનમાં તનમનીયો મુંજાય છે

પીપુડીવાળાનો પેલો તનમનીયો પેલો
તનમનીયો
ચોરી ગયો એતો બોરનો કરડીયો
બોર ખવાય છે ઠળીયા ફેકાય છે ચોરી પકડાય છે
મનમાંને મનમાં તનમનીયો મુંજાય છે

## 21. ખાતી નથી પીતી નથી ઢીંગલી મારી...

ખાતી નથી પીતી નથી, ઢીંગલી મારી બોલતી નથી,
બોલ બા બોલ એને કેમ બોલાવું એને કેમ બોલાવું ?

ડોલમાં બેસાડી એને નવરાવું,
ચંપાના ફૂલની વેણી ગૂંથાવું
તો પણ તે બોલતી નથી (2).....ખાતી નથી....

ઘંટી ને ઘૂઘરો આપું છું રમવા,
સોનાને પાટલે બેસાડું જમવા,
તો પણ એ ખાતી નથી (૨).....ખાતી નથી....

પંખી બતાવું ડાળીએ ઝુલતા,
મેના પોપટ ને મોરલા ટહુકતા,
તો પણ એ ગાતી નથી (૨).....ખાતી નથી....

પહેરાવું ઝાંઝરને રેશમી ઝબલુ,
રૂમઝૂમ નાચુંને વગાડું તબલુ,
તો પણ એ નાચતી નથી (2).....ખાતી નથી....

ચાંદામામા તો આકાશે રમતા,
બાબા ગાડીમાં ઢીંગલીબેન ફરતા,
મારે પણ બોલવું નથી (2).....ખાતી નથી....

## 22. નાની ઢીંગલી સોહાય

નાની ઢીંગલી સોહાય લટકા-મટકા કરતી જાય
(૨)

આંખે કાજલ લગાવી, હોઠે લિપસ્ટીક લગાવી,
ગાલે પાઉડર લગાવી લટકા-મટકા કરતી જાય,
નાની ઢીંગલી...

પગે ઝાંઝર પહેરીને, હાથમાં કંગન પહેરીને,
ગળે હાર લટકાવી લટકા-મટકા કરતી જાય,
નાની ઢીંગલી...

કેડે કંદોરો પહેરીને, કાનમાં કુંડલ પહેરીને,
માથે ઓઢણી ઓઢીને લટકા-મટકા કરતી જાય,
નાની ઢીંગલી...

નવા કપડાં પહેરીને, પગમાં સેન્ડલ પહેરીને,
ખંભે પર્સ લગાવી ટાટા-બાય બાય કરતી જાય,
નાની ઢીંગલી...

## 23. ઢીંગલીબેન લપસી પડયાતાં....

બાગમાં ફરવાને ગ્યા'તાં કે...
ઢીંગલીબેન લપસી પડયા'તા...

હું તો મારી ઢીંગલી માટે ડૉક્ટર બોલાઉં...
પાટો બાંધીને સૂવડાઉ કે...
ઢીંગલીબેન લપસી પડયા'તા...

હું તો મારી ઢીંગલી માટે લાડુ બનાવું,
લાડું ખાઈને થયા તાજાં કે...
ઢીંગલીબેન લપસી પડયા'તા...

હું તો મારી ઢીંગલી માટે શીરો બનાવું,
શીરો ખાઈને થાઈ જાડાં કે...
ઢીંગલીબેન લપસી પડયા'તા..

બાગમાં ફરવાને ગ્યા'તાં કે...
ઢીંગલીબેન લપસી પડયા'તા...

## 24. એક મારી ઢીંગલીને

એક મારી ઢીંગલીને એવી સજાવું ,

બે એનાં કાન માં બુટ્ટી પહેરાવું ,

ત્રણ એની નથડી માં હીરા જડાવું ,

ચાર એના હાથ માં ચૂડી પહેરાવું ,

પાંચ એની આંગળી માં વટી પહેરાવું ,

છ એની વેણી માં ફૂલો ગૂંથાવું ,

સાત એની ચૂંદડી માં રંગો પૂરાવું ,

આઠ એની ઘાઘરી માં મોર ચિતરાવું ,

નવ એની ઝાંઝરી માં ઘૂઘરી મેલાવું

દશ દશેરા એ ગરબે ઘુમાવું..

| | |
|---|---|
| **25. મને ઢીંગલી બહુ પજવે**<br><br>મને મારી ઢીંગલી બહુ પજવે<br>એ તો વહેલી સવારે આખું ઘર ગજવે<br>મને મારી ઢીંગલી...<br><br>દાતણ કર્યા વિના દૂધ પીવા માગે<br>કજિયો કરીને એ તો દૂર દૂર ભાગે<br>તેને દોડું પકડવા સૌ મને ખીજવે<br>મને મારી ઢીંગલી...<br><br>જાતે નાહવા એ તો ખૂબ પાણી ઢોળે<br>લઇ ડોલ નાની ને કપડાં એમા બોળે,<br>એને મારું તમાચો તો મને લજવે<br>મને મારી ઢીંગલી..<br><br>માથુ ગુંથાવે પણ ફૂલવેણી માગે<br>જાતે કપડાં પહેરતા ખૂબ વાર લાગે<br>એના રમકડાં લઇને આખું ઘર સજાવે<br>મને મારી ઢીંગલી.. | **26. ઢિંગલી તારા માંડવા રોપ્યા**<br><br>ઢિંગલી તારા માંડવા રોપ્યા , ઢોલ વાગે ઢમઢમ<br>લાલિયો મહરાજ લાડવા વાળે, શાક કરે છમછમ<br>ઢિંગલી તારા માંડવા<br><br>ચાખવા મીનીબેન બેઠા'તા , જીભલડી ચમચમ<br>પમલો પેલો વાંદરો કૂંકે, પિપૂડાં પમપમ<br>ઢિંગલી તારા માંડવા<br><br>જૂનાગઢથી જાન આવી છે, જાનડીઓ રૂમઝૂમ<br>દોડતાં પહેલાં વેલડાં આવે, ઢોલ વાગે ઢમઢમ<br>ઢિંગલી તારા માંડવા<br><br>ઢિંગલીબાઈના પગમાં ઝાંઝર , ઘૂઘરીઓ ઘમઘમ<br>નાકમાં એને નથણી સોહે, કેવી રે ચમચમ<br>ઢિંગલી તારા માંડવા<br><br>ઢિંગલીબાઈ તો સાસરે જાશે, આંસુડાં ટમટમ<br>લાગશે કેવા ઘરને શેરી, સુના રે સમસમ<br>ઢિંગલી તારા માંડવા |
| **27. ઢીંગલી કેવી રૂપાળી**<br><br>ઢીંગલી કેવી રૂપાળી રૂપાળી,<br>મારી ઢીંગલી કેવી રૂપાળી.<br><br>એને નિતનવાં કપડાં જોઈએ,<br>એને ઝરી ભર્યાં ઝબલાં જોઈએ;<br>એતો ઘાઘરી પહેરે છે ઘેરવાળી ઘેરવાળી....<br>મારી ઢીંગલી<br><br>એને કાજે મેં હીંચકો બંધાવ્યો,<br>એને લાલપીળા રંગે રંગાવ્યો;<br>એક ગાદી બનાવી સુંવાળી સુંવાળી...<br>મારી ઢીંગલી<br><br>મારી ઢીંગલી મને બહુ ગમે છે,<br>એ તો સદાય હસતી રહે છે<br>નથી જાણી કદી એ રિસાણી રિસાણી...<br>મારી ઢીંગલી | **28. રૂડી ને રૂપાળી મારી ઢીંગલી રે લોલ**<br><br>રૂડી ને રૂપાળી મારી ઢીંગલી રે લોલ<br>શાણી ને સુંવાળી, મારી ઢીંગલી રે લોલ<br><br>મીઠું મીઠું હસે, મારી ઢીંગલી રે લોલ<br>સોને હેયે વસે, મારી ઢીંગલી રે લોલ<br><br>ગોરા ગોરા ગાલ, મારી ઢીંગલી રે લોલ<br>ઓઢણી છે લાલ, મારી ઢીંગલી રે લોલ<br><br>મમ્મીએ વખાણી, મારી ઢીંગલી રે લોલ<br>રાજાની રાણી, મારી ઢીંગલી રે લોલ<br><br>કદી નહીં રુએ, મારી ઢીંગલી રે લોલ<br>મારે ખોળે સૂએ, મારી ઢીંગલી રે લોલ |

| 29. બા મને નાની શી ઢીંગલી લાવી દે | 30. રમતાં રમતાં રે ઢીંગલી ખોવાણી.. |
|---|---|
| બા મને નાની શી ઢીંગલી લાવી દે<br>કે રંગે રૂપાળી<br><br>નાના નાના હાથ એના, નાના નાના પગા<br>આનંદે ડોલતી મને ઢીંગલી લાવી દે<br>કે રંગે રૂપાળી<br>બા મને નાની શી...<br><br>હું જેમ બોલાવું તેમ તે બોલતી મમ્મી-પપ્પા,<br>મમ્મી ને પપ્પા બોલતી ઢીંગલી લાવી દે<br>કે રંગે રૂપાળી<br>બા મને નાની શી...<br><br>હું જેમ ખવડાવું તેમ તે ખાતી<br>ખાતી ને પીતી મને ઢીંગલી લાવી દે<br>કે રંગે રૂપાળી ..<br>બા મને નાની શી...<br><br>હું જેમ નાચું તેમ તે નાચતી<br>નાચતી ને કૂદતી મને ઢીંગલી લાવી દે<br>કે રંગે રૂપાળી<br>બા મને નાની શી... | રમતાં રમતાં રે હે.. ઢીંગલી ખોવાણી .<br>રમવાના રસમાં રે, હે. ઢીંગલી ખોવાણી.<br><br>બજારમાં જાઉં ત્યારે સાથે લઇ ઘૂમતી ,<br>સખીઓ સંગાથે સાથ દઈ રમતી ..<br>ભૂલથી અજાણતાં રે ..... હે... ઢીંગલી ખોવાણી...<br>રમતાં રમતાં રે...<br><br>ઘરે જ્યાં જાઉં ત્યાં તો મમ્મી ધમકાવતી ,<br>પપ્પાની આંખો તો મુજને બીવડાવતી ,<br>અંધારી રાતમાં રે .. હે .. ઢીંગલી ખોવાણી ...<br>રમતાં રમતાં રે....<br><br>ઘરનાં ખૂણે -ખૂણે એને શોધતી ..<br>ગાદલાં તપાસીને ઓશીકાં ઉલાળતી ..<br>પેટીની પાછળ રે .. હે.. ઢીંગલી ખોવાણી...<br>રમતાં રમતાં રે.... |
| **31. આજ મારી ઢીંગલી મંદી પડી** | **32. હું તો લાવી મજાની ઢિંગલી** |
| માંદી પડી રે માંદી પડી, આજ મારી ઢીંગલી માંદી પડી<br>ખાધું નથી એણે પીધું નથી, આજ મારી ઢીંગલી માંદી પડી<br><br>બોલાવું ડૉક્ટર હમણાં ભઈ, શું થયું એને સમજ પડે કંઈ<br>જા જા જલદી કરજે ગાડી, ક્યાંયે ન થોભજે એકે ઘડી<br><br>ડૉક્ટર આવ્યા જોઈ નાડી, ગભરાશો ન જરી શરદી લાગી<br>કેવી મજા રે આપણે કરી, આ રે રમત રમશું કાલે ફરી | હું તો લાવી મજાની ઢિંગલી,<br>તેની આંખો કેવી પીંગળી... હું તો..<br><br>તેના હાથમાં કંકણ શોભે છે,<br>તેના પગમાં ઝાંઝર શોભે છે... હું તો...<br><br>તેના ભાલે ટીલડી શોભે છે,<br>તે તો ચણીયા ચોળી પહેરે છે<br>તેની માથે ચુંદડી લહેરે છે... હું તો<br><br>તેને ઘોડીયામાં સુવડાવું છું,<br>તેના હાલરડા હું ગાઉં છું..... હું તો. |

## 33. મમ્મી મારી ઢીંગલી બોલતી થઈ

મમ્મી મારી ઢીંગલી બોલતી થઈ,
પટ પટ અંગ્રેજી બોલતી થઈ.

સવારમાં એ 'ગુડ મોર્નિંગ' બોલતી
બપોરે 'ગુડ મૂન' કહીને બોલાવે,
રાતે એ 'ગુડ નાઈટ' કહેતી થઈ....મમ્મી

મમ્મી તને 'મધર' કહીને બોલાવે,
પપ્પાને 'ફાધર' કહીને બોલાવે,
મને એ 'સિસ્ટર' કહેતી થઈ....મમ્મી

શાળામાં ટીચરને 'સર' કહી બોલાવે,
મિત્રોને 'હાવ ડુ યુ કહીને બોલાવે,
વાતે વાતે 'વેરી ગુડ' કહેતી થઈ...મમ્મી

મહેમાન આવે ત્યારે 'વેલકમ' કહેતી,
મહેમાન જાય ત્યારે 'ગુડબાય' કહેતી,
ફોન પર 'હલ્લો કહેતી થઈ........મમ્મી

## 35. કોઇ પાળે ફૂરફૂરિયું તો કોઇ પાળે ગાય

કોઇ પાળે ફૂરફૂરિયું તો કોઇ પાળે ગાય
ભાઇ, ભાઇ, ભાઇ મેં તો ફુગ્ગો પાળેલ છે

ફુગ્ગામાંથી બને કબૂતર
ફુગ્ગામાંથી ચક્કો
ફુગ્ગામાંથી બનતો જોકર
એને માથે ટક્કો
દોરી બાંધી ઉડાડીએ તો અધ્ધર અધ્ધર જાય
કોઇ પાળે ફૂરફૂરિયું....

પપૂડા પર ફુગ્ગો બાંધું
તો વાજું થઇ જાય
પૈડા પર જોડું તો
મારી સાઇકલ સ્કૂટર થાય
ખિસ્સામાં મૂકું તો છાનોમાનો બેસી જાય
કોઇ પાળે ફૂરફૂરિયું

-રમેશ પારેખ

## 34. ઢીંગલી મેં તો બનાવી મજાની

ઢીંગલી મેં તો બનાવી મજાની
તૈયાર એને હવે કરવાની
ઢીંગલી મેં તો બનાવી મજાની
ઢીંગલી મેં તો બનાવી મજાની

એનું ઝબલું સીવડાવવા દરજી પાસે જાઉં
દરજીભાઈ, દરજીભાઈ ઝબલું સીવી દ્યો
લાલ પીળા ઓઢણામાં આભલાં જડી દ્યો...
ઢીંગલી મેં તો

એનાં ઝાંઝર બનાવવા સોની પાસે જાઉં
સોનીભાઈ, સોનીભાઈ ઝાંઝર બનાવી દ્યો
મોતીની માળા ને બંગડી ઘડી દ્યો..
.ઢીંગલી મેં તો

એની મોજડી સીવડાવવા મોચી પાસે જાઉં
મોચીભાઈ, મોચીભાઈ મોજડી સીવી દ્યો
લાલ લાલ મખમલની મોજડી સીવી દ્યો...
ઢીંગલી મેં તો

એને સુંદર બનાવવા મમ્મી પાસે જાઉં
મમ્મી, મમ્મી પાઉડર લગાવી દ્યો
આંખે આંજણ ગાલે લાલી લગાવી દ્યો...
ઢીંગલી મેં તો

એનો ગજરો ગૂંથાવવા માળી પાસે જાઉં
માળી દાદા, માળી દાદા ગજરો બનાવી દ્યો
મોગરા ગુલાબનો ગજરો બનાવી દ્યો..
.ઢીંગલી મેં તો

એને હોંશિયાર બનાવવા બેન પાસે જાઉં
બેન, ઓ બેન એને લખતાં શિખડાવી દ્યો
એક બે ત્રણ ચાર કરતાં શિખડાવી દ્યો...
ઢીંગલી મેં તો

## 36. મોટી પાંખો વાળા રે

મોટી પાંખો વાળા રે (૨) હંસલા કયાં ચાલ્યા
સરોવરિયાની પાળે રે અમે મોતી ચણવા ચાલ્યા

લાંબી ડોક વાળા રે (૨) બગલા, કયાં ચાલ્યા
રૂમઝૂમ નદીઓ નાચે રે અમે નદીએ નાહવા ચાલ્યા

મોટી આંખો વાળા રે (૨) હરણાં કયાં ચાલ્યા
વનવગડાની વાટે રે અમે ચારો ચરવાં ચાલ્યા

મોટી સૂંઢવાળા રે (૨) હાથીઓ ક્યાં ચાલ્યા
રણ શરણાઇઓ વાગે રે અમે લડાઇ કરવા ચાલ્યા

મોટી માળાવાળા રે (૨) જોગીડા કયાં ચાલ્યા
ભેખડોની ધારે રે અમે રામ ભજવા ચાલ્યા

## 37. દેને તું પાંખ મને તારી

દેને તું પાંખ મને તારી,
દેને તું પાંખ મને તારી;

ઉચે ઉંચે આભલામાં ચાંદાના તેજમાં; (૨)
ઓલ્યા તારલાની સાથે મારે રમવું (૨)...
દેને તું....

વગડાની વાટમાં ને ડુંગરાની ધારમાં;(૨)
પેલાં ફૂલડાંની સાથે મારે હસવું (૨)..
દેને તું..

નદીઓનાં નીર જોવાં, સાગરનાં પૂર જોવાં, (૨)
ઓલી વાદળીની સાથે મારે ફરવું (૨)..
દેને તું..

જોવા છે કોતરો ને જોવી છે કંદરા, (૨)
પેલા વાયરાની સાથે મારે ઉડવું (૨)..
દેને તું..

## 38. પંચરંગી પાંખ મને આપને

પંચરંગી પાંખ મને આપને પતંગિયા
ફૂલડે ફૂલડે મારે ફરવું છે

મીઠો ગહેકાટ મને આપને ઓ મોરલા
સીમ ભરી મારે ગહેકવું છે

ટહુકો મધુર મને આપને કોયલબેન
કંઠનાં કામણ મારે કરવાં છે

ચમકતા ચાંદલિયા તેજ મને આપને
જગને શીતળતા આપવી છે

સૂરજદાદા મને શીખવો પ્રકાશતા
દુનિયાને અંધારેથી દોરવી છે

## 39. આપો આપો બે સુંદર પાંખ મને

આપો આપો બે સુંદર પાંખ મને,
મારે પંખી ભમે તેમ ભમવું છે,
વન વાડી બગીચે રમવું છે.
આપો આપો બે...

મારે ઊંચેરા આભમાં ઊડવું છે,
પેલા તારલાની સંગે રમવું છે,
આપો આપો બે...

પેલાં ઝાડોની કુંજમાં છુપાવું છે,
મારે પંખીનું ગીતડું ગાવું છે,
આપો આપો બે..

હાથ ચાંદ-સૂરજને ધરવા છે,
મારે દીવા ગગનમાં ગણવા છે,
આપો આપો બે..

## 40 રંગબેરંગી રમકડાંની ગાડી આવી રે....

રંગબેરંગી રમકડાની ગાડી આવી રે
નાના-મોટા જોવા ચાલો શું શું લાવી રે

હાથી ઘોડા ઊંટ લાવી, ચકલી પોપટ મેના લાવી,
દડા સાથે બેટ લાવી,
બાબા માટે હેટ લાવી,
રીંછ લાવી, વાઘ લાવી, વાંદરા લાવી રે
રંગબેરંગી.....

છુકછુક કરતું એન્જિન લાવી,
પોમ પોમ કરતી મોટર લાવી,
ઉડતું વિમાન લાવી,
નાની મોટી સાઇકલ લાવી
ફુગ્ગાને ફરફરિયા સાથે મોર લાવી રે...
રંગબેરંગી.....

પીપુડા પિસ્તોલ લાવી,
નાનો એવો ઢોલ લાવી,
ફરવાને ચકડોળ લાવી,
બેન માટે ડોલ લાવી,
નાની મોટી ઢીંગલીઓને સીટી લાવી રે
રંગબેરંગી.....

ઘંટી ને ઘડિયાળ લાવી,
નાનેરુ શિયાળ લાવી,
ગાયને ગધેડું લાવી,
પાણી ભરવા બેડુ લાવી,
પાવા સાથે પારણું લાવી, પંખા લાવી રે
રંગબેરંગી.....

કાગળના તો ફૂલો લાવી,
નાનો એવો ચૂલો લાવી,
લાકડાનું ફાનસ લાવી,
નાનો એવો માણસ લાવી,
બતક લાવી, બગલા લાવી, હંસ લાવી રે
રંગબેરંગી.....

## 41. આવ્યો આવ્યો રમકડાંવાળો

આવ્યો આવ્યો રમકડાંવાળો,
કે લઈ લ્યો, લઈ લ્યો રમકડાં;

આજ લારી ભરીને લાવ્યો,
કે લઈ લ્યો, લઈ લ્યો રમકડાં
...આવ્યો.

ઉડતા ઘોડાને ઝૂલતા હાથી,
લઈ લ્યો પિસ્તોલ એક સંકટનો સાથી;
ઢિસુમ્......ઢિસુમ્......ઢિસુમ્
...આવ્યો.

ગાતું બુલબુલને નાચતી ઢીંગલી,
આંખો પલકાવે છે કેવી એ પીંગળી;
પટ..પટ..પટ..પટ..પટ..પટ
...આવ્યો.

સૂતેલા પપ્પાને જલદી જગાડો,
પિપૂડાં વાજાંને ઢોલકાં વગાડો;
પીપ..પીપ..પીપ..ઢમ..ઢમ..ઢમ
...આવ્યો

## 42. રમકડાં લ્યો રમકડાં

રમકડાં લ્યો રમકડાં...
જાત જાતના લ્યો રમકડાં

નાનાંને મોટાં ચાવીથી ચાલતાં (૨)
પાણીમાં તરતાં-રમકડાં
જાત જાતનાં લ્યો રમકડાં
રમકડાં લ્યો રમકડાં...

સાયકલને મોટર ચાવીથી ચાલે (૨)
પાટા ઉપર સીધી આગગાડી દોડે (૨)
એન્જિનમાં નીકળે ધૂમાડા
જાત જાતનાં લ્યો રમકડાં
રમકડાં લ્યો રમકડાં...

નાની ને મોટી ઢીંગલી રે લેજો (૨)
રિવાબેનને માટે ઘૂઘરો રે લેજો (૨)
ભાઇને વગાડવા વાજા રે
જાત જાતનાં લ્યો રમકડાં
રમકડાં લ્યો રમકડાં...

## 43. પેલા મોરલાને જોઈને...

પેલાં મોરલાને જોઈ મને થાય
એનાં જેવું જો રૂપ મળી જાય,
બસ નાચ્યા કરું , બસ નાચ્યા કરું .

પેલાં વાદળાંને જોઈ મને થાય.
એનાં જેવું જો રૂપ મળી જાય ..
બસ વરસ્યા કરું , બસ વરસ્યાં કરું ..

પેલી કોયલને જોઈ મને થાય
એના જેવો જો કંઠ મળી જાય....
બસ ગાયાં કરું ,બસ ગાયાં કરું .

પેલી ચકલી ને જોઈ મને થાય
એના જેવી જો પાંખ મળી જાય..
બસ ઉડ્યા કરું , બસ ઉડ્યા કરું ..

પેલી પરી ને જોઈ મને થાય ..
એના જેવું જો રૂપ મળી જાય ..
મોજ માણ્યા કરું , મોજ માણ્યા કરું .

## 44. પેલા નાચંતા મોરલાને કહી દો.

પેલા નાચંતા મોરલાને કહી દો.
પેલા થનગનતા મોરલાને કહી દો.
હો.... અમે નાચવાને તારી સંગ આવશું.(૨)

સૌને સત્કારવા તું દેજે રંગ તારો,
જીવન મહેકાવવા તે દેજે રંગ તારો,
પેલા આભ તણા ચાંદલાને કહી દો,
હો...અમે ઘૂમવાને તારી સંગ આવશું..(૨)

શીતળતા ભસે તું મારા જીવનમાં,
સુખ દુઃખમાં રહેવાનું સાથે શીખવજે,
પેલા બાગ તણા ફૂલડાને કહી દો,
હો... અમે રમવાને તારી સંગ આવશું...(૨)

વાર્તા સાંભળવી મારે ગીતો સાંભળવા,
કોઇ મને રોકોમાં નિશાળે જતા,
પેલા સ્કૂલ તથા બાળકોને કહી દો,
હો.... અમે ભણવાને તારી સંગ આવશું.(૨)
પેલાનાચંતા મોરલાને કહી દો...

## 45. મારા ઘરના આંગણિયે મોરલો રમે

મારા ઘરના આંગણિયે મોરલો રમે,
એનાં પીંછાંમાં રંગ,
એનાં સુંદર સૌ અંગ,
એ તો ઊડતો ને નાચતો સૌને ગમે.

મારા આંબાની ડાળમાં કોયલ રમે,
એનો કાળો છે વાન,
એનાં મીઠાં છે ગાન,
એ તો ઊડતી ને ટહુકતી સૌને ગમે.

મારા ઘરના આંગણિયે ગૌરી રમે,
એ તો ભોળી છે ગાય,
એની ધોળી છે કાય,
એ તો ફરતી ને ચરતી સૌને ગમે.

## 46. મોરલા રે.... મોરલા રે....

મોરલા રે.... મોરલા રે.... (૨)

તારા પીંછાનો મેં તો વીંઝણો બનાવ્યો - ૨
રંગબેરંગી વીંઝણાને સોને રે મઢાવ્યો
મોરલા રે...
.

ઈ રે વીંઝણામાં મેં તો ધૂઘરીઓ ટંકાવી- ૨
જાવું રે મંદિરિયે ઘૂઘરીઓ રણકાવી
મોરલા રે....

ઇ રે વીંઝણામાં મેં તો તારલીયા ટમકાવ્યા- ૨
ધીરે ધીરે પ્રભુજીને વીંઝણો ઢોળાવ્યો
મોરલા રે....

આછા આછા દિવાડિયાના તેજે ચમકાવ્યો- ૨
ગોળ ગોળ ઘૂમતા ઘૂમતા ઝુલણીયે ઝુલાવ્યો
મોરલા રે....

## 47. મોરલા રે આવી જાજે હો

મોરલા રે આવી જાજે હો
મોરલા રે આવી જાજે હો,
આંગણ અમારાં ગજાવી જાજે હો
મોરલા રે...

વાળી ચોળીને રૂડો ચોક મેં સજાવ્યો,
પગલાં તે સુંદર પાડી જાજે હો
મોરલા રે...

લીલી પેલી ચંપાની કુંજમાં,
રંગીલું નૃત્ય શીખવાડી જાજે હો
મોરલા રે...

ગાજે મેહુલિયો ને ચમકે વીજલડી,
મીઠો તે ટહૂકો સુણાવી જાજે હો
મોરલા રે...

કાળી કાળી વાદળીમાં ટપ ટપ ટપકે,
હૈયાં અમારાં ભીંજવી જાજે હા
મોરલા રે

## 48. મારો છે મોર

મારો છે મોર, મારો છે મોર,
મોતી ચરંતો મારો છે મોર.

મારી છે ઢેલ, મારી છે ઢેલ,
મોતી ચરંતી મારી છે ઢેલ.

મારો છે મોર, મારો છે મોર,
માળામાં બેસનાર મારો છે મોર.

મારી છે ઢેલ, મારી છે ઢેલ,
ડાળી પર બેસનાર મારી છે ઢેલ.

મારો છે મોર, મારો છે મોર,
રાજાનો માનીતો મારો છે મોર.

મારી છે ઢેલ, મારી છે ઢેલ,
રાણીની માનીતી મારી છે ઢેલ.

બોલે છે મોર, બોલે છે મોર,
સોનાને ટોડલે, બોલે છે મોર.

બોલે છે ઢેલ, બોલે છે ઢેલ,
રૂપાને બારણે, બોલે છે ઢેલ.

## 49. હું રે માંગુ ઓ રંગીલા મોરલા

હું રે માગુ ઓ રંગીલા મોરલા,
સોનેરી ચાંચ મને દે ને

હું રે માગુ ઓ રૂડાં પતંગિયાં,
રંગેલી પાંખ મને દે ને !

હું રે માગુ ઓ ધોળાં ધોળાં પારેવાં,
રાંતેરી આંખ મને દે ને !

હું રે માગુ ઓ કાળી કાયલડી,
મીઠડો કંઠ મને દેજે !

હું રે માગુ ઓ ગોરી ગાવલડી,
મીઠું મીઠું દૂધ અને દે ને !

હું રે માગુ ઓ અષાઢી મેહુલા,
મેઘધનુષ્ય રંગ મને દે ને !

## 50. મોરલા મજા પડે !

મારી વાડીમાં રમવા આવ, મોરલા મજા પડે !
સાથે બાળ બચ્ચાંને તું લાવ, મોરલા મજા પડે!

મીઠાં મીઠાં ફળ બહુ થાય, મોરલા મજા પડે !
તારાં બચ્ચાં ફળ બહુ ખાય, મોરલા મજા પડે !

ઊંચા ઊંચા ઝાડ છે, મોરલા મજા પડે !
એની આજુ બાજુ પહાડ છે, મોરલા મજા પડે !

થનક થનક નાચ તું, મોરલા મજા પડે !
મન તારી સંગે નાચતું, મોરલા મજા પડે !

તારો ટહૂકો સંભળાવ બધે, મોરલા મજા પડે !
મારી વાડીનાં ભાગ્ય વધે, મોરલા મજા પડે !

તારી પીંછી પ્રભુને ગમે, મોરલા મા પડે !
મારી વાડીમાં તું બહુ રમે, મોરલા મજા પડે !

**51. નાચો મારા મોરલા....**

નાચો મારા મોરલા....
નાચો મારા મોરલા...
છમ છમા છમ છમ....
છમ છમા છમ છમ...

સોનેરી કલગી
મીઠું મીઠું મલકે
નાચો મારા મોરલા...

આભે ચડ્યા વાદળા
મોરે કીધી કળા
નાચો મારા મોરલા...

રંગબેરંગી પીછા તારા
ભૂરી ભૂરી પાંખ છે
નાચો મારા મોરલા...

**52. મોરલો કેવો રૂપાળો**

કેવો રૂપાળો દેખાય, મોરલો કેવો રૂપાળો

પાંખ વતી ઊડતો ને આભમાંથી આવતો
ઝટ ઝટ ચણવા જાય
મોરલો...

ભૂરી ભૂરી ડોક ને પંચરંગી પીંછડાં
માથાની કલગી સોહાય
મોરલો...

થનગન નાચતો ને મોર કળા પૂરતો
પકડું તોયે ના પકડાય
મોરલો...

**53. કેવા મજાના દેખાય છોકરા**

કેવા મજાના દેખાય છોકરા કેવા મજાના
પહેલા ધોરણના કહેવાય છોકરા કેવા મજાના

શાળાએ આવતા ભોળા બાલુડા
હાથમાં દફતર સોહાય છોકરા કેવા મજાના

લાઈનમાં બેસતા, એક સાથે બોલતા
બાલુડા બાળગીત ગાય છોકરા કેવા મજાના

ભોળા બાલુડાના બાગ મે બનાવ્યા
માળી થાવાનું મન થાય છોકરા કેવા મજાના

કાલી કાલી બોલી એની વ્હાલી મને લાગતી
બોલે જાણે ફૂલો વેરાય છોકરા કેવા મજાના

આપો આશિષ મારા ભોળા બાલુડાને
જ્ઞાનની જ્યોતિ પ્રગટાય છોકરા કેવા મજાના

**54. ઊગી સોહામણી સવાર, આવો કબૂતરાં**

ઊગી સોહામણી સવાર, આવો કબૂતરાં,
આંગણે મેં નાખી જુવાર, આવો કબૂતરાં.

રત્નજડી આંખડી, ભૂરી ભૂરી પાંખડી,
શોભી રહ્યા છો અપાર, આવો કબૂતરાં....ઊગી

બીશો મા, ઉડશો મા, ભોળા કબૂતરાં,
આવો સૌ કરીએ વિહાર, આવો કબૂતરાં...ઊગી

જુદા નથી આપણે, બાંધ્યા પ્રેમ તાંતણે,
એક પિતાનો પરિવાર, આવો કબૂતરાં....ઊગી

## 55. બાબલો કેવો રૂપાળો

કેવો રૂપાળો દેખાય બાબલો કેવો રૂપાળો
કેવો રૂપાળો દેખાય બાબલો કેવો રૂપાળો

ગોરા ગોરા ગાલ અને સોનેરી વાળ છે
મુખડુ આ કેવું સોહાય....બાબલો કેવો રૂપાળો

થનગન નાચતો ને તાળી પાડી હસતો
આમતેમ ફરતો જાય...બાબલો કેવો રૂપાળો

ઘૂંટણભેર ચાલતો ને પાછું વળી જોતો
પકડું તોયે ના પકડાય...બાબલો કેવો રૂપાળો

ડુંગર પર ચાલતો ને ધરતી ધ્રુજાવતો
વાંકડિયા વાળે સોહાય... બાબલો કેવો રૂપાળો
વાંકડિયા વાળ એ તો હાય

## 56. બોર આ કેવા મઝાનાં

કેવા મઝાનાં દેખાય બોર આ કેવા મઝાનાં

ટાઢ ખુબ આવતાં
બોર ખૂબ પાકતાં
સૌને ખાવાનું મન થાય..
બોર૨૦

પથ્થર ફેંકતા
બોર નીચે આવતાં,
એ તો ખીસ્સામાં ભરાય.
બોર૨૦

ખીસ્સામાં ભરતાં
ઘેર દોડી આવતાં,
બોરની લહાણી કરાય..
બોર૨૦

## 57. કેવું મજાનું દેખાય ગલુડિયું

કેવું મજાનું દેખાય ગલુડિયું કેવું મજાનું
શેરીમાં દોડી દોડી જાય ગલુડિયું કેવું મજાનું
કેવું મજાનું દેખાય....

મારું ગલુડિયુ નાચતું ને કૂદતું
સોને હસાવતું જાય ગલુડિયું કેવું મજાનું
કેવું મજાનું દેખાય...

મારું ગલુડિયું ખાતું ને પીતું
પૂંછડી પટાવતું જાય ગલુડિયું કેવું મજાનું
કેવું મજાનું દેખાય...

મારું ગલુડિયું નામ છે મોતી
સાનમાં સમજી જાય ગલુડિયું કેવું મજાનું
કેવું મજાનું દેખાય...

## 58. બહેન મારી કેવી મજાની

કેવી મજાની દેખાય
બહેન મારી કેવી મજાની

માથું ઓળાવતી, ફૂમતું નંખાવતી
સૌને હસાવતી જાય...
બહેન મારી કેવી...

દૂધ- રોજ પીતી,મમ-મમ માંગતી
ચોકલેટ રોજ રોજ ખાય...
બહેન મારી કેવી..

છમ છમ નાચતી, ધબ પડી જાતી
તેડુ તો છાની રહી જાય...
બહેન મારી કેવી..

ઉંદર ને જોઈને બીક એને લાગતી
હાલા ગાઉં તો સૂઈ જાય...
બહેન મારી કેવી..

| | |
|---|---|
| **59. <u>કુલડા કેવા રૂપાળા</u>**<br><br>કેવા રૂપાળા દેખાય કુલડા કેવા રૂપાળા<br>દેખને હૈયું હરખાય કુલડા કેવા રૂપાળા<br><br>બાગમાં શોભતા સુંદર સોહામણા<br>દેખીને હૈયું હરખાય... કુલડા કેવા રૂપાળા<br><br>ડાળીએ ડાળીએ પાંદડે પાંદડે<br>કુલડા રંગીલા દેખાય... કુલડા કેવા રૂપાળા<br><br>જૂઈ ચંપોને મોગરાના ફૂલ છે<br>કરેણ ગુલાબ સોહાય ...કુલડા કેવા રૂપાળા<br><br>વેણી ગજરા ને કુલહાર બનતા<br>દેવમંદિરમાં મુકાય...કુલડા કેવા રૂપાળા<br><br>સુંદર સોહામણા ને હૈયે હરખામણાં<br>મનથી કદી ના ભુલાય..કુલડા કેવા રૂપાળા | **60. <u>ફૂલડાં લ્યો કોઈ ફૂલડાં લ્યો</u>**<br><br>ફૂલડાં લ્યો કોઈ ફૂલડાં લ્યો,<br>આવી છું માલણ ફૂલવાળી.<br><br>વહેલી સવારે ફૂલડાં ચૂટેલા<br>જૂઈની વેણીને ગજરા ગૂંથેલા<br>સોનેરી સોનકળી રૂપાળી......... આવી છું<br><br>કેસરી ગોટાને ડોલરનો હાર છે,<br>ચંપાના ફુલની જાતો બે ચાર છે;<br>મોગરાની કળીઓ સુંવાળી........ આવી છું<br><br>સુગંધી ફૂલોની છાબડી ભરેલી,<br>ઝીણી બકુલમાં સુગંધ ભરેલી;<br>બાલુડા લઈ લ્યો ફૂલ ભારી.......આવી છું<br><br>ગુલાબ લાવી છું ફૂલનો રાજા;<br>લાલને પીળાં છે જોઈ લ્યો તાજાં;<br>ભરી લ્યો ફૂલની રંગથાળી....... આવી છું |
| **61. <u>અમે આજ ભરી'તી ફૂલદાની</u>**<br><br>અમે આજ ભરી'તી ફૂલદાની<br><br>કેવી રૂડી રૂપાળી ફૂલદાની<br>......અમે આજ ભરી'તી ફૂલદાની<br><br>ગુલાબ મુક્યા, ડોલર મુક્યા<br>મુક્યા ચંપોને ચમેલી<br>......અમે આજ ભરી'તી ફૂલદાની<br><br>કરેણ પરિજાતક મુક્યા<br>બોરસલી તો ફૂલરાણી<br>......અમે આજ ભરી'તી ફૂલદાની<br><br>લીલી ડાળખીઓને રંગીન ફૂલડા<br>કેવી શોભે છે ફૂલદાની<br>......અમે આજ ભરી'તી ફૂલદાની | **62. <u>શાને આ રંગ જુદા જુદા</u>**<br><br>શાને આ રંગ જુદા જુદા<br>શાને આ રંગ જુદા જુદા<br><br>નિત નિત ખીલતા ફૂલડાં નવરંગી<br>ઓલી ધરતીના રંગ જુદા જુદા.... શાને આ<br><br>ચાંદાનો રંગ જુદો,<br>સૂરજનો રંગ જુદો<br>ઓલા આભલાના રંગ જુદા જુદા....શાને<br><br>કોયલનો કંઠ કાળો<br>રંગ છે સોહામણો<br>ઓલા મોરલાના રંગ જુદા જુદા...શાને.<br><br>દુનિયાને રંગનાર કેવો રંગીલો<br>જેણે ઢોલ્યા છે રંગ જુદા જુદા....શાને |

## 63. ધીંકા તીકા... ધીંકા તીકા...

ધીંકા તીકા, ધીંકા તીકા ધીંકા તીકા તા...

ઓ પતંગિયા... ઓ પતંગિયા...
તું શીખવી જા મને ઊડવાનું...(૨)
ધીંકા તીકા, ધીંકા તીકા ધીંકા તીકા તા...

ઓ કોયલબેન... ઓ કોયલબેન...
તું શીખવી જા મને ગાવાનું...(૨)
ધીંકા તીકા, ધીંકા તીકા ધીંકા તીકા તા...

ઓ માછલીબેન.., ઓ માછલીબેન...
તું શીખવી જા મને તરવાનું...(૨)
ધીંકા તીકા, ધીંકા તીકા ધીંકા તીકા તા...

ઓ પોપટભાઈ... ઓ પોપટભાઈ...
તું શીખવી જા મને બોલવાનું...(૨)
ધીંકા તીકા, ધીંકા તીકા ધીંકા તીકા તા...

ઓ મયુરભાઈ.., ઓ મયુરભાઈ...
તું શીખવી જા મને નાચવાનું...(૨)
ધીંકા તીકા, ધીંકા તીકા ધીંકા તીકા તા...

## 64. પતંગિયું રૂપાળું .....

ફૂલડે ફૂલડે ફરતું હું તો ,
પતંગિયું રૂપાળું ....

રંગ ભરી છે પાંખો મારી ,
જાદુ ભરી છે, આંખો મારી ...
ફૂલડે ફૂલડે....

નાનો બાબો , નાની બેબી ,
મને પકડવાં આવે દોડી ....
ફૂલડે ફૂલડે ....

રંગ સુગંધે નાચું -કૂદું ,
રંગને કાજે માથું મૂકું
ફૂલડે ફૂલડે .....

## 65. રંગીલા રંગીલા રંગીલા પતંગિયા..

રંગીલા રંગીલા રંગીલા પતંગિયા..
આહાહા... આહાહા... રંગીલા પતંગિયા.

ફૂલડે ફૂલડે આમતેમ દોડતાં,
આકાશે ઊડતા ને હાથમાં ન આવતાં.
મન મારુ મોહી લેતા રંગીલા પતંગિયા...
આહાહા... આહાહા... રંગીલા પતંગિયા.

બાળકો બાગમાં રમવાને આવતાં,
દોડતાં દોડતાં અમને થકાવતાં.
મન મારુ મોહી લેતા રંગીલા પતંગિયા...
આહાહા... આહાહા... રંગીલા પતંગિયા.

## 66. પતંગિયાને આંગળી અડાડશો ના ભાઈ!

પતંગિયાને આંગળી અડાડશો ના ભાઈ!
પતંગિયાને આંગળી અડાડશો ના ભાઈ!

નર્યું નાજુક છે એ નાનું,
મીઠડું મીઠડું અને મજાનું
અડવા જશો ના લલચાઈ! પતંગિયાને...

ભલી ભોળી છે શી આંખ!
રંગ રંગ રૂપાળી પાંખ!
રૂડા રંગોની છાંટ કેવી છવાઈ! પતંગિયાને...

ફૂલોથી ફૂલે ફરી ફરીને,
બેઠું જો ને, જરા ઠરીને.
જોયા કરો ધરાઈ ધરાઈ! પતંગિયાને...

| | |
|---|---|
| **67. અમે નાના નાના હરણા**<br><br>અમે નાના નાના હરણા (૪)<br>ઠુમક ઠુમક ઠુમ ચાલ અમારી (૨)<br>ખાતા કુણા તરણા (3)<br>અમે નાના-<br><br>કોઈ પકડવા આવે ત્યારે (૨)<br>કુદી જાતા ઝરણા (૨)<br>અમે નાના-<br><br>કોક'દિ ડુંગર પછવાડે જઈ (૨)<br>હળી મળીને રમતા (૨)<br>અમે નાના | **68. ધોળા ધોળા સસલા…**<br><br>ધોળા ધોળા સસલા તમે કયાં ચાલ્યા? (૨)<br>અમે જંગલ તરફ જઈએ… (૨)<br>અમે કુણા તરુણા વીણી ખાઈએ… (૨)<br>એવા ધોળા ધોળા અમે સસલા રે છીએ…(૨)<br><br>ધોળા ધોળા બગલા તમે કયાં ચાલ્યા? (૨)<br>અમે તળાવ કાંઠે જઈએ… (૨)<br>ઝટપટ માછલાં વીણી લઈએ… (૨)<br>એવા ધોળા ધોળા અમે બગલા રે છીએ…(૨)<br><br>ધોળા ધોળા હંસલા તમે કયાં ચાલ્યા? (૨)<br>અમે માન સરોવર જઈએ… (૨)<br>સાચા મોતી ચણી લઈએ… (૨)<br>એવા ધોળા ધોળા અમે બગલા રે છીએ…(૨)<br><br>એવા ધોળા ધોળા અમે પક્ષીઓ છીએ… |
| **69. ટીકટીક ટીકટીક ચાલે સસલાં**<br><br>ટીકટીક ટીકટીક ચાલે સસલાં<br>વ્હાલાં વ્હાલાં લાગે એ તો નાના સસલાં<br><br>ફૂણાં તરણાં ખાતાં રે, દોડી દોડી જાતાં રે<br>ડગમગ ડગમગ જોતાં રે કેવાં સસલાં<br>વ્હાલાં વ્હાલાં લાગે એ તો નાના સસલાં<br><br>ટીકટીક ટીકટીક ચાલે સસલાં<br>વ્હાલાં વ્હાલાં લાગે એ તો નાના સસલાં<br><br>રેશમ જેવા સુંવાળા, ગોરા ગોરા રૂપાળા<br>ધીમે ફૂદકાં મારે રે નાના સસલાં<br>વ્હાલાં વ્હાલાં લાગે એ તો નાના સસલાં<br><br>ટીકટીક ટીકટીક ચાલે સસલાં<br>વ્હાલાં વ્હાલાં લાગે એ તો નાના સસલાં<br><br>ધીંગામસ્તી કરતાં રે, બાથંબાથી કરતાં રે<br>રમ્મત ગમ્મત કરતાં રે નાના સસલાં<br>વ્હાલાં વ્હાલાં લાગે એ તો નાના સસલાં<br><br>ટીકટીક ટીકટીક ચાલે સસલાં<br>વ્હાલાં વ્હાલાં લાગે એ તો નાના સસલાં | **70. રુમઝુમ રુમઝુમ દોડે સસલાં**<br><br>રુમઝુમ રુમઝુમ રુમઝુમ રુમઝુમ દોડે સસલાં,<br>દોડે સસલાં …(૨)<br>એ રૂપાળાં રૂપાળાં,<br>એ લાગે સૌને વ્હાલાં …<br>લાલ-લાલ ઝીણી આંખો જાણે મોતી દાણા….<br><br>થનગન થનગન થનગન થનગન, નાચે મોરલા,<br>નાચે મોરલાં<br>એ રૂપાળાં રૂપાળાં ..<br>એ લાગે સૌને વ્હાલાં …<br>ટેહુક –ટેહુક બોલે ત્યારે વરસે મેઘધારા….<br><br>રૂમઝુમ રુમઝુમ રુમઝુમ રુમઝુમ દોડે હરણાં<br>દોડે હરણાં…<br>એ રૂપાળાં રૂપાળાં ..<br>એ લાગે સૌને વ્હાલાં..<br>વનવગડામાં ધૂમે ત્યારે લાગે વનના રાજા… |

| | |
|---|---|
| **71. કોયલ કૂ કૂ ગાય**<br><br>કોયલ કૂ કૂ ગાય, મને ગાવાનું મન થાય<br>ગાવાનું હું શરૂ કરું ત્યાં, પપ્પા મારા ખીજાય<br><br>ચકલી ચણ ચણ ખાય, મને ખાવાનું મન થાય<br>ખાવાનું હું શરૂ કરું ત્યાં, મમ્મી મારી ખીજાય<br><br>ઉડતું પતંગિયું જોઈ, મને ઉડવાનું મન મન થાય<br>ઉડવાનું હું શરૂ કરું ત્યાં, નીચે પડી જવાય<br><br>પથારીએ સુતાં , મને કઈ કઈ વિચાર થાય<br>સુવાનું હું શરૂ કરું ત્યાં, સપને સરી જવાય<br><br>મારી ઇચ્છા પૂરી થાય, મને ગમતું બધું જ થાય<br>ગાવાનું હુ શરું કરું ત્યાં સૌ કોઈ રાજી થાય<br><br>-ચંપકભાઈ ટી. સોની | **72. બા પેલા બાગમાં દોડી દોડી જાઉં**<br><br>બા પેલા બાગમાં દોડી દોડી જાઉં (૨)<br>નાના છોડવાને પાણી પાઉં પાઉં પાઉં<br>બા પેલા બાગમાં....<br><br>આંબાની ડાળે ટહુકે કોયલડી (૨)<br>કોયલની સાથી ગાઉં ગાઉં ગાઉં<br>બા પેલા બાગમાં....<br><br>વડલાની ડાળે બાંધ્યો છે હિંચકો (૨)<br>હિંચકે હિંચકા ખાઉં ખાઉં ખાઉં<br>બા પેલા બાગમાં....<br><br>છોડવે છોડવે ઊડે પતંગિયા (૨)<br>હું તો એને પકડવા જાઉં જાઉં જાઉં<br>બા પેલા બાગમાં...<br><br>હરિયાળી બાગમાં નાચે છે મોરલો (૨)<br>મોરલો બોલે મેં આઉં આઉં આઉં<br>બા પેલા બાગમાં..... |
| **73. કાબરબેન કલબલિયાં**<br><br>કલબલિયાં કાંઈ કલબલિયા (૨) કાબરબેન<br>કલબલિયાં<br>ડાળે ડાળે કૂદતાં ફરતાં કાબરબેન કલબલિયાં...<br><br>માળો બાંધે ભીતમાં ને છાપરાની નીચે<br>માથાને ડોલાવતાં ને આંખો કેવી નીચે<br>જાત જાતનાં અવાજ કરતાં કાબરબેન કલબલિયાં...<br><br>આંખે પીળી કોર છે ને પગ તેના પીળા<br>પીળા રંગની ચાંચ છે ને ખૂબ છે મોજીલાં<br>ઉડે ત્યારે અવાજ કરતાં કાબરબેન કલબલિયાં..<br><br>જંપે ત્યારે જોડે બેસી કટ કટ કેવું બોલે<br>વડલાના ટેટાઓ ખાતા ડાળે બેસી ડોલે<br>વહેલાં જાગે કલબલ કરતાં કાબરબેન કલબલિયાં.... | **74. તને ચકલી બોલાવે**<br><br>તને ચકલી બોલાવે, તને પોપટ બોલાવે<br>તને બોલાવે કુતરૂં કાળું<br>ઓલી વાંકી પૂછડીવાળું<br>ઓલી વાંકી પૂછડીવાળું<br><br>નાના નાના ચાર ગલુડિયાં આવે છાના માના<br>એક હતું ધોળું બીજું હતું કાળું<br>ત્રીજું રંગે લાલ ને ચોથું ધાબાવાળું<br><br>તને ચકલી બોલાવે, તને પોપટ બોલાવે<br>તને બોલાવે કુતરૂં કાળું<br>ઓલી વાંકી પૂછડીવાળું<br>ઓલી વાંકી પૂછડીવાળું<br><br>દડબડ દડબડ દોડી આવે ભૂલકાઓનું ટોળું<br>એક કહે આ મારું બીજો કહે આ મારું<br>ત્રીજો રમાડે રૂપાળું ને સૌને હુ પંપાળું<br><br>તને ચકલી બોલાવે, તને પોપટ બોલાવે<br>તને બોલાવે કુતરૂં કાળું<br>ઓલી વાંકી પૂછડીવાળું<br>ઓલી વાંકી પૂછડીવાળું |

## 75. <u>ચકલીબાઈએ માળા બાંધ્યા</u>

પેલા ચકલીબાઈએ માળા બાંધ્યા ઢંગા વગરના
પેલા દરજીડાને સુગરીબાઈના કેવા મજાના
પેલા ચકલીબાઈએ.....

ઝાડે ખિસકોલીએ માળા બાંધ્યા રૂ ના રેસાના
કાબર કબૂતરને ઘૂવડ વળી કાગડા કોયલના
પેલા ચકલીબાઈએ.....

પેલા ઉંદરભાઈએ દર ખોદ્યા કેવા મજાના
સાપે પેસી જઈને રાફડા કર્યા હક વગરના
પેલા ચકલીબાઈએ.....

કીડી મકોડીએ દરના કર્યા નગર મજાના
પેલા વાંદરાભાઈ તો રખડ્યા કરે ઘર વગરના
પેલા ચકલીબાઈએ.....

## 76. <u>ચકલી તે ચાંચ મહીં...</u>

ચકલી તે ચાંચ મહીં લાવી તણખલું,
નીડ એને બાંધવા દઈશ.
કાગડો લાવ્યો છે પૂરીનું બટકું,
નિરાંતે ખાવા હું દઈશ.

નાની આ બાલદી, પાણી ભરેલ છે,
કાબરને ના'વા હું દઈશ.
પેલી અટારીએ બેસે જે પોપટો,
મીઠું -મીઠું બોલવાનું કહીશ.

ગાદલું પડ્યું છે આ હોળા પલંગમાં,
બિલ્લીને પોઢવા હું દઈશ.
મારી સંગાથ પેલા ડાઘિયાને તેડીને,
બાગ મહીં ફરવાને જઈશ.

મારા જો આંગણામાં ગાવલડી આવશે,
મમ્મીની લાડુડી દઈશ.
કોઈ રે મદારી જે રીંછ લઈ આવશે,
પપ્પાની પાવલી હું દઈશ.

## 77. <u>ટીન્કુબેન</u>

ચકલીનું એક બચ્ચું નાનું ટીન્કુ એનું નામ
ધમાચકડી ધીંગામસ્તી એ બસ એનું કામ

એક દિવસ આ ટીન્કુબેને જીદ ઉડવાની કીધી
હેતથી મમ્મીએ એને ખોળામાં લઇ લીધી

મમ્મી બોલી બેટા ટીન્કુ તું હજી છે નાની
મોટા થઈને ઉડવાનું આખી દુનિયા જોવાની

ટીન્કુબેન કંઈ મમ્મીની આ વાત ઓછા માને ?
ના હોય મમી ત્યારે ઉડતા શીખે છાને છાને

એક સવારે ટીન્કુબેન તો ડાળી ઉપર બેઠા
ઉડવાની જ્યાં કોશિશ કિધી ત્યાં તો આવ્યા હેઠા

આ જોયું ને કિંજલબેને લેસન પડતું મુક્યું
ચકલીના બચ્ચાને લઇને માળામાં જઈ મુક્યું

-ડી. પી પરમાર

## 78. <u>મારા બારણાને ટોડલે ચકલી રમે</u>

મારા બારણાને ટોડલે ચકલી રમે,
એની ઝીણી ઝીણી આંખ,
એની નાની નાની પાંખ,
એ તો રમતી ને ઊડતી સૌને ગમે.

મારા ફળિયાને લીમડે પોપટ રમે,
એની ગોળ ગોળ આંખ,
એની લીલી લીલી પાંખ,
એ તો બોલતો ને ઊડતો સૌને ગમે.

મારા ઘરને તે આંગણે વાછરું રમે,
એના સુંવાળા વાળ,
એની થનગનતી ચાલ,
એ તો નાચતું ને કૂદતું સૌને ગમે.

મારી નાનકડી બેન મારા ઘરમાં રમે,
એની કાલી કાલી બોલી,
એની આંખ ભોળી ભોળી,
એ તો રમતી ને હસતી સૌને ગમે.

## 79. ચકીબેન ચકીબેન

ચકીબેન ચકીબેન
મારી સાથે રમવા આવશો કે નહિ, આવશો કે નહિ

બેસવાને ખાટલો . સુવાને પાટલો
ઓઢવાને પીંછાં આપીશ તને, આપીશ તને

ચકીબેન ચકીબેન
પહેરવાને સાડી, મોરપીંછાંવાળી
ઘમરિયો ઘાઘરો આપીશ તને, આપીશ તને

ચકીબેન ચકીબેન
ચક ચક અવાજે ચીં ચીં કરજે
ચણવાને દાણા આપીશ તને, આપીશ તને

ચકીબેન ચકીબેન
બા નહિ લડશે, બાપુ નહિ લડશે
નાનો બાબો તને ઝાલશે નહિ, ઝાલશે નહિ

## 80. એક ચકલો ને ચકલી આવે...

એક ચકલો ને ચકલી આવે... (૨)
કરવાને ઘરમાં માળો... (૨)
ચકચક કરતાં.. ફરરર ફરતાં... (૨)
પજવે આખો દહાડો.
એક ચકલો ને..

ઘાસ તણખલાં લાગે ક્યાંથી, ક્યાંથી લાવે રૂ... (૨)
વાળી-વાળી થાકું હું તો.. (૨)
કહો પછી શું કરું... (૨)
એક ચકલો ને...

મમ્મી કહે એને મારો પપ્પા કહે એને કાઢો... (૨)
ચરકી... ચરકી ઘર આખામાં... (૨)
કરતાં ઘણો બગાડો... (૨)
એક ચકલો ને.

કાઢી મૂકું ચકલાને તો ચકલી રોઈ પડશે.... (૨)
પાંખ વિનાનાં બચ્ચાં નાનાં - કહો પછી શું કરશે ?
એક ચકલો ને..

એક ચકલોને ચકલી આવે (૨)
કરવાને ઘરમાં માળો (૨)
ચક ચક કરતાં ફરર ફરતાં -
હવે ગજવે આખો દહાડો...
એક ચકલો ને...

## 81. એક મજાનો માળો

એક મજાનો માળો એમાં દસ ચકલીઓ રહેતી તી (૨)
એક ચકલી ચોખા ખાંડે,
બીજી મગડા ભરડે.
ત્રીજી બેઠી કરે તડાકા,
ચોથી ચોખા ચાળે હો...હો...હો...ચકલી ચકલી

પાંચમી ઓરે ખીચડી,
છઠ્ઠી છમુછમ્ નાચે.
સાતમી શાક સુધારે,
આઠમી હજી ઊંઘ.હો...હો...હો...ચકલી ચકલી

નવમી નીર ભરી લાવે,
દસમી દમ ભીડાવે.
કહો ખીચડી થઈ ગઈ છે,
હવે કોણ જમે? કોણ રમે?
જે કામ કરે તે જમે,
ને ન કરે તે રમે...... હો...હો...હો...ચકલી ચકલી

-રક્ષાબેન દવે

## 82. ચકલી અલબેલી

ચકલી ચક ચક ચણવા આવે રે ચકલી અલબેલી,
ભાઈ મારો ચોખાનો દાણો લાવે રે ચકલી અલબેલી.

ચકલી નાની ને ફૈડકો મોટો રે ચકલી અલબેલી,
ભાઈ મારો જાણે ગુલાબનો ગોટો રે ચકલી અલબેલી.

ચકલી ચોખાનો ચણતી દાણો રે ચકલી અલબેલી,
ભાઈ મારો નાનો ને તોય છે શાણો રે ચકલી અલબેલી.

ચકલી પડછાયો ચપટીક પાડે રે ચકલી અલબેલી,
ભાઈ મારો હસીને તાળિયું પાડે રે ચકલી અલબેલી.

ચકલી ચક ચક ચીં ચીં બોલે રે ચકલી અલબેલી,
ભાઈ મારો કાલું કાલું બોલે રે ચકલી અલબેલી.

- લાલજી કાનપરિયા

## 83. લીમડાની ડાળીએ લીલા પોપટ

લીમડાની ડાળીએ લીલા પોપટ,
લીંબોળી ખાય છે કટ કટ કટ...લીમડાની

ડાળીએ ઝૂલતાં ડાળીએ રમતાં,
નાના મોટાંને પોપટજી ગમતાં;
ઉંચે ઉંચે ઉડતાં ઝટ ઝટ ઝટ,
લીંબોળી ખાય છે કટ કટ કટ...લીમડાની

વાંકી લાલ ચાંચ છે કેવી મઝાની,
મધુરું બોલતાં મીઠી છે વાણી;
આખોને કરતાં પટ પટ પટે,
લીંબોળી ખાય છે કટ કટ કટ...લીમડાની

વનવન ભમતાં ફળફૂલ ખાતાં,
ટોળામાં બેસીને મધરં ગાતાં;
પાંખોને કરતાં ફટ ફટ ફટ,
લીંબોળી ખાય છે કટ કટ કટ...લીમડાની

## 84. ઓ પોપટ ચકલા પારેવા

ઓ પોપટ ચકલાં પારેવાં,
કેવા સુંદર નમણાં વાહ રે વાહ;

તમે ઊંચે આભમાં ઉડી શકો;
તમે ઝાડે ઝાડે ઝૂલી શકો;
તમે ખીણને ડુંગર ખૂદી શકો.ઓ પોપટ

ઓ કોમળ કેવા કેસૂડાં ,
કેવા સંદર નમણાં વાહ રે વાહ;
તમે જનમ્યાં ત્યાથી સુંવાળાં;
તમે અંગે અંગે રૂપાળાં..ઓ પોપટ

હો ઝરણ સરોવર સરિતા,
કેવા સુંદર નમણાં વાહ રે વાહ,
તમે માનવ કેરા મન હરતાં;
તમે નવલાં નવલાં રૂપ ધરતાં..ઓ પોપટ

## 85. પોપટ પાંજરામાં

પોપટ પાંજરામાં મીઠું મીઠું બોલે. (2)
એને સાંભળીને દિલ અમારું ડોલે. (2)

લીલો લીલો રંગ એનો (2)
રાતી વાંકી ચાંચ, કાળો કાંઠલાંનો રંગ (2)
પોપટ પાંજરામાં મીઠું મીઠું બોલે. (2)

કેરી ખાય,, મરચાં ખાય, ગોરસઆંબલી ખાય (2)
એ..રામ રામ સીતારામ, બોલતો જાય. (2)
પોપટ પાંજરામાં મીઠું મીઠું બોલે. (2)

પટ-પટ થાય, એની ગોળ ગોળ આંખો (2)
શોભે એની પૂંછડીને, શોભે એની પાંખો (2)
પોપટ પાંજરામાં મીઠું મીઠું બોલે. (2)

## 86.હું ને પોપટલાલ ચાલતા ચાલતા

ટીણીણી ટીણીણી ટીણીણીણી(૩)

હું ને પોપટલાલ ચાલતાં ચાલતાં,
વનવગડાં માં ગ્યાતા (૨).....

ઝાડ પણ જોયા,
તાડ પણ જોયા(૨)
જોયા મેં છોડવા નાનાં(૨).....ટીણીણી

વાઘ પણ જોયાં,
હાથી પણ જોયા(૨)
જોયાં મેં સસલાં નાનાં(૨).....ટીણીણી.

નદી પણ જોઈ,
નાળાં પણ જોયા(૨)
જોયાં ખાબોચિયાં નાનાં(૨).....ટીણીણી

કેરી પણ ખાધી,
આંબલી ખાધી(૨)
ખાધા મેં બોરાં નાનાં (૨).....ટીફીણી

## 87. એક કબૂતર નાનું બહુ ગમે ઊડવાનું

એક કબૂતર નાનું
બહુ ગમે ઊડવાનું
ઊડ્યું છાનુંમાનું
તો કબૂતરના કાકા બોલ્યા : ઘૂ ઘૂ ઘૂ

કહે કબૂતર : ગાઉં
ડાળે ઝૂલવા જાઉં
તળાવમાં જઇ ન્હાઉં
તો કબૂતરના પપ્પા બોલ્યા : ઘૂ ઘૂ ઘૂ

કબૂતર તો રોતું
આંસુ આવ્યુ મોટું
મમ્મી સામે જોતું
તો કબૂતરની મમ્મી બોલી: ઘૂ ઘૂ ઘૂ

-રમેશ પારેખ

## 88. ચોકમાં દાણા નાખ્યા છે

આવો પારેવા, આવોને ચકલાં
ચોકમાં દાણા નાખ્યા છે
આવો પોપટજી, મેનાને લાવજો
ચોકમાં દાણા નાખ્યા છે

આવોને કાબરબાઈ, કલબલ ન કરશો
ચોકમાં દાણા નાખ્યા છે
બંટી ને બાજરો, ચોખા ને બાવટો
ચોકમાં દાણા નાખ્યા છે

ધોળી છે જાર ને ઘઉં છે રાતડા
ચોકમાં દાણા નાખ્યા છે
નિરાંતે ખાજો, નિરાંતે ખૂંદજો
ચોકમાં દાણા નાખ્યા છે

બિલ્લી નહિ આવે, કુત્તો નહિ આવે
ચોકમાં દાણા નાખ્યા છે
ચણ ચણ ચણજો ને ચીં ચીં કરજો
ચોકમાં દાણા નાખ્યા છે

## 89. સિંહની પરોણાગત

રીંછ એકલું ફરવા ચાલ્યું હાથમાં લીધી સોટી
સામે રાણા સિંહ મળ્યા ને આફત આવી મોટી

ઝૂકી ઝૂકી ભરી સલામો બોલ્યું મીઠાં વેણ
મારે ઘેર પધારો રાણા રાખો મારું કહેણ

હાડ ચામડાં બહુ બહુ ચૂંથ્યા ચાખોજી મધ મીઠું
નોતરું દેવા ખોળું તમને આજે મુખડું દીઠું

રીંછ જાય છે આગળ એના પગ ધબ ધબ
સિંહ જાય છે પાછળ એની જીભ લબ લબ

ઘર આ મારું જમો સુખેથી મધની લૂમેલુમ
ખાવા જાતાં રાણાજીએ પાડી બૂમા બૂમ

મધપુડાનું વન હતું એ નહીં માખીનો પાર
બટકું પૂડો ખાવા જાતાં વળગી લારોલાર

આંખે મોઢે જીભે હોઠે ડંખ ઘણેરા લાગ્યા
ખાધો બાપ રે કરતા ત્યાંથી વનરાજા તો ભાગ્યા

રીંછ એકલું ફરવા ચાલ્યું હાથમાં લીધી સોટી
સામે રાણા સિંહ મળ્યા તા આફત ટાળી મોટી
-રમણલાલ સોની

## 90. ડિસ્કો કાના ડિસ્કો

ડિસ્કો કાના ડિસ્કો કાનુડો ટનાટન છે.

મેથી વીણીને મેતો થેપલા બનાવ્યા.
થેપલા ખાવા આવરે કાના...
થેપલા ટનાટન છે...ડીસ્કો...

છાશ વલોવી મે તો માખણ બનાવ્યું,
માખણ ખાવા આવરે કાના.
માખણ ટનાટન છે...ડીસ્કો...

વનરા તે વનમાં રાસ રમાય છે,
રાસ રમવા આવરે કાના.
ગોપીઓ ટનાટન છે...ડીસ્કો...

**91. ઘોડાગાડી ..ઘોડાગાડી ....**

ઘોડાગાડી ..ઘોડાગાડી ....
ઘોડાગાડીમાં બેસો મારા માડી

માં માં તુજને દૂર દેશ લઇ જાઉં (2)
સિંધુ ,ગંગા ,યમુના નદીના નીર ઓળગી જાઉં .
લાવું બંગ દેશની સાડી ,
ઘોડાગાડીમાં બેસો મારા માડી ....

માં માં તુજને ચંદ્રલોક લઇ જાઉં (2)
રવિ, સોમ, મંગળ, બુધ, ગુરુ ને શુક્ર શનિ બતલાઉ ,
આ સાતે ગ્રહોની જોડી .
ઘોડાગાડીમાં બેસો મારા માડી ....

માં માં તુજને પરીલોક લઇ જાઉં ,
રંગબેરંગી પાંખોવાળી એક પરી લઇ જાઉં ,
એને બનાવું તારી નાની લાડી,
ઘોડાગાડીમાં બેસો મારા માડી......

**92. ચલ મેરા ઘોડા રે**

ચલ મેરા ઘોડા રે તબડક, તબડક રે
ચલ મેરા ઘોડા રે તબડક, તબડક રે

જંગલ આવે, ઝાડી આવે, મોટા મોટા પહાડ આવે
થાક લાગ્યો છે ?
આરામ કરવો છે ?
ના... ના... ના... ના...રે
ચલ મેરા ઘોડા રે.....

નદીઓ આવે નાળાં આવે, વાંકાચૂંકા રસ્તા આવે
તરસ લાગી છે ?
પાણી પીવું છે ?
ના... ના... ના... ના...રે
ચલ મેરા ઘોડા રે

મામાનું ઘર દૂર દૂર, ચલ મેરા ઘોડા તું ચતુર
ભૂખ લાગી છે ?
ઘાસ ખાવું છે ?
હા...હા...હા...હા...રે
ચલ મેરા ઘોડા રે...

**93. ઘોડો ઘુઘરિયાળો**

ઘોડો ઘુઘરિયાળો મારો ઘોડો ઘુઘરિયાળો
ઘોડો ઘુઘરિયાળો મારો ઘોડો ઘુઘરિયાળો

ઘાસ દઉં તો ખાય છે ને રાજી રાજી થાય છે
દોડાવું તો દોડે છે ને થોભાવું તો થોભે છે
એના ઉપર બેસું ત્યારે લાગું હું મૂંછાળો....
ઘુઘરિયાળો.......
ઘોડો ઘુઘરિયાળો મારો ઘોડો ઘુઘરિયાળો

આખા ડીલે કાળો છે તો પણ બહુ રૂપાળો છે (૨)
ચાબૂકનું શું કામ છે ને ચેતક એનું નામ છે (૨)
તડબડ તડબડ દોડે ત્યારે લાગે પાંખોવાળો....
ઘુઘરિયાળો......
ઘોડો ઘુઘરિયાળો મારો ઘોડો ઘુઘરિયાળો

**94. હું તો કાળી ઘોડીનો સવાર**

હું તો કાળી ઘોડીનો સવાર
ઘોડી મારી થનગન થનગન નાચે.

હું તો બાંધુ સાફલિયો માથે,
લઈ રાખું લગામ એક હાથે;
એને એવી મારૂં હું લગામ,
ઘોડી મારી વાયુનાં વેગે ભાગે...હું તો

એ ને ચણાને ઘાસ ખવડાવું,
એને નદીમાં રોજ નવડાવું;
એ તો રૂપરૂપ નો અંબાર,
ઘોડી મારી કેવી રૂપાળી લાગે...હું તો

એ ન ચાબૂક કદીના મારૂં,
એને હેત કરીને પંપાળુ,
એ તો ચાલે ચટકતી ચાલ,
ઘુઘરીઓ ઘમ ઘમ ઘમ ઘમ વાગે...હું તો

**95. ચલ રે ઘોડા ચલ ચલ**

ચલ રે ઘોડા ચલ ચલ ચલ, ચલ રે ઘોડા ચલ ચલ ચલ
ચલ રે ઘોડા ચલ ચલ

ચલ રે ઘોડા ચલ ચલ ચલ, ચલ રે ઘોડા ચલ ચલ ચલ

જાઉં મારે દૂર દૂર
ચલ રે ઘોડા ચલ ચલ ચલ, ચલ રે ઘોડા ચલ ચલ ચલ

ઝટઝટ ઝટઝટ ચાલજે
જલદી જલદી દોડજે
નદી ઝરણાં કૂદકે
ચલ રે ભાઈ ચલ રે ભાઈ
ચલ રે ભાઈ ચલ ચલ
ચલ રે ઘોડા ચલ ચલ ચલ, ચલ રે ઘોડા ચલ ચલ ચલ

ફરર ફરર આવે હવા
ઠંડી ઠંડી મીઠી હવા, સવારીની આવે મજા
ચલ રે ઘોડા ચલ ચલ ચલ, ચલ રે ઘોડા ચલ ચલ ચલ

જાઉં મારે દૂર દૂર
ચલ રે ઘોડા ચલ ચલ ચલ, ચલ રે ઘોડા ચલ ચલ ચલ
ચલ રે ઘોડા ચલ ચલ
ચલ રે ઘોડા ચલ ચલ ચલ, ચલ રે ઘોડા ચલ ચલ ચલ

**96. સસલીબેને સેવ બનાવી...**

સસલીબેને સેવ બનાવી, સસલો જમવા બેઠો;
જમતાં જમતાં યાદ આવ્યું કે આજે સોમવાર છે.

માખીબેને મધ પીરસ્યું ને મકોડાંભાઈ જમતાં,
જમતાં જમતાં મલકયાં આજે મંગળવાર છે.

બીલ્લો બીલ્લી બાજયાં ત્યારે બંદર થયો તો કાજી,
બટકે બટકે બધુ જમી ને કહે આજે બુધવાર છે.

ગધ્ધાજીને ગેંડાજી બેઈ હું ખાઉં હું ખાઉં કરતાં,
ગાય આવી ત્યાં બોલી કે આજે ગુરુવાર છે.

શિયાળભાઈએ ખેતરમાં જઈ શેરડી બહું બહું ખાધી,
ખેડૂ આવીને બોલ્યા આજે શુક્રવાર છે.

શાહમૃગજી શામળા નીચે એક પગે થઈ ઉભા,
બંદર પૂછે કેમ? તો કહે આજે શનિવાર છે.

રાધાબેને રાજુભાઈને કહ્યું કે ચાલો આજે ભણીએ,
ભાઈ કહે બહેન આજે રવિવાર છે.

**97. ઝાડની સાથે દોસ્તી મારે**

ઝાડની સાથે દોસ્તી મારે
પાનની સાથે દોસ્તી,
હર્યાભર્યાં પંખીઓનાં ગાનની સાથે દોસ્તી.

દરિયા સાથે દોસ્તી મારે
કાંઠા સાથે દોસ્તી,
ગળ્યાગળ્યા શેરડીના સાંઠા સાથે દોસ્તી.

કેરમ સાથે દોસ્તી મારે
કોડી સાથે દોસ્તી,
રંગરંગના કાગળની હોડી સાથે દોસ્તી.

મમ્મી સાથે દોસ્તી મારે
પપ્પા સાથે દોસ્તી,
સૌથી મારાં ગળ્યા-ગળ્યા ગપ્પાં સાથે દોસ્તી.

**98. માધાકાકાના ખેતરમાં**

માધાકાકાના ખેતરમાં ઈંયા ઈંયા યો. (૨).

ખેતરમાં ચરતી'તી બકરી ઈંયા ઈંયા યો,
આણીકોર બેં બેં, ઓલી કોર બેં બેં
ચારે કોર બેં બેં, ઈંયા ઈંયા યો...માધાકાકા,

ખેતરમાં ચણતી'તી ચકલી ઈંયા ઈંયા ,
આણીકોર ચીં ચીં, ઓલીકો ચીં ચી
ચારે કોર ચીં ચીં, ઈંયા ઈંયા યો...માધાકાકા

ખેતરમાં ઉડતો તો કાગડો ઈંયા ઈંયા યો,
આણીકોર કો કો, ઓલી કોર કો કો
ચારે કોર કો કો, ઈંયા ઈંયા યો...માધાકાકા..

## 99. થાકો નહિ....

થાકો નહીં, હારો નહીં
થોભો નહીં મઝધારમાં,

મંજિલ નથી કૈં દૂર
હો હિંમત અગર કિરદારમાં,
થાકો નહીં.

હો પહાડ રસ્તામાં ભલે
સાથી ચલો, આગે બઢો,
સાહસભર્યા કદમો થકી
ઝુકશે કદમમાં એ નક્કી.
થાકો નહીં.

ગાંધી અને મહાવીરના
વારસ અમે કરતારના,
ના આફતો રોકે કદી
અમે બાંધવો સરદારના.
થાકો નહીં.

## 100. તૈયાર હો, હોંશિયાર હો

તૈયાર હો, હોંશિયાર હો, લલકાર દો સૌ બાળકો,
ફરવા જવા, રમવા જવા તૈયાર હો સૌ બાળકો...
તૈયાર હો,

પંખી ઊડે છે ઝાડમાં, ઝરણાં વહે છે પહાડમાં,
પણ આપણે ઊડવા જવું આકાશમાં તૈયાર હો...
તૈયાર હો..

દાદા ફરે છે પોળમાં, બાપા ફરે ભાગોળમાં,
પણ આપણે ફરવા જવું વગડા વને તૈયાર હો...
તૈયાર હો

ઘોડી ઊભી છે વાટમાં, હોડી નદીના ઘાટમાં,
પણ આપણે તરવા જવું સાગરમાં તૈયાર હો....
તૈયાર હો

મોટર દોડે રસ્તા ઉપર, ગાડી દોડે પાટા ઉપર,
પણ આપણે ફરવા જવું વિમાનમાં તૈયાર હો.
તૈયાર હો

## 101. નાનકડો સિપાઈ

હું છું નાનકડો સિપાઈ (૨)
ભારત દેશનો સિપાઈ (૨)
આખી દુનિયા ડોલાવું નાની બંદૂકથી(૨)..
હું છું...

ચાહે દુશમન આવે લાખ (૨)
બનાવી દઉં હું એની ખાખ (૨)
એના ભુક્કા બોલાવું નાની બંદૂકથી (૨)...
હું છું...

બનીશ મોટો હું સરદાર (૨)
કદી પાછો નહીં પડનાર (૨)
માનું રક્ષણ કરીશ મોટી બંદૂકથી (૨)...
હું છું....

## 102. સૈનિક સૈનિક રમીએ...

ચાલ બચુડાં લઈલે સોટી, સૈનિક સૈનિક રમીએ,
માથે મજાની પહેરી ટોપી, ગલીએ ગલીએ
ભમીએ.

હું પપ્પાનો કોટ લઈ આવું, તું લઈ આવને સીટી,
હું બાના ચશમાં લઈ આવું, કાગળિયામાં વીંટી.

બની ઠનીને બેસી જઈને, અફસર સાહેબને
નમીએ,
ચાલ બચુડા લઈને સોટી, સૈનિક સૈનિક રમીએ.

કોઈની હોય જો દાનત મેલી, અમે ઉગામીશું
દંડો,
દેશ ભક્તિનું કામ કરીશું, ઊંચો રહેશે ઝંડો.

આઝાદીની રક્ષા કરીને, ભારત માતાને ગમીએ,
ચાલ બચુડા લઈલે સોટી, સૈનિક સૈનિક રમીએ.

## 103. ભલે નાના નાના બાળ અમે

ભલે નાના નાના બાળ અમે આજે ને કાલ
અમે મોટા થાશું ને જગ દોરશું

ખડતલ શરીર મન મોટું બનાવશું,
હૈયામાં હિત બધી દુનિયાનું ધારશું,
સાચા માનવ બનીને જીવતર જીવશું...અમે

ઊંચ-નીચ ભેદો આ દુનિયાના ટાળવા
નાતો-જાતોના ધર્મ વાડાઓ તોડવા,
બધી શક્તિ અમારી વિશ્વચરણે ધરશું....અમે

જગના અંધારાને દૂરદૂર હાંકવા
સાચા તે જ્ઞાનનો દીવો પેટાવવા,
અમે જાતે સળગીને ઘેર-ઘેર ઘૂમશુ...અમે..

પૈસાના જોરે આજ માનવી મપાય છે
કોઈ કરે કામ કોઈ બેસીને ખાય છે,
કરી સર્વોદય સાચો સમાજ રચીશું...અમે

## 104. અંતર મંતર જંતર

અંતર મંતર જંતર હું જાણું છું રે મંતર
તને ચકલી બનાવી દઉં,
તને કાગડો બનાવી દઉં,

જુઓ આ ટોપલી છે ખાલી,
એમાં પરી બેઠી છે મતવાલી.
મારી ટોપલીમાં જાદુ, એમાં પરીને બેસાડું,
એનું સસલું બનાવી દઉં......
અંતર .....

જુઓ આ ગંજીપાની રમત,
એ રમતમાં છે મોટી ગમ્મત ,
પેલા ગુલામ આવે છે પછી રાની આવે છે,
એનો બાદશાહ બનાવી દઉં.....
અંતર ...

જુઓ આ છે એક નાનો ઠીગુ ,
એનું નામ પડ્યું છે મેં પીન્ગું
પીન્ગું ખૂબ દોડે છે, મોટા ઝાડ તોડે છે.
એને લંબુ બનાવી દઉં....
અંતર.....

## 105. રસગુલ્લાં

આખો દિવસ હું તો ખાઉં, રસગુલ્લાં રસગુલ્લાં
બસ, એનાં હું ગીતો ગાઉં, રસગુલ્લાં રસગુલ્લાં

ઊંચા ઊંચા ઊંચા આભે, રસગુલ્લાં રસગુલ્લાં
ચાંદામામા પણ લાગે છે, રસગુલ્લાં રસગુલ્લાં

જ્યારે જ્યારે મમ્મી બનાવે રસગુલ્લાં રસગુલ્લાં
મોંમાં પાણી પાણી લાવે રસગુલ્લાં રસગુલ્લાં

દાદા-દાદી કેમ વખાણે? રસગુલ્લાં રસગુલ્લાં
દાંત નથી ને તોપણ ચાવે! રસગુલ્લાં રસગુલ્લાં

આખેઆખા હાથમાં લઈને, રસગુલ્લાં રસગુલ્લાં
મોંમાં મૂકું ઝપાક દઈને, રસગુલ્લાં રસગુલ્લાં

ચોરીછૂપી પપ્પા ખાતા, રસગુલ્લાં રસગુલ્લાં
હું તો ખાઉં ખુલ્લંખુલ્લા, રસગુલ્લાં રસગુલ્લાં

## 106. હું ને ચંદુ છાનામાના

હું ને ચંદુ છાનામાના કાતરિયામાં પેઠાં,
લેસન પડતું મૂકી ફિલમ ફિલમ રમવા બેઠાં.

મમ્મી પાસે દોરી માંગી, પપ્પાની લઈ લૂંગી ,
પરદો બાંધી અમે બનાવી ફિલમ મૂંગી મૂંગી...

દાદાજીનાં ચશ્માંમાંથી કાઢી લીધો કાચ,
એનાથી ચાંદરણા પાડ્યાં પરદા ઉપર પાંચ

ચંદુ ફિલમ પાડે ત્યારે જોવા આવું હું,
હું ફિલમ પાડું તો જોવા આવે છે ચંદુ...

કાતરિયામાં છુપાઈને બેઠી'તી બિલ્લી એક,
ઉંદરડીને ભાળી એણે તરત લગાવી ઠેક;

ઉંદરડી છટકી ને બિલ્લી ચંદુ ઉપર આવી,
બીક લાગતાં ચંદુ સાથે ચીસો મેં ગજાવી .

દોડંદોડા ઉપર આવી પહોંચ્યાં મમ્મી-પપ્પા;
ચંદુડિયાનો કાન આમળ્યો, મને લગાવ્યા
ધબ્બા...

-રમેશ પારેખ

### 107. હે દાદા હાલોને, હુતુતુતુ રમવા

હે દાદા હાલોને, હુતુતુતુ રમવા...(૨)

ભાઈ ને બેન તો રમે નાનાં-નાનાં
હે દાદા, તમે રમો કેમ નહીં?.... હે દાદા

ભાઈ ને બેનને નાના-નાના દાંત છે.
હે દાદા તમારે દાંત કેમ નહીં? .... હે દાદા

ભાઈ ને બેનને નાના-નાના વાળ છે.
હે દાદા, તમારે ટાલ કેમ થઈ?... હે દાદા

ભાઈ ને બેનને નાના-નાનાં પેટ છે.
હે દાદા, તમારે ફાંદ કેમ થઈ.... હે દાદા

ભાઈ ને બેનને નાના બે પગ છે.
હે દાદા, તમારે ત્રણ પગ કેમ?.... હે દાદા

### 108. બડી લંબી રે મારા દાદાની મૂછ

બડી લંબી રે મારા દાદાની મૂછ (૨)
દાદાની મૂછ જાણે બિલાડીની પૂંછ (૨)..બડી લંબી

દાદાજી પોઢતાં મખમલનાં ઢોલિયે(૨)
શાહીથી રંગી મેં તો દાદાની મૂછ (૨)..બડી લંબી

અંધારે ઓરડે હું તો ચોકલેટ શોધતો (૨)
ધીમેથી તાણી મેં તો દાદાનો મૂછ (૨)..બડી લંબી

કાતર લઈને હું તો કાગળીયા કાપતો(૨)
કચકચ કાપી મેં તો દાદાની મૂછ (૨)..બડી લંબી,

વીરાના પારણિયે તૂટેલો દોર છે (૨)
દોરી થી બાંધી મેં તો દાદાની મૂછ (૨)..બડી લંબી

### 109. હાં રે દોસ્ત! હાલો દાદાજીના દેશમાં

હાં રે દોસ્ત! હાલો દાદાજીના દેશમાં,
પ્રેમસાગર પરભુજીના દેશમાં. હાં રે,

મધુર મધુર પવન વાય,
નદી ગીતો કંઈ ગાય,
હસી હોડી વહી જાય,
મારા માલિક રાજાજીના દેશમાં. હાં રે,

સાત દરિયા વીંધીને વ્હાણ હાલશે,
નાગ-કન્યાના મહેલ રૂડા આવશે,
એની આંખોમાં મોતી ઝરતાં હશે,
હાં રે દોસ્ત! હાલો મોતીડાંના દેશમાં. હાં રે,

સાત વાદળ વીંધીને વ્હાણ લઈ જશું,
ત્રીશ કોટિ તારાની સાથે ખેલશું,
ચંદ્ર સૂરજ ખીસામાં ચાર મેલશું,
હાં રે દોસ્ત! હાલો ચાંદરડાંના દેશમાં. હાં રે,

સમી સાંજે દાદાને દેશ પહોંચશું,
એના પાંખાળા ઘોડા ખેલાવશું,
પછી પરીઓને ખોળે પોઢી જશું,
હાં રે દોસ્ત! હાલો એ પરીઓના દેશમાં.હાં રે..

### 110. દાદાની વાડીમાં મોરલો

દાદાની વાડીમાં આવીને મોરલો
થનગને થનગન નાચ્યા કરે

હું રે જોતો ને મારી બેની જોતી'તી
કેવી મજા ત્યાં આવ્યા કરે
દાદા.....

દાદાની વાડીમાં આવ્યા પતંગિયાં
રંગની છોળો ઊડયા કરે
હું રે જોતો ને મારી બેની જોતી'તી
કેવી મજા ત્યાં આવ્યા કરે
દાદા...

દાદાની વાડીએ વડલાની ડાળે
હિંચકો એક મેં બાંધ્યો જી રે
હું એ હીંચું મારી બેની હિંચોળે
કેવી મજા ત્યાં આવ્યા કરે
દાદા...

## 111. પપ્પાજીએ રંગબેરંગી

પપ્પાજીએ રંગબેરંગી દસ કાગળિયા દીધા,
ઋચાબહેને એમાંથી કેવાં કામણિયાં કીધાં !

પહેલો કાગળ કાળો એનો કર્યો કાગડો કાળો,
બીજો કાગળ લીલો એનો પોપટ કાંઠલાવાળો.

ત્રીજો કાગળ પીળો એનું પીળક કીધું કેવું !
ચોથો કાગળ ભૂરો એનું કીધું રે પારેવું.

પાંચમો કાગળ ધોળો એનો બગલો ચોટીવાળો,
છઠ્ઠો કાગળ રાતો એનો મરઘો માંજરવાળો.

સાતમો કાગળ કથ્થાઈ એનાં કાબરડાં કલબલતાં,
આઠમો કાગળ બહુરંગી એના મોર કીધા રૂમઝૂમતા.

નવમો કાગળ કેસરીયા એની ધજા કરી ફરફરતી,
દસમો કાગળ સોનેરી એની દરી કરી ચકમકતી.

બધાં પંખીને દેરી પરના ગુંબજ પર બેસાડ્યાં,
કળ દાબી પછી કેમેરાની કટ-કટ ફોટા પાડ્યા.

-ડૉ. રક્ષાબેન પ્ર. દવે

## 112. બગલમાં બાચકું

બગલમાં બાચકને, તાલકામાં ટોપલી (૨)
પગમાં જૂનાં જૂતાં પહેરી પંડિત ચાલ્યા જાય છે..
બગલમાં...

મૂળા જેવી મૂછ એની, ગાગર જેવું પેટ છે (૨)
કાચ વિનાના ચમા પહેરી પંડિત ચાલ્યા જાય છે..
બગલમાં...

ટૂંકી ટૂંકી પોતડીને, મેલું મેલું અંગરખું (૨)
ઠચૂક ઠેચા કરતાં-કરતાં પંડિત ચાલ્યા જાય છે..
બગલમાં...

છીંકણીની ડબ્બી કાઢી, ચપટી ભરતાં જાય છે (૨)
ગટર જેવું નાક એનું છીંકો ખાતાં જાય છે..
બગલમાં...

આંબા ઉપર કેરી દેખી, પંડિત લેવા જાય છે (૨)
ટપ દઈને કેરી તૂટી, ટકો તૂટી જાય છે...
બગલમાં...

આકાશે એરોપ્લેન દેખી, પંડિત જોવા જાય છે (૨)
ચારે બાજુ ફાંફા મારી, ગધેડે અથડાય છે..
બગલમાં...

## 113. મોટો મોટો થાઉં...

દોરાની હું દાઢી બનાવું, રૂની મૂંછ બનાવું,
તપેલીની ટોપી પહેરી દર્શન કરવા જાઉં...
મોટો મોટો થાઉં ને દાદા બની જાઉં..

ચશ્મા પહેરી છાપું વાચું – ડોળા કાઢી મોટા...
ડાયા ડમરાં થઈને બેસે એના પાડું ફોટા...
મોટો મોટો થાઉં ને પપ્પા બની જાઉં...

અંધારામાં ઊભો રહું ના બિલ્લીથી ડરું..
જાતે જાતે નાહીં લઉંને જાજું લેશન કરું...
મોટો મોટો થાઉં ને ભાઈ બની જાઉં....

રાતે પાછો નાનકડો થઈ મમ્મી પાસે જાઉં
મારી વાલી મમ્મીનો હું ડાયો દીકો થાઉં...
નાનો નાનો થાઉં ને તરત સુઈ જાઉં...

## 114. ભોમિયા વિના

ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા,
જંગલની કુંજકુંજ જોવી હતી;
જોવી'તી કોતરો ને જોવી'તી કંદરા,
રોતા ઝરણાંની આંખ લ્હોવી હતી.

સૂના સરવરિયાની સોનેરી પાળે
હંસોની હાર મારે ગણવી હતી;
ડાળે ઝૂલંત કોક કોકિલાને માળે
અંતરની વેદના વણવી હતી.

એકલા આકાશ તળે ઊભીને એકલો,
પડઘા ઉરબોલના ઝીલવા ગયો;
વેરાયા બોલ મારા, ફેલાયા આભમાં,
અકલો અટૂલો ઝાંખો પડ્યો.

આખો અવતાર મારે ભમવા ડુંગરિયા,
જંગલની કુંજકુંજ જોવી ફરી;
ભોમિયા ભૂલે એવી ભમવી રે કંદરા,
અંતરની આંખડી લ્હોવી જરી.

-ઉમાશંકર જોષી

## 115. અમે રેતીમાં રંગભેર

અમે રેતીમાં રંગભેર રમતા હતા
અમે ભાઈ-બહેન સૌને ગમતાં હતાં.

અમે બાગ બગીચે રમતાં હતાં,
અમે ખીલેલાં ફૂલડાં સુંઘતાં હતાં.
અમે રેતીમાં...

અમે ચાંદાની ચાંદનીમાં રમતાં હતાં,
ઝીણા ટમટમતા તારલિયા ગણતાં હતાં.
અમે રેતીમાં..

અમે નદી તળાવે ફરતાં હતાં,
પાણી દેખીને તરવા પડતાં હતાં.
અમે રેતીમાં..

અમે માટીના ફૂબા કરતાં હતાં,
તે જોઈ આનંદે નાચતાં હતાં.
અમે રેતીમાં

## 117. દરિયાકાંઠે રમવા ચાલો

દરિયાકાંઠે રમવા ચાલો નાના બાળારાજા,
રેતીમાં રમવાને ચાલો નાના બાળારાજા.

શંખલા છીપલાં વીણીને માળા રે બનાવશું,
કાગળની હોડીને પાણીમાં રે તરાવશું;
મોજાં સાથે બાથ ભીડભં, ચાલો બાળારાજા.

રેતીના બંગલાંઓ સાથે બેસી બનાવશું,
નાની ઢીંગલી માટે રે ખુરશી ટેબલ લાવશું;
પાણીમાં છબછબિયાં કરશું, ચાલો બાળારાજા.

ઊંચા ઊંચા આભલે સૂરજ દાદા આવશે,
સંધ્યાના રંગોને પાણીમાં રે બિછાવશે;
દરિયાનાં એ રંગો જોવા, ચાલો બાળારાજા.

નાની નાની માછલીઓ કાંઠે રમવા આવશે,
ગીત મધુરા ગાશું, દરિયો હિલ્લોળા લાવશે;
મોજાના હિલોળાં જોવા, ચાલો બાળારાજા.

-મહેન્દ્રભાઈ જોષી

## 116. દરિયાના બેટમાં રે'તી

પ્રભુજીનું નામ લે'તી
હું દરિયાની માછલી!

હાં રે મને બારણે કઢવી નો'તી,
હું દરિયાની માછલી!

જળની સાથે અમારે જનમ કેરી પ્રીતડી,
મરજો પ્રીત્યોના તોડનારા,
હું દરિયાની માછલી! -દરિયાના...

દરિયાનાં નીર મને પાતાળે ગોતશે,
આભ લગી મારશે ઉછાળા,
હું દરિયાની માછલી! -દરિયાના...

તારલાનાં તેજ ઊગી ઊગી આથમશે,
ચંદ્ર કેને પાશે અજવાળાં?
હું દરિયાની માછલી! -દરિયાના...

છીપલીની છાતીઓથી કોણ હવે ઝીલશે,
મોં ઊઘાડી મોતીડાં રૂપાળાં?
હું દરિયાની માછલી! -દરિયાના...

દરિયાના દેશથી વિછોડી,
દુનિયાસું શીદ જોડી !
હું દરિયાની માછલી!

**118. સાગરમાં નાવ મારી**

સાગરમાં નાવ મારી સરરરર જાય
કાઠે ઉભા ઝાડ કેવાં નાના નાના થાય..
સાગર૦

દૂર દૂર પંખીઓનો કલરવ થાય,
સમીરની મંદ મંદ વાંસલડી વાય..
સાગર૦

સફેદ સઢમાં કેવો પવન ભરાય,
હલેસુ મારુને નાવ દોડી દોડી જાય.
સાગર૦

ઉચે ભુરૂ આકાશ શું વિશાળ જણાય
નીચે કાળા કાળા પાણી દેખ્યાં નવ જાય.
સાગર૦

તોફાનમાં નાવ મારી ડગુમગુ થાય,
પ્રભુને સમરૂ ત્યાં નાવ સરરરર જાય...
સાગર૦

**119. એક ઝરણું દોડયું જાતુ તુ.**

એક ઝરણું દોડયું જાતુ તુ,
એ તો અદ્ધરથી પછડાતું' તુ,
પછડાતું તુ અથડાતું' તુ,
તોય હસતું રમતું જાતુ તુ
એક ઝરણું

એને કાંઠે પુનમની રાત પડે,
એને જોવાને ચાંદો આભ ચડે,
એને જોઈને મોં મલકાતુ તુ
એક ઝરણું

સીમ ગામને ખેતર પાદરમાં,
હસતુરમતુ એ જાતુ તુ,
રમતુ ભમતું ભમતુ રમતુ,
એતો સાગરમાંહી સમાતુ તુ..
એક ઝરણું...

એને કાંઠે પંખીડા પાણી પીએ,
એને તીરે નાના બાળ રમે,
રોજ આનંદથી ઉભરાતુ તુ..
એક ઝરણું...

**120. સાગરના છૈયા**

સાગરના છૈયા અમે સાગરના બાળ
સાગર અમારો અમે સાગરના બાળ

નિત નિત સાદ કરી અમને બોલાવતો
વીરોની વાત કહી છોળો ઉછાળતો...(૨)
કિનારો કહેતો...(૨) ખવૈયા ખવૈયા
સાગરના છૈયા...

મસ્તીભર્યા નાચ કરી અમને નચાવતો
ખારા એ સાગરમાં અમને ડોલાવતો
નાનકડી નાવડીને...(૨) નાના ખવૈયા
સાગરના છૈયા

પૂનમની અજવાળી અલબેલી રાત ખીલી...(૨)
નાનકડી નાવ ઓલ્યા મોજનો ભાર ઝીલી...(૨)
બહાદુર બંકા...(૨) અમે બહાદુર તરવૈયા
સાગરના હૈયા

**121. આ અમારૂં ઘર છે....**

આ અમારુ ઘર છે ને એમા એક રસોડું છે,
સૌથી પહેલું લાગે છે ને સૌનેએ જગાડે છે.

આ અમારું ઘર છે ને એમા બે બારી છે,
એકમાંથી સૂરજ આવે છે, બીજામાંથી ભાગે છે.

આ અમારુ ઘર છે ને એમાં મોટું આંગણું છે,
દિવસ આખો કલબલ કરતું રાતે કયારેક ભસે છે

આ અમારું ઘર છે ને એમાં એક હીંચકો છે,
ઉપર-નીચે થયા કરતો ગીતો ગાયા કરે છે.

ઘરમાં એક બેન છે ને એની સાથે કિટ્ટા છે,
રાતે બુચ્ચા થઈ જશે ને આ અમારુ

## 122. નાની મારી આંખ

નાની મારી આંખ, એ જોતી કાંક કાંક
એ તો કેવી અજબ જેવી વાત છે!

નાક મારું નાનું એ સુંઘે ફૂલ મઝાનું
એ તો કેવી અજબ જેવી વાત છે!

નાના મારા કાન, એ સાંભળે દઈને ધ્યાન
એ તો કેવી અજબ જેવી વાત છે !

નાના મારા હાથ, એ તાળી પાડે સાથ
એ તો કેવી અજબ જેવી વાત છે !

આંગળી મારી લપટી, એથી વગાડું ચપટી
એ તો કેવી અજબ જેવી વાત છે !

પગ મારા નાના, એ ચાલે છાનામાના,
એ તો કેવી અજબ જેવી વાત છે !

## 123. નાની સરખી ખિસકોલીબાઈ

નાની સરખી ખિસકોલીબાઇ,
જાત્રા કરવા જાય.

સ્ટેશન ઉપર ટિકિટ લેતાં,
માસ્તર ગભરાઇ જાય.

છૂક છૂક કરતી ગાડી આવે,
બારણાં ઉઘડી જાય.

નાની સરખી ખિસકોલીબાઇ,
ઝટપટ બેસી જાય.

છૂક છૂક કરતી ગાડી ચાલે,
બારણાં બંધ થઇ જાય.

સૌથી પહેલાં કાશી જઇને,
ગંગાજીમાં ન્હાય.

## 124. મજાની ખિસકોલી

તું અહીંયાં રમવા આવ મજાની ખિસકોલી
તું દોડ તને દઉ દાવ મજાની ખિસકોલી

તું કેવી હસે ને રમે મજાની ખિસકોલી
તારા કૂદકા તો બહુ ગમે મજાની ખિસકોલી

તું જ્યારે ખિલખિલ ગાય મજાની ખિસકોલી
તારી પૂંછડી ઊંચી થાય મજાની ખિસકોલી

તારે અંગે સુંદર પટા મજાની ખિસકોલી
તારી ખાવાની શી છટા મજાની ખિસકોલી

તું ઝાડે ઝાડે ચડે મજાની ખિસકોલી
કહે કેવી મઝા ત્યાં પડે મજાની ખિસકોલી

બહુ ચંચળ તારી જાત મજાની ખિસકોલી
તું ઉંદરભાઈની નાત મજાની ખિસકોલી

તું અહીંયાં રમવા આવ મજાની ખિસકોલી
તું દોડ તને દઉ દાવ મજાની ખિસકોલી

## 125. ઘડિયાળ મારું નાનું

ઘડિયાળ મારું નાનું, તે ચાલે છાનું માનું
એ તો કેવી નવાઈ જેવી વાત છે
એને નથી પાંખ, પણ ચાલે ફટ ફટ
એ તો કેવી નવાઈ જેવી વાત છે
ખાવાનું નહિ માગે પણ ચાવી આપે ચાલે
એ તો કેવી નવાઈ જેવી વાત છે
અંધારે અજવાળે, સૌના વખતને સંભાળે
એ તો કેવી નવાઈ જેવી વાત છે
દિવસ રાતે ચાલે પણ થાક નહિ લાગે
એ તો કેવી નવાઈ જેવી વાત છે
ટક ટક કરતું બોલે, જરા ય નહિ થોભે
એ તો કેવી નવાઈ જેવી વાત છે

## 126. મારી ઘડિયાળમાં

મારી ઘડિયાળમાં તારી ઘડિયાળમાં
ત્રણ ત્રણ કાંટા
ત્રણે ફરે છે ગોળ ગોળ આંટા...
પહેલો તે કાંટો સેકન્ડ કાંટો,
એક મિનિટમાં ફરે ગોળ આંટો.
બીજો રે કાંટો મિનિટ કાંટો,
એક કલાકમાં ફરે ગોળ આંટો.
ત્રીજો રે કાંટો કલાકનો કાંટો,
એક દિવસમાં ફરે એક આંટો
રાત-દિવસમાં મારે બે આંટા,
મારી ઘડિયાળમાં

| 127. **<u>ફાગણિયો લહેરાયો</u>** | 128. **<u>હાલો હાલો કેસૂડાંના ફૂલ વીણવા</u>** |
|---|---|
| કેસૂડાંની કળીએ બેસી ફાગણિયો લહેરાયો,<br>આવ્યો ફાગણિયો... રૂડો ફાગણિયો...<br>-કેસૂડાંની........<br><br>રંગ ભરી પિચકારી ઊડે હૈયે હરખ ન માયો,<br>અબીલ ગુલાલ ગગનમાં ઊડે વ્રજમાં રાસ રચાયો...<br>હો આવ્યો ફાગણિયો... રૂડો ફાગણિયો...<br>-કેસૂડાંની........<br><br>લહર લહર લહરાતો ફાગણ ફૂલડે ફોરમ લાયો,<br>કોકિલ કંઠી કોયલડીએ ટહૂકી ફાગ વધાયો...<br>હો આવ્યો ફાગણિયો... રૂડો ફાગણિયો...<br>-કેસૂડાંની........<br><br>પાને પાને ફૂલડાં ધરિયાં ઋતુ રાજવી આયો,<br>સંગીતની મહેફિલો જામી વસંત-બહાર ગવાયો...<br>હો આવ્યો ફાગણિયો... રૂડો ફાગણિયો...<br>-કેસૂડાંની........<br><br>રંગોની ઉજાણી ઊડે કેસૂડો હરખાયો,<br>ચેતનના ફુવારા છૂટ્યા હોરી ધૂમ મચાયો...<br>હો આવ્યો ફાગણિયો... રૂડો ફાગણિયો...<br>-કેસૂડાંની...... | હાલો હાલો કેસૂડાંના ફૂલ વીણવા<br>ઓલ્યા ફાગણની મીઠી સુગંધ ઝીલવા<br><br>હે...હે... ડાળીએ ડાળીએ કેસરિયો રંગ<br>ઉચેરા શીમળે લાલ લાલ રંગ<br>કુંજે કુંજે કોકીલાના કંઠ સુણવા<br>ઓલ્યા ફાગણની મીઠી સુગંધ ઝીલવા...<br>હાલો...<br><br>હે... હે... આવળે પાથર્યો પીળો તે રંગ<br>આખા તે વગડે કેવો ઉમંગ<br>હાલો ખેતરના શેઢે પીંછા વીણવા<br>ઓલ્યા ફાગણની મીઠી સુગંધ ઝીલવા...<br>હાલો...<br><br>હે... હે... ઊડે પતંગિયા ફૂલે ફૂલે<br>ગૂંજતા ભમરા કેવા ઝૂલે<br>ડાળે માંજરીઓ માંડી છે ફરફરવા<br>ઓલ્યા ફાગણની મીઠી સુગંધ ઝીલવા...<br>હાલો... |
| 129. **<u>રંગરંગીલો ફાગણ આયો...</u>** | 130. **<u>મારા આંગળાનો જાદુ...</u>** |
| રંગરંગીલો ફાગણ આયો ફાગણ આયો રે<br>ભૂલકા કેરા મનને ભાયો ફાગણ આયો રે<br><br>આંબા ડાળે કોયલ બોલે કળીઓ કેવી ખુલે રે<br>ગુન ગુન કરતા ભમરાઓ ને ફૂલડાં ઝુલે રે<br><br>વન વગડામાં ફાગણ આયો ફાગણ આયો રે<br>રંગરંગીલો ફાગણ આયો ફાગણ આયો રે<br><br>ઘેરૈયા સૌ હસી હસીને ને ખાતા ખજૂર ધાણી રે<br>ગામ નગરને ગલી-ગલીમાં કાદવ-કીચડ પાણી રે<br><br>આભે ઉડતો ગુલાલ લાયો ગુલાલ લાયો રે<br>રંગરંગીલો ફાગણ આયો ફાગણ આયો રે | મારા આંગળાનો જાદુ મારા આંગળાનો જાદુ (૨)<br>મારા આંગળામાંથી બે હરણ બની જાય<br>ઊંચા કાન કરીને એ તો ઠેકડા મારતાં જાય<br>મારા...<br><br>મારા આંગળામાંથી પતંગિયું બની જાય.<br>ઉડતું જઈને ફૂલ પર બેસે એ પણ ફૂલ થઈ જાય<br>મારા...<br><br>મારા આંગળામાંથી માછલી બની જાય<br>પાણીમાં એ સરસર તરતી ઉપર નીચે થાય..<br>મારા<br><br>આંગળાથી પેન્સિલ પકડું ચિત્રો સરસ દોરાય<br>આંગળાથી પીંછીં પકડું રંગો નવા ભરાય<br>મારા...<br><br>કયારેક મારી આંગળી આ તોફાની થઈ જાય<br>નાકમાં જઈને ખણખણ કરતી આવું ન કરાય<br>મારા... |

## 131. ઉડે પતંગ રંગદાર આભમાં

ઉડે પતંગ રંગદાર ગગનમાં... !
ઉડે પતંગ રંગદાર ગગનમાં... !

લાલિયો ને ધોળિયો, પીળિયો ને ભૂરિયો
લોટતો ને દોર લેતો જાય આભમાં...
ઉડે....

ચાંદો ને ચોકડીનો જામ્યો છે પેચ અલ્યા
ચાંદો ગયો ભરદોર ગગનમાં...
ઉડે....

જોને મગનભાઈ, જોને છગનભાઈ,
હાધમાંથી ચાલ્યો ન જાય ગગનમાં...
ઉડે....

દોરીની ફૂલ પડી – લૂંટજો રે લૂંટજો
જોજો ન આંગળાં કપાય હાથના...
ઉડે.

## 132. ઊંચે ઊંચે લાલ લાલ...

ઊંચે ઊંચે લાલ લાલ ઝોલા ખાય લીલો,
ભૂરિયાને નીચે પટકે પતંગ મારો પીળો
રંગ જામ્યો રે આજે પેચનો
ખેંચાખેંચનો રંગ જામ્યો રે....
જામ્યો રે.. ઊંચે...

ગુલાબી તો ગોથા ખાય, કાળિયો કપાય,
લીલા ઉપર લંગર આવ્યું લીલો ઝોલા ખાય;
નાનાં ભૂલકાં લૂંટ ચલાવે, રંગ જામ્યો રે.
જામ્યો રે.. ઊંચે...

દોર અમારો લાલ લાલ પીળો છે પતંગ,
નીલ આકાશે જામ્યો આજે લાલ પીળાનો જંગ;
ચાર દિશાએ પતંગ ઊડે રંગ જામ્યો રે
જામ્યો રે.. ઊંચે...

શીત સમીરે ફરફર કરતો પીળો ઊંચે જાય,
પૂંછડીવાળા ધોળિયાનો આજે દોર કપાય;
વાદળ સાથે વાતો કરતાં રંગ જામ્યો રે...
જામ્યો રે.. ઊંચે...

ભાત ભાતના પતંગ ઊડે રંગબેરંગી દોર,
આભઝરૂખે નર્તન કરતાં જાણે નાચે મોર;
વાદળ સંગે હવામાં તરતો રંગ જામ્યો રે...
જામ્યો રે.. ઊંચે...

## 133. પતંગ મારી કેવી મઝાની

કેવી મઝાની દેખાય
પતંગ મારી કેવી મઝાની.

લાલ લાલ રંગ એનો,
પીળો છે પટ્ટો એનો.
પાંખો વિના એ ઊડી જાય,
પતંગ મારી કેવી મઝાની

દોરી જોડે દોસ્તી એની,
દોરીથી પેચ કાપે.
કાપ્યો ની બૂમો સંભળાય,
પતંગ મારી કેવી મઝાની

આમ તેમ ડોલતી ને
થનગન નાચતી.
આકાશે ઊંચે ઊડી જાય,
પતંગ મારી કેવી મઝાની

## 134. પીળો પતંગ

પીળો પતંગમારો પીળો પતંગ
ઉચે આકાશે પીળો પતંગ...
પીળો

કેવો પવન ફરર વાય
મારો પતંગ સરરર જાય
પહોંચ્યો વાદળાની સંગ...
પીળો

મારો પતંગ સરર જાય
પેલી ફિરકી ફરરર થાય
એનો રાત છે રંગ...
પીળો

જામી પતંગ કેરી હોડ
અલ્યા છોડ દોરી છોડ
જોજે જાયના પતંગ...
પીળો

| 135. આવ્યો શિયાળો, આવી ઠંડી | 136. આવ્યો શિયાળો ઠંડી લઈને |
|---|---|
| આવ્યો શિયાળો, આવી ઠંડી<br>પહેરો સ્વેટર, મફલર, બંડી<br><br>ઊઠો વહેલા, દોડ લગાવો<br>ઠંડી બહેનને દૂર ભગાવો<br><br>જમરૂખ ખાઓ, બોરાં ખાઓ<br>તાપણી કરતા, બેસી જાઓ<br><br>ચીકી ખાઓ, પતંગ ઉડાવો.<br>પાકી દોરી, પેચ લગાવો<br><br>કરો યોગને કરજે આસન<br>તબિયત તો થઈ જય ટનાટન | આવ્યો શિયાળો ઠંડી લઈને<br>ગોદડિયાળી બંડી લઈને...<br><br>સુરેશભાઈએ પહેર્યું સ્વેટર<br>મયૂરભાઈએ બાંધ્યું મફલર,<br>શીલા આવી શાલ ઓઢીને...<br>આવ્યો શિયાળો<br><br>ઠંડો વાયુ વાયો સઘળે<br>ડોશી માની દાઢી ગગડે<br>તાપે સૌએ સગડી લઈને...<br>આવ્યો શિયાળો<br><br>ખજૂર ચીકી બોર લાવ્યો<br>પતંગ-માંજો દોર લાવ્યો<br>શેરડીની ગંડેરી લઈને...<br>આવ્યો શિયાળો |
| **137. બળતાં બપોરમાં** | **138. વાયરા વન વગડામાં વાતાં' તાં** |
| બળતા બપોરમાં,<br>વાતા વંટોળમાં<br>રાયણની કોકડી ખઇ,<br>હાં રે અમે વનમાં ભટકતાં ભઈ !<br><br>બળતા બપોરમાં,<br>વાતા વંટોળમાં,<br>કેરી કપુરિયા ખઈ<br>હાં રે અમે વનમાં ભટકતાં ભઈ !<br><br>બળતા બપોરમાં,<br>વાતા વંટોળમાં<br>નાના ગોવાળિયા થઇ,<br>હાં રે અમે ગાયો ચરાવતાં ભઇ !<br><br>બળતા બપોરમાં,<br>વાતા વંટોળમાં<br>વડલાને છાંયડે જઇ<br>હાં રે અમે પાવો વગાડતાં ભઈ ! | વાયરા વન વગડામાં વાતાં'તાં વા વા વંટોળિયા<br>હાં રે અમે ગાડામાં બેસીને જાતાં'તાં<br>વા વા વંટોળિયા!<br><br>ગાડાં દોડે ઘૂઘરા બોલે, બળદ કેરા શિંગડાં ડોલે,<br>હાં રે અમે એક સાથ સાથ મળી ગાતાં'તા<br>વા વા વંટોળિયા!<br><br>પથ ડોલંતી, ધૂળ ઊડંતી, ઝાડવાઓની ઝૂલ ઝુલંતી,<br>હાં રે અમે ઝીણી ઝીણી આંખ કરી જોતાં'તાં<br>વા વા વંટોળિયા!<br><br>ધોમ ધખેલો આભ તપેલો, ગરમી તણી ગાર લીપેલો<br>હાં રે અમે ઊની ઊની લૂ મહીં ના'તાં'તાં<br>વા વા વંટોળિયા! |

## 139. મેવલિયો

તું તો વરસીને ભર રે તળાવ, મેવલિયા.

તારી કીડી-મકોડી તરસે મરે,
તારી ગાયોના ગોવાળ તરસે મરે....તું તો....

આવો આવો ગંગાજીને નીર મેવલિયા,
આવો આવો જમનાજીને નીર મેવલિયા,
તું તો...

હું કેમ વરસ એકલો રે ?
વીજળી ગયા છે મોસાળ;
વીજળીને તેડાં મોકલો રે !
વરસીને ભરુ રે તળાવ મેવલિયા....તું તો...

હું કેમ આવું એકલી રે ?
સાંકળે નૂજયા પાવ;
સાંકળો મેલો ઝૂલતી રે ,
વરસીને ભરુ રે તળાવ મેવલિયા...તું તો..

ઢૂંઢિયા બાપજી મે વરસાવો! સુંડલે-સૂપડે મે' વરસાવો !
ઉત્તર ગાજ્યો ને દખ્ખણ વરસ્યો, વરસ્યો ચારે ખંડ રે વીજળી !
આંબલીને હેઠે તળાવ, સરવર હેલે ચડ્યાં રે !
કાનજી નાવા ના જઇશ, દેડકો તાણી જશે રે !
દેડકાનો તાણ્યો કેમ જાઉં? માવડી ઝીલી લેશે રે !

## 140. વરસી જા વરસી જા

ઓ મેહુલીયા વરસી જા

પ્યાસી ધરા ભીંજવી જા,
માટીને મહેકાવી જા,
મોરલીયો નચાવી જા,
ઓ મેહુલીયા વરસી જા...

ગગનને ગજાવી જા,
વીજળીયું ચમકાવી જા,
વાદળીયું વરસાવી જા,
ઓ મેહુલીયા વરસી જા...

નદીયુંને ઊભરાવી જા,
સરવરીયાં છલકાવી જા,
મુશળધાર વરસાવી જા,
ઓ મેહુલીયા વરસી જા...

વાવણી કાજે વરસી જા,
ખેડુને મલકાવી જા,
બાલુડાં હરખાવી જા,
ઓ મેહુલીયા વરસી જા...

બાગે ફૂલડાં ખિલાવી જા,
વનરાઈઓ હસાવી જા,
હરિયાળી ફેલાવી જા,
ઓ મેહુલીયા વરસી જા.

## 141. અષાઢી મેહુલો

આજે અષાઢી મેહુલો આવ્યો રે,
એનો નાદ ગગનમાં ગાજયો રે.

ચોમેર આજે વાદળ છાયાં,
નીલગગનમાં એ પથરાયાં;
પેલાં ફોરાની ફોજો આવી રે.....એનો નાદ

મોરલા ગહેકયા ઊંચી ડોકે,
ડુંગરા નાહ્યા મેહુલા ધારે;
પેલાં ઝરણાંના પાવા વાગ્યા રે...એનો નાદ

ધરતીનો જાયો આનંદે નાહ્યો,
પુલકિત થઈને એ મલકાયો;
પેલો માનવ મન હરખાયો રે.....એનો નાદ.

## 142. વાદળ વાદળ વરસો પાણી

વાદળ વાદળ વરસો પાણી
વાદળ વાદળ વરસો પાણી

મોજ પડે અમને રમવાની
વાદળ વાદળ વરસો પાણી

વીજળી ચમકે વાદળ ગરજે
ઝરમર ઝરમર પાણી વરસે
મોજ પડે હોડી રમવાની

વાદળ વાદળ વરસો પાણી
વાદળ વાદળ વરસો પાણી

| | |
|---|---|
| **143. <u>ચાલો ચાલેને રમીએ હોડી હોડી</u>**<br><br>ચાલો ચાલેને રમીએ હોડી હોડી<br>ચાલો ચાલેને રમીએ હોડી હોડી<br><br>વરસ્યો વરસાદ ખૂબ આજે મુશળધાર<br>ઝરણાં નાના જાય દોડી દોડી<br>ચાલો ચાલેને રમીએ હોડી હોડી<br><br>બાપુનાં છાપાં, નક્કામાં થોથાં<br>કાપી કૂપીન કરીએ હોડી<br>ચાલો ચાલેને રમીએ હોડી હોડી<br><br>સાદી સઢવાળી નાની ને મોટી<br>મૂકીએ પવનમાં છોડી છોડી<br>ચાલો ચાલેને રમીએ હોડી હોડી<br><br>ખાલી રાખેલી, ઊંધી વળે તો<br>પાંદડા ને ફૂલ ભરું, તોડી તોડી<br>ચાલો ચાલેને રમીએ હોડી હોડી<br><br>જાશે દરિયાપાર પરીઓના દેશમાં<br>સૌથી પહેલા દોસ્ત મારી હોડી<br>ચાલો ચાલેને રમીએ હોડી હોડી | **144. <u>આષાઢી સાંજના</u>**<br><br>આષાઢી સાંજનાં અંબર ગાજે<br>અંબર ગાજે, મેઘાડંબર ગાજે!<br><br>માતેલા મોરલાના ટૌકા બોલે<br>ટૌકા બોલે, ધીરી ઢેલડ ડોલે....<br><br>ગરવા ગોવાળિયાના પાવા વાગે<br>પાવા વાગે, સૂતી ગોપી જાગે...<br><br>વીરાની વાડીઓમાં અમૃત રેલ<br>અમૃત રેલે, ભાભી ઝરમર ઝીલે...<br><br>ભાભીની રાતીચોળ ચૂંદડ ભીંજે<br>ચૂંદડ ભીંજે, ખોળે બેટો રીઝે<br><br>આષાઢી સાંજનાં અંબર ગાજે<br>અંબર ગાજે, મેઘાડંબર ગાજે<br><br>-ઝવેરચંદ મેઘાણી |
| **145. <u>વાદળી વરસી જજો</u>**<br><br>તમે ધીરે ધીરે જરી ચાલો કે વાદળી થાકી જશો<br>તમે ધીરે ધીરે જરી દોડો કે વાદળી થાકી જશો<br><br>તમે આટલા આટલા દહાડા કે વાદળી ક્યાં ગ્યા તા<br>અમે જોતા તા વાટ સૌ તમારી કે વાદળી ક્યાં ગ્યા તા<br><br>તમે ઝરમર ઝરમર વરસો તો વાદળી નહાવું છે<br>તમે ઝીણું ઝીણું વરસો તો મારે ગાવું છે<br><br>પેલી ચમકંતી ચમકંતી વીજલડી ક્યાં ગઈ છે ?<br>પેલી આંખ મારી આંજી દેતી વીજલડી ક્યાં ગઈ છે ?<br><br>તમે નાસી જશો ના બેન મારા કે વાદળી વરસી જજો<br>મારી શેરી ને આંગણું બેની કે વાદળી ભીંજવી જજો | **146. <u>આવો મેઘરાજા</u>**<br><br>આવો મેઘરાજા, વગડાવો વાજાં,<br>પીપીપીપી પૉમ્ પૉમ્ (૨)<br><br>મુશળધાર મુશળધાર...<br>વરસે છે પાણીડાધાર<br>છલબલ છલબલ છોમ્ છોમ્ (૨)<br><br>રેલમછેલ રેલમછેલ...<br>નદીનાળાં રેલમછેલ.<br>સરરર, સરરર સોમ્ સોમ્<br><br>છલકાઈ જાય ખેતર સીમ<br>રિમઝિમ રિમઝિમ રિમઝિમ રિમ. |

## 147. સોનાવરણી સીમ

સોનાવરણી સીમ બની મેહુલિયે કીધી મહેર રે!
ભાઈ! મોસમ આવી મહેનતની!

નદિયુંનાં જળ નીતર્યા, લોકોમાં લીલાં ઘેર રે !
ભાઈ! મોસમ આવી મહેનતની !
લીલો કંચન બાજરોને ઉજળો દૂધ કપાસ રે !
ભાઈ! મોસમ આવી મહેનતની !

જુવાર લોથે લૂમેઝૂમે ને હૈયામાં હુલ્લાસ રે!
ભાઈ! મોસમ આવી મહેનતની !
ઉપર ઉજળા આભમાં કુંજડિયુંના કિલ્લોલ રે !
ભાઈ! મોસમ આવી મહેનતની!

લિયો પછેડી-દાતરડાં, આજ સીમ કરે છે સાદ રે !
ભાઈ! મોસમ આવી મહેનતની !
રંગે ચંગે કામ કરીએ, થાય મલક આબાદ રે !
ભાઈ! મોસમ આવી મહેનતની !

લીંપીગૂંપી ખળા કરો, લાવો ઢગલે ઢગલા ધાન રે!
ભાઈ! મોસમ આવી મહેનતની!
રળનારો તે માનવીને દેનારો ભગવાન રે !
ભાઈ! મોસમ આવી મહેનતની !

- શ્રી નાથાલાલ દવે

## 148. વર્ષાની સાત બેનડી

વર્ષાની સાત-સાત બેનડી રે લોલ,
સાતેમાં હેત તો અપાર જો.. વર્ષાની

વર્ષાની એક બેન વાદળી રે લોલ,
વાદળીની સતત જલધાર જો... વર્ષાની

વર્ષાની એક બેન વીજળી રે લોલ,
વીજળીએ સાત-સાત તાર જો... વર્ષની

વર્ષાની એક બેન ચાંદની રે લોલ,
ચાંદની એ ચંદ્રકિરણ હાર જો... વર્ષાની

વર્ષની એક બેન વેલડી રે લોલ,
વેલડીએ ફૂલ મધુર અપાર જો... વર્ષાની

વર્ષાની એક બેન ઢેલડી રે લોલ,
ઢેલડીએ પ્રેમ પ્રગટ અપાર જો... વર્ષાની

વર્ષાની એક બેન રૂકમણી રે લોલ,
રૂકમણી તો રૂપનો અંબાર જો... વર્ષાની

## 149. બા મને ચપટી...

બા મને, ચપટી વગાડતાં આવડી ગઈ

મારી ચપટી વાગે છે પટ્ટ પટ્ટ પટ્ટ.
જાણે ફૂટે બંદૂકડી ફટ્ટ ફટ્ટ ફટ્ટ,
પેલી બિલ્લી ભાગે છે જટ્ટ જટ્ટ જટ્ટ.

બા મને બિલ્લી ભગાડતાં આવડી ગઈ,
બા મને ચપટી વગાડતાં આવડી ગઈ.

બા કપડાં ધુએ ભલે. ધબ્બ ધબ્બ ધબ્બ
હું પાણીમાં નહીં કરું છબ છબ છબ,
મારી ચપટી ભીંજાઈ જાય ડબ ડબ ડબ.
બા મને મુની રમાડતાં આવડી ગઈ
બા મને ચપટી વગાડતાં આવડી ગઈ

## 150. ચપટી વાગી

ચપટી વાગી, ચપટી વાગી, ચપટી વાગી રે
ચપ ચપ ચપ ચપ ચપટી વાગી રે

હાલતાં ચાલતાં ચપટી વગાડું
લખતાં વાંચતાં ચપટી વગાડું
ચપટી વાગી...

દોડતાં કૂદતાં ચપટી વગાડું
ખાતાં પીતાં ચપટી વગાડું
ચપટી વાગી...

ભાઈના કાનમાં ચપટી વગાડું
બહેનના કાનમાં ચપટી વગાડું
ચપટી વાગી...

પપ્પાના કાનમાં ચપટી વગાડું
મમ્મીના કાનમાં ચપટી વગાડું
ચપટી વાગી...

## 151. વડલા ડાળે વાંદરા ટોળી

વડલા ડાળે વાંદરા ટોળી કરતી હૂપાહુપ
છાનોમાનો જોયા કરું થઈને ચૂપાચૂપ.....
વડલા ડાળે....

એક મોટો ડાધિયો વાનર, વાંદરાનો સરદાર,
એની પાછળ નાનાં મોટાં વાંદરા છે દસબાર;
છાપરાં કૂદે, કૂદે અગાશી, એવા એ બહાદૂર...
વડલા ડાળે

લીમડા કેરી ખાય લીંબોળી, વડના પાચે ટેટા,
કેરી કેરી ખાઈ ખાઈને ગોટલા નાખે હેઠા;
ઠેકડા મારે, ખાય ગુંલાટો, કરતાં ઝૂટા ઝૂટ...
વડલા ડાળે

એક વાંદરો જુ વીણીને ઝટપટ મોંમાં નાખે,
મમ્મીની જેમ વહાલ કરે ને છાતીએ ચાંપી રાખે,
માણસ જેવું રૂપ છે એનું કેવું આબેહૂબ. ....વડલા

## 152. વાંદરા હો વાંદરા...

વાંદરા હો વાંદરા...
હૂપ હૂપ કરતા આવ્યા હો વાંદરા
વાંદરા હો વાંદરા...
નળિયાં તે નવાં નવાં ભાંગ્યા હો વાંદરા

મણીમાસીનું માટલું રે ફોડયું
કાશી કાકીનું પીંજરું રે તોડયું
રોટલા લઈને ભાગ્યા હો વાંદરા...
વાંદરા હો વાંદરા...

વોય વોય કરતો બાબલો રે ભાગ્યો
કીયા કીયા કરતી બબલી રે ભાગી
ઘૂઘરો લઈને ભાગ્યા હો વાંદરા..
વાંદરા હો વાંદરા...

છીંકણી સુંઘતા ડોશીમા ઊઠયા
લાકડી લઈને ભાગતા હો વાંદરા...
વાંદરા હો વાંદરા...

## 153. કરતા હુપાહુપ

કરતા હુપાહુપ, વાંદરા કરતા હુપાહુપ!
ઘડી ન બેસે ચૂપ, વાંદા કરતા હુપાહુપ!

ખી ખી, ખી ખી હસે, વાંદરા કરતા હુપાહુપ!
જંગલ-જંગલ વસે, વાંદરા કરતા હુપાહુપ!

કેળાં, જામફળ ખાય, વાંદરા કરતા હુપાહુપ!
તાજા-માજા થાય, વાંદરા કરતા હુપાહુપ!

હીંચકે ડાળ-ડાળ, વાંદા કરતા હુપાહુપ!
ભરતા મોટી ફાળ, વાંદરા કરતા હુપાહુપ!

કોઈથીયે ક્યાં ડરે, વાંદરા કરતા હુપાહુપ!
દરિયે મારગ કરે, વાંદરા કરતા હુપાહુપ!

- કિરીટ ગોસ્વામી

## 154. પેલે રમકડે હો ડાહ્યા ત્રણ વાંદરા

પેલે રમકડે હો ડાહ્યા ત્રણ વાંદરા,
બેઠા છે હારબંધ હો ડાહ્યા ત્રણ વાંદરા.

એક કર્યું છે બંધ મોઢે બે હાથથી,
ખોટુ બોલાય ના હો ડાહ્યા ત્રણ વાંદરા...પેલે...

બીજે કર્યા છે બંધ કાનો બે હાથથી,
ખોટુ સુણાય ના હો ડાહ્યા ત્રણ વાંદરા...પેલે....

ત્રીજે કરી છે બંધ આંખો બે હાથથી,
ખોટું જોવાય ના હો ડાહ્યા ત્રણ વાંદરા...પેલે...

ગાંધી બાપુનું બોધક રમકડું,
આપે શિખામણ હો ડાહ્યા ત્રણ વાંદરા...પેલે....

### 155. આવડા અમથા વાંદરાભાઈને

આવડા અમથા વાંદરાભાઈને
સિનેમાનો શોખ (૨)
ધોતી પહેરી ઝભ્ભો પહેર્યો (૨)
ટોપી મૂકી આમ, ટોપી મૂકી આમ
આવડા અમથા...

લાકડી લીધી ચશ્મા પહેર્યા (૨)
ચાલી નીકળ્યા આમ,ચાલી નીકળ્યા આમ
આવડા અમથા...

પહેલા નંબરની ટિકિટ કપાવી (૨)
જોવા બેઠા આમ, જોવા બેઠા આમ
આવડા અમથા...

સિનેમામાં તો ધડાકો થયો (૨)
ગભરાઈ ગયા આમ, ગભરાઈ ગયાઆમ
આવડા અમથા...

ચંપલ ફેંક્યા, ચશ્મા ફેંક્યા (૨)
ટોપી ફેંકી આમ, ટોપી ફેંકી આમ
આવડા અમથા...

### 156. આ વાત કદી ન ભુલાય

આ વાત કદી ન ભુલાય
આ વાત કદી ન ભુલાય (૨) હા…હા…હો…હો..
આ વાત કદી ન ભુલાય.

નિશાળે જઈને લેશન કરાય,
ઘરમાં બાને મદદ કરાય,
મેદાને જઈ રમત રમાય… આ વાત..

ઘસ ઘસ કરતા પગ ના ઘસાઈ,
ઘૂટ ઘૂટ કરતાં પાણી ના પીવાય,
પચ પચ કરતા ખાણું ના ખવાય... આ વાત..

શિયાળામાં ઠંડી વાય,
ઉનાળામાં ગરમી થાય,
ચોમાસામાં ભીંજાય જવાય... આ વાત..

આપણાથી મોટાની સેવા કરાય,
આપણાથી નાનાને લાડ કરાય,
આપણા જેવા સરખાની દોસ્તી કરાય... આ
વાત..

### 157. શેરીમાં રમતા રે બાળ છૂકછૂક ગાડી

શેરીમાં રમતા રે બાળ છૂક છૂક ગાડી છૂક છૂક ગાડી.
નાના નાના ભૂલકાની છૂક છૂક ગાડી છૂક છૂક ગાડી.

અનિલભાઈ એન્જિન બને ગિજુ બને ગાર્ડ,
લાંબી લાંબી લંગર ચાલે ગાડી લાંબી થાય.
ધક્કામુક્કી કરતી ચાલી..છૂક છૂક ગાડી..

કનુભાઇ કોલસા પૂરે પપ્પુ પૂરે પાણી,
ખડ ખડ કરતું એન્જિન ચાલે ડબ્બા લેતું તાણી
સુરેશભાઈએ સીટી મારી... છૂક છૂક ગાડી...

લાલ ઝંડી બતાવે ત્યાં ગાડી થંભી જાય.
લીલી ઝંડી બતાવે ત્યાં ગાડી ઉપડી જાય.
સંદીપભાઈએ સિગ્નલ આપ્યું... છૂક છૂક ગાડી

દાદાજીનાં ડેલા પાસે સ્ટેશન આવી જાય.
એન્જિન આવી ઉભું રહે ત્યાં ડબ્બા છૂટા થાય.
નાચે કૂદે ખેલે બાળ...છૂક છૂક ગાડી...

### 158. અમે શેરીએ રમતા બાળ

હારે અમે શેરીએ રમતા બાળ,
શેરીએ રમવા દો,
હારે અમે આનંદે ખેલશું આજ,
શેરીએ રમવા દો.

બાબો આવે, બેબી આવે,
ખાવાનું એ સૌ કોઈ લાવે,
હારે અમે ઉજાણી કરશું આજ,
શેરીએ રમવા દો... (૨)

ધાણી લાવે ચણા લાવે,
પૈસા લઈને સૌ કોઈ આવે,
હારે અમે ઉજાણી કરતાં બાળ,
શેરીએ રમવા દો... (૨)

મમ્મી આવે, પપ્પા આવે,
તેડવા માટે સૌ કોઈ આવે,
હારે અમે આમતેમ નાચતા બાળ,
શેરીએ રમવા દો... (૨)

## 159. મારી મમ્મીએ આજ મને માર્યું...

મારી મમ્મીએ આજ મને માર્યું,
કે મમ્મી સાથે નહીં બોલું નહીં બોલું નહીં બોલું રે

પપ્પા સંગાથે મારે જાવું બજારમાં
એવી તે હઠ મેં લીધી, (૨)
મને મમ્મીએ બાથરૂમમાં પૂરી દીધી...
મારી મમ્મી સાથે નહીં બોલું.. નહીં બોલું..
નહીં બોલું રે...

મમ્મીની નકામી સાડી ફાડીને-
મેં તો ઢીંગલીના પોતિયા કીધા...
મને તમાચા ચાર ચોડી દીધા...
મારી મમ્મી સાથે નહીં બોલું.. નહીં બોલું..
નહીં બોલું રે...

કપડાં ધોવાની પાણી ભરેલ ડોલ-
અમથી–અમથી ઢોળી નાથી. (૨)
એ મને ધોકે ધોકે ધોઈ નાખી.
મારી મમ્મી સાથે... નહીં બોલું.. નહીં બોલું..
નહીં બોલું રે...

રોતી રોતી હું એક ખુણામાં જઈ બેસી,
મને ખોળામાં હેતથી લીધી
મમ્મી સાથે હું બોલું... હું બોલું... હું બોલું રે...

## 161. મમ્મી રે મમ્મી

મમ્મી રે મમ્મી મને નાની ના સમજો

તમે કહો તો મમ્મી સાયકલ ચલાવી દઉં
સાયકલ ચલાવી દઉં ને સુરત બતાવી દઉં
મમ્મી રે મમ્મી...

તમે કહો તો મમ્મી પ્લેન ચલાવી દઉં
પ્લેન ચલાવી દઉં ને પેરિસ બતાવી દઉં
મમ્મી રે મમ્મી...

તમે કહો તો મમ્મી  મોટર ચલાવી દઉં
મોટર ચલાવી દઉં ને મુંબઇ બતાવી દઉં
મમ્મી રે મમ્મી...

તમે કહો તો મમ્મી હુ ગાડી ચલાવી દઉં
ગાડી ચલાવી દઉં ને ગોંડલ બતાવી દઉં
મમ્મી રે મમ્મી...

## 160. ઝગમગતા તારલાની જોડી

હો પેલા ઝગમગતા તારલાની જોડી
આકાશે કોણે ચોડી
ઓ બા મને કહેજે ને વાત એની થોડી

પંચરંગી ફૂલ પેલા કોણે તે રંગીયા
છૂપી છૂપી વાત શું કરતા પતંગિયાં
ઓ પેલા ભમરા કયાં જાય ઉડી ઉડી
ઓ પ્રીત કેવી રૂડી
ઓ બા મને કહેજે..

કાળી કાળી વાદળી કયાં જાતી સોહામણી
આકાશે ઉડતી શું મ્હાલતી મેરામણી
ઓ પેલી વર્ષાની ધાર કોણે છોડી
ને વીજ કોણે તોડી
ઓ બા મને કહેજે...

ઘુઘવતા સાગરમાં નીર કયાંથી આવીયા
મોટા મગરમચ્છ ઉરમાં સમાવીયા
ઓ પેલી નદીઓ કયાં જાય દોડી દોડી
પર્વત ઘર છોડી
ઓ બા મને કહેજે...

લીલાછમ વૃક્ષોને ઊંચા ઊંચા ડુંગરા
વન ઉપવન ને વળી પર્વતના કોતરો
ઓ પેલા પંખી કયાં જાય ઊડી ઊડી
કુદરત છે કેવી રૂડી
ઓ બા મને કહેજે...

## 162. हम भी अगर बच्चे होते

हम भी अगर बच्चे होते
नाम हमारा होता गबलु-बबलु
खाने को मिलते लड्डु
और दुनिया कहती...हेप्पी बर्थ डे टु यु (२)

कोई लाता गुडिया, मोटर, रेल तो कोई लाता फिरकी
लड्डु, कोई चाबी का टट्टु
और दुनिया कहती...हेप्पी बर्थ डे टु यु (२)

कितनी प्यारी होती है ये भोली सी उमर
न नोकरी की चिंता न रोटी की फिकर
नन्हे मुन्ने होते हम तो देते सौ हुकम
पीछे पीछे डेडी मम्मी बनके नौकर
चोकलेट बिस्कीट टोफी खाते और पीते दूदु
और दुनिया कहती...हेप्पी बर्थ डे टु यु (२)

कैसे कैसे नखरे करते घरवालों से हम,
पलमे हँसते पलमें रोते, करते नाकमे दम
अक्कड़ बक्कड़ लुका-छुपी कभी छुआछु,
करते दिनभर हल्ला-गुल्ला दंगा और उधम्
ओर कभी जीद पर अड जाते जैसे अडियल टट्टु
और दुनिया कहती...हेप्पी बर्थ डे टु यु (२)

## 164. मैं एक छोटी कठपुतली

मैं एक छोटी कठपुतली,
रोना मुझको आता नहीं।

लड्डू पेड़े खाऊं मजे से,
खाना बनाना आता नहीं।

लिम्का पेप्सी पीयूं मजे से,
शरबत बनाना आता नहीं।

चनीया-चोली पहनूं मजे से,
कपड़े सीना आता नहीं।

मैं एक छोटी कठपुतली,
रोना मुझको आता नहीं।

## 163. चुन चुन करती आई चिड़िया

चुन चुन करती आई चिड़िया
दाल का दाना लाई चिड़िया
मोर भी आया कौआ भी आया
चूहा भी आया बन्दर भी आया। ।
चुन चुन करती आई चिड़िया...

भूख लगे तो चिड़िया रानी
मूंग की दाल पकाएगी, दाल पकाएगी
कौआ रोटी लाएगा, लाके उसे खिलाएगा
मोर भी आया कौआ भी आया
चूहा भी आया बन्दर भी आया
चुन चुन करती आई चिड़िया...

चलते चलते मिलेगा भालू
हम बोलेंगे नाचो कालू, नाचो कालू
मुन्ना ढोल बजाएगा, भालू नाच दिखाएगा
मोर भी आया कौआ भी आया
चूहा भी आया बन्दर भी आया
चुन चुन करती आई चिड़िया...

साथ हमारे चले बराती
मैं तो हूँ मुन्ने का हाथी, मुन्ने का हाथी
सीधे दिल्ली जाऊँगा
तेरी दुल्हनिया लाऊँगा
मोर भी आया कौवा भी आया
चूहा भी आया बन्दर भी आया
चुन चुन करती आई चिड़िया...

## 165. हम हाथी को गिनती

हम हाथी को गिनती सिखायेगे

हम हाथी को गिनती सिखायेगे

बोल रे हाथी एक तुजे मिलेगी केक

थोडी तुम खाओगे थोडी हम खायेगे

बोल रे हाथी दो तुजे मिलेगा ढोल

थोडा तुम बजाओगे थोडा हम बजायेगे

बोल रे हाथी तीन, तुजे मिलेगी बीन

थोडी तुम बजाओगे, थोडी हम बजायेगे

बोल रे हाथी चार, तुजे मिलेगी कार

थोडी तुम चलाओगे, थोडी हम चलायेगे

बोल रे हाथी पांच, चल जरा सा नाच

थोडा तुम नोचोगे, थोडा हम नाचेंगे

## 166. नानी तेरी मोरनी को

नानी तेरी मोरनी को मोर ले गए,
बाकी जो बचा था काले चोर ले गए

खाके-पीके मोटे होके चोर बैठे रेल में
चोरोंवाला डिब्बा कटके पहोंचा सीधा जेल में
नानी तेरी...

उन चोरों की खूब खबर ली मोटे थानेदार ने
चोरों को भी खूब नचाया जंगल के सरदार ने
नानी तेरी...

अच्छी नानी प्यारी नानी रूसा-रूसी  छोड दे
जल्दी से एक पैसा दे दे तु कंजूसी छोड दे
नानी तेरी....

## 167. બેટી હૂં મેં બેટી

બેટી હૂં મેં બેટી . મેં તારા બનુંગી ..
તારા બનુંગી , સહારા બનેંગી ... બેટી હૂં .

ગગન પે ચમકે ચંદા મૈં ધરતી પે ચમકૂંગી .
ધરતી પે ચમકૂંગી મેં ઉજિયારા કરુંગી ..
બેટી હૂં મેં ...

પઢુંગી લિખુંગી મેં મેહનત કરુંગી ..
અપને પાંવ ચલકે મેં દુનિયા કો દેખુંગી ..
દુનિયાકો દેખુંગી મેં દુનિયા કો સમઝૂંગી ..
બેટી હું

ફૂલ જૈસી સુંદર મેં બાગો મેં ખિલૂગી ..
તિતલી બનુંગી મેં હવા કો ચૂમુંગી ..
હવા કો ચૂમુંગી , નાચુંગી ગાઉંગી ..
બેટી હૂં મેં ..

## 168. रे मामा रे मामा रे मामा रे

रे मामा रे मामा रे मामा रे
रे मामा रे मामा रे मामा रे

हम तो गये बाज़ार में लेने को लड्डु
लड्डु बड्डु कुछ ना मीला पीछे पड़ा टट्टु

रे मामा रे मामा रे मामा रे
रे मामा रे मामा रे मामा रे

हम तो गये बाज़ार में लेने को रोटी
रोटी बोटी कुछ ना मीला पीछे पडी मोती

रे मामा रे मामा रे मामा रे
रे मामा रे मामा रे मामा रे

## 169. લીલી પીળી બસ ચાલી જાય...

લીલી પીળી બસ ચાલી જાય...
ચાલી જાય.. ચાલી જાય...

એક ટકોરે અટકે... બે ઉપડી જાય...
ઉપડી જાય.... ઉપડી જાય.
ટીન અટકે.. ટીનટીન ઉપડી જાય...
ઉપડી જાય... ઉપડી જાય.

કાળા ડામરના રસ્તા...
આવે છે સામા ધસતાં...
નદીઓ નીચેથી સરકી જાય...
સરકી જાય... સરકી જાય...

બારી પાસે હું બેસું...
જોતો હું ગાયો ભેંશું...
ઊંટની વણઝાર... ચાલી જાય...
ચાલી જાય... ચાલી જાય...

લાંબો કન્ડકટર આવે...
ટીકટીક ટીકટીક ટીકિટ માંગે...
છૂટ્ટા પૈસા હોય તો આપો ભાઈ...
મારાભાઈ... મારા ભાઈ..

## 170. મોટર બોલે પોમ પોમ

અમે મોટરમાં ફરવા ગ્યા'તાં(૨)
મોટર બોલે પોમ પોમ પોમ
અમે મોટરમાં...

અમે ઉજાણી કરવાં ગ્યા'તાં (૨)
મોટર બોલે પોમ પોમ પોમ
અમે મોટરમાં...

અમે દહીંને ઢેબરાં ખાધાં
અમે જલેબી ગાંઠિયાં ખાધાં
અમે ઝાડની ડાળીએ ફૂલ્યાં
અમે ઊંચેથી ઠેકડાં માર્યા
અમે મોટરમાં...

અમે શંખલાં છીપલાં વિચાં
અમે રેતીમાં બંગલા બનાવ્યાં
અમે પાણીમાં છલબલિયાં કીધાં.
અમે મોટરમાં...

## 171. ગાડાવાળા

ગાડાવાળા ગાડાવાળા ગાડાવાળા રે,
ધીમેથી હંકાર તારું ગાડુ આજે રે..

ધોળા ધોળા બળદિયા ને શિંગડા બબ્બે,
તારા ગાડામાં વિરા બેસવા દેજે,
થાક લાગ્યો, થાક લાગ્યો, થાક લાગ્યો રે,
ધીમેથી હંકાર તારું ગાડુ આજે રે...

અમદાવાદ જાવું છે ને રસ્તો ઘણો દૂર છે,
વચ્ચે મોટી નદી આવે તેમાં ઘણુ પૂર છે,
જલ્દી જાવ, જલ્દી જાવુ, જલ્દી જાવું રે,
ધીમેથી હંકાર તારું ગાડુ આજે રે.

મીતલબેન આવશેને અલ્પેશભાઈને લાવશે,
સાથે પેલા સુશીલાબેનને આવવા લલચાવશે,
સહુએ સાથે, સહુએ સાથે, સહુએ સાથે રે,
ધીમેથી હંકાર તારુ ગાડુ આજ રે...

## 172 લીલી પીળી મોટર આવી

લીલી પીળી મોટર આવી લીલી પીળી મોટર આવી
લીલી પીળી મોટર આવી ,લીલી પીળી મોટર આવી

ચકી બેન બેસી જાઓ ,પોપટ ભાઈ બેસી જાઓ
ચણવાને દાણા લાવી, લીલા લીલા મરચા લાવી
લીલી પીળી ....

વાંદરા ભાઈ બેસી જાઓ, હાથી ભાઈ બેસી જાઓ
ગોળ ગોળ રોટલી લાવી, પીપળાનાં પાન લાવી
લીલી પીળી ......

કૂતરા ભાઈ બેસી જાઓ, બિલ્લી બેન બેસી જાઓ
ગોળ ગોળ પૂડી લાવી, વાટકી ભરી દૂધ લાવી
લીલી પીળી....

લીલી પીળી મોટર આવી ,લીલી પીળી મોટર આવી
બેસવાની મજા આવી, ફરવાની મજા આવી

-અંશ ખીંમતવી

## 173. આ અમારી ગાડી છે

આ અમારી ગાડી છે
પગ એનાં પૈડાં છે.
પેટ એનું એન્જિન છે
રોજ સવારે ઊપડે છે.
ભાગ-છૂટ, ભાગ છૂટ, ભાગછૂટ.

રસોડું પહેલું સ્ટેશન છે.
સીટી ત્યાં વગાડે છે.
ભૂ...ખ, ભૂ...બ, ભૂ...ખ...
મમ્મી સ્ટેશન માસ્તર છે
નાસ્તાનું સિગ્નલ આપે છે.
એન્જિનમાં ઢેબરાં નાખો રે!
એન્જિનમાં દૂધ ભરો રે!
ઘડિયાળમાં ડંકો વાગ્યો રે!
નિશાળ ભણી ભાગો રે
ભાગછૂટ, ભાગછૂટ, ભાગ છૂટ.

નિશાળનું જંકશન આવ્યું રે!
દફતર ઊપાડી ઊતર્યાં રે.
વર્ગમાં જઈ બેઠં રે!
શબ્દો, વાક્યો લખ્યાં રે!
જોરથી ગીતો ગાયાં રે!
દાખલા બધા ગયા રે!
એન્જિનમાં ઉંદર બોલ્યા રે!
ભૂખ, ભૂ...ખ, ભૂ...ખ....

સિગ્નલ ક્યારે મળશે રે!
ઘરકામ ઝટપટ લખો રે.
સામાન જલદી ભરો રે!
ટન ટન ટનનનનન...
ગાડી અમારી ઊપડી રે
ભાગછૂટ, ભાગછૂટ, ભાગ છૂટ

એ જે ઘર આવ્યું રે
મમ્મી રાહ જુએ રે!
બ્રેક જલદી મારો રે!
ચું ઈ ઈ ઈ ઈ......ચૂંક
સામાન જલદી ઉતારો રે!
થાળી જલદી પીરસો રે.
ભૂખ અમને લાગી રે
ભૂ...ખ, ભૂખ, ભૂ...ખ..

આ અમારી ગાડી છે
પગ એનાં પૈડાં છે.
પેટ એનું એન્જિન છે
રોજ સવારે ઊપડે છે.
ભાગ-છૂટ, ભાગ છૂટ, ભાગછૂટ.

## 174. એનું નામ છે વિમાન

એ જાય.. એ જાય.. ઊંચે ઊંચે ઉડી જાય,
ધરતી ઉપર દોટ મૂકી આભે ચડી જાય,
એનું નામ છે વિમાન (2)...
એ જાય..

પાંખવાળું પંખાવાળું પલકારામાં ભાગે
વાદળ સાથે વાતો કરતું જાય આગે આગે
મોટા મોટા ડુંગરાને દરિયો કુદી જાય
એનું નામ છે વિમાન (2)...
એ જાય..

દુનિયા આખી ફરતું ફરતું કામ કરે છે મોટું
નામ એના જુદા જુદા કોઈ નાનું કોઈ મોટું
નવા નવા દેશની તે વાતો જાણી જાય
એનું નામ છે વિમાન (2)...
એ જાય..

વાયુ વીંધી વાયુવેગે ઉડે અવાજ કરતું
અંધારામાં તારા જેવું આભલે ચમકતું
સંતાકૂકડી રમતું રમતું આભલે છુપાય
એનું નામ છે વિમાન (2)...
એ જાય..

વીજ ઝબૂકે વર્ષા આવે કોઈથી ના ગભરાતું
આભ ઝરૂખે ઘરરર... કરતું જંગલ કુદી જાતું
નાના નાના છોકરાને ગમ્મત દેતું જાય
એનું નામ છે વિમાન (2)...
એ જાય..

## 175. રેલ મે છનનન છનનન હોય રે

રેલ મે છનનન છનનન હોય રે (2)

રેલ મે બેઠે દો ગુજરાતી (૨)
રેલ મેં કેમ છો-શુ છે ? કેમ છો-શુ છે ? હોય રે
રેલ મે....

રેલ મે બેઠે દો બંગાળી (૨)
રેલ મેં રસો-ગુલ્લા રસો-ગુલ્લા હોય રે
રેલ મે

રેલ મે બેઠે દો મરાઠી (૨)
રેલ મેં ઈકડે-તિકડે  ઈકડે-તિકડે હોય રે
રેલ મે

રેલ મે બેઠે દો મદ્રાસી (૨)
રેલ મેં ઈડલી-ઢોસા ઈડલી-ઢોસા હોય રે
રેલ મે

રેલ મે બેઠે દો પંજાબી (૨)
રેલ મેં બલ્લે-બલ્લે  બલ્લે-બલ્લે હોય રે
રેલ મે

## 177. જંગલ કેરા પ્રાણીઓની

જંગલ કેરા પ્રાણીઓની છૂક છૂક ગાડી ચાલી,

સૌથી આગળ કાળો હાથી, એન્જિન એ કહેવાય,
હાથી ઉપર બેઠું સસલું, ડ્રાઇવર એ કહેવાય,

મોટાં મોટાં ફળ એ હાથીને દેતું જાય,
જંગલ આખું ધમધમ થાતું, પક્ષીઓ હરખાય.

લાંબી ડોકે જિરાફભાઈ જંગલ જોતા જાય,
વરુ અને શિયાળ એના પગમાં અથડાય,

કાણી આંખે કાગડાભાઈ જંગલ જોતા જાય,
હરણ અને સાબર એ તો ઠેકડા મારતા જાય.

કોટ પહેરી વાંદરાભાઈ ડબ્બે ડબ્બે જાય,
પાંદડાની ટિકિટ તપાસે, ચેકર એ કહેવાય;

સૌની પાછળ ઝંડી લઈને રીંછભાઈ જાય;
પી-પી સીટી વગાડી, ગાડી ઉપડી જાય.

## 176. મારો ધકકા

ઓ કાલી ટોપીવાલા,
ઓ લાલ હેટવાલા,
ઓ બુશકોટવાલા બાબા આવો,

મોટર મારી અટકી પડી;
ટાયરનાં તૂટયાં ટાંકા,
મારો ધક્કા... (૨)

ઉજાણી કરવાને ગ્યા'તા,
સ એ નાગધણીંબા;
પેટ્રોલ ખૂટયું મોટર અટકી,
સો એ માયા ફાં ફા;
મારો ધક્કા (૨)

પેડાં નાનાં બોડી મોટી,
પિસ્તાલીસનું મોડેલ;
કોઠી જેવા ત્રણ બેસે તો,
પૈડાં થઈ જાય વાંકા;
મારો ધકકા (૨)

જેમતેમ પાદરમાં પહોચ્યાં,
ત્યાં ભડકયા બે પાડા;
મોટર લીધી બાજુમાં ત્યાં,
સામે આવ્યા ખાડા;
મારો ધક્કા (૨)

| 178. હાલો ભેરુ ગામડે | 179. હાં રે અમે ખેડૂતભાઈ |
|---|---|
| એવા આવે છે ધરતીના સાદ રે...<br>હાલો ભેરુ ! ગામડે.<br>ભીની માટીની ગંધ આવે યાદ રે...<br>હાલો ભેરુ ! ગામડે.<br><br>બોલાવે આજ એનાં ખુલ્લાં આકાશ,<br>મીઠા પરોઢના અલબેલા ઉજાસ,<br>ઘેરા ધમ્મર વલોણાના નાદ રે... હાલો ભેરુ<br><br>ચારીશું ગાવલડી ડુંગરના ઢાળે,<br>બાંધીશું હીંચકો વડલાની ડાળે,<br>મોર ગહેકે જ્યાં સરવરની પાળ રે... હાલો ભેરુ<br><br>ગાઓ રે બંધવા ! ગામડાંનાં ગીત,<br>યાદ કરો ભોળુડાં માનવીની પ્રીત,<br>જાણે જિંદગીનાં મીઠાં નવનીત રે... હાલો ભેરુ<br><br>ખૂંદવાને સીમ ભાઈ ! ખેડવાને ખેતરો,<br>ભારતના ભાવિનાં કરવા વાવેતરો,<br>હે જી કરવા માભોમને આબાદ રે... હાલો ભેરુ | હાં રે અમે ખેડૂતભાઈ રે ગુજરાતના,<br>હાં રે અમે ખેતીનું કામકાજ કરીએ રે...<br><br>હાં રે અમે અનાજ ને કઠોળ વાવીએ,<br>હાં રે અમે ફળોની વાડીઓ કરીએ રે..<br><br>હાં રે અમે ઠંડી-ગરમીને વેઠીએ,<br>હાં રે અમે મહેનત-મજૂરી કરીએ રે..<br><br>હાં રે અમે નવતર પ્રયોગો કરીએ,<br>હાં રે અમે મબલક પાક ઉતારીએ રે.<br><br>હાં રે અમે જગતના તાત ગણાઈએ,<br>હાં રે અમે સૌને અનાજ પૂરું પાડીએ રે..<br><br>હાં રે અમે ખેડૂતભાઈ રે ગુજરાતના,<br>હાં રે અમે ખેતીનું કામકાજ કરીએ રે. |
| **180. એકવાર આવજે આવાસ રે** | **181. નહિ જાઉં રે માં ...** |
| એકવાર આવજે આવાસ રે<br>ડુંગરાની પાસ રે<br>હો મારે ગામડે રે<br><br>ઘંટીના ઘોર કાન આથડે<br>જોરે ચડે બાવડે<br>અંગે અંગે સ્વેદ જામી જાય રે.. હો મારે<br><br>કુવા કાંઠે પનિહારી રે<br>બેડે ભરે પાણી રે<br>તરસ્યાને નીર મીઠા પાય રે... હો મારે<br><br>મહીડા વલોવે ઊભી નાર રે<br>કંકણ રણકાર રે<br>છાશ તણી છોળો છલકાય રે... હો મારે<br><br>વડલે ને લીમડે મીઠી છાંય રે<br>શીતળ વાયુ વાય રે<br>મીઠી મીઠી મોરલી સુણાય રે... હો મારે | નહિ જાઉં રે માં , નહિ જાઉં રે ..<br>ગાવલડી ચારવાને નહિ જાઉં રે ..<br><br>મને ટાઢો તે રોટલો ખવડાવે (૨)<br>મને ખાટી છાશલડી પીવડાવે ....<br>નહિ જાઉં રે માં ...<br><br>મને ગાયોનાં ધણમાં રખડાવે (૨)<br>મને ટાઢા તે પાણીએ નવડાવે ....<br>નહિ જાઉં રે માં ...<br><br>હું નદી એ જાઉં ત્યાં નીર ગાજે (૨)<br>મને મગર-મચ્છોની બીક લાગે ....<br>નહીં જાઉં રે માં ...<br><br>મને કાળીયો કાળીયા બોલે છે. (૨)<br>પેલી ગોપીયો મેણાં મારે છે...<br>નહીં જાઉં રે માં ... |

## 182. નદી-કિનારે મારું ગામડું

નદી-કિનારે મારું ગામડું
જાણે ગોકુળિયું ગામ રળિયામણું
નદી...

વહેલી સવારે ઘૂમે ઘમ્મર વલોણાં,
જાણે ઝાંઝરિયું ઝમકે રળિયામણું
નદી...

આ કોરે શંકર ને ઓલી કોરે રામજી
વચ્ચે માડીનું મંદિર સોહામણું
નદી...

સાંજ પડે બાળકો રેતીમાં રમતાં,
જાણે બાલમંદિરીયું રળિયામણું
નદી...

## 183. મારે નાના ગોવાળિયા થાવું છે

મારે નાના ગોવાળિયા થાવું છે (૨)
મારે ગાયો ચરાવવા જાવું છે...મારે નાના

હે..ઊંચેરા વડલાની ઊંચેરી ડાળીએ,
નીચે બેસી પાવો વગાડવો છે.. મારે નાના

બાજરીનો રોટલો ને ગોળનું દડબું,
છાંયે બેસીને મારે ખાવું છે... મારે નાના

આથમતા સૂરજની આથમતી સાંજે,
ઘેટાં-બકરાંને લઈ ઘેર જવું છે... મારે નાના

મારે નાના નિશાળિયા થાવું છે.
મારે નિશાળે ભણવા જવું છે... મારે નાના

## 184. અમે ગોવાળીયા રે...

અમે ગોવાળીયા રે ગામડામાં રે'તા
નિત નવા ડુંગર જોતા ગોવાળીયા રે
ગામડામાં રે'તા...... અમે...

વહેલી સવારે અમે ઉભા રે થાતા
ગાયોને ચારવા જાતા ગોવાળીયા રે
ગામડામાં રે'તા...... અમે...

બપોર પડે અમે ભાતું રે ખાતા
નદીઓમાં નાવા જાતા ગોવાળીયા રે
ગામડામાં રે'તા...... અમે...

સાંજ પડે ને અમે ઘેરે રે આવતા
ગાયોને બાંધી દેતા ગોવાળીયા રે
ગામડામાં રે'તા...... અમે

રાત પડે ને અમે પથારીમાં સુતા
નિત નવી વારતા કે'તા ગોવાળીયા રે
ગામડામાં રે'તા...... અમે

## 185. અમે નાનકડા દેવ બાળમંદિરમાં

અમે નાનકડા દેવ બાળમંદિરમાં
થાય પૂજા અમારી બાળમંદિરમાં

કૃષ્ણ નાના હતા
દૂધ પીતા હતા
દહીં ખાતા હતા
બહેન માખણ ખવરાવે બાળમંદિરમાં.... અમે...

કૃષ્ણ નાના હતા
દૂધ પીતા હતા
દડે રમતા હતા
બહેન રમત રમાડે બાળમંદિરમાં.... અમે...

કૃષ્ણ નાના હતા
દૂધ પીતા હતા
ખૂબ નીડર હતા
બહેન નિર્ભય બનાવે બાળમંદિરમાં.... અમે...

| | |
|---|---|
| **186. લાડુભટ્ટ**<br><br>લાડુભટ્ટ લાડુભટ્ટ લાડુ કરી ગયા રે ચટ્ટ,<br>લાડુ ખાય એ તો બોલે મારો દુનિયામાં છે વટ<br>..લાડુભટ્ટ<br><br>એક નહીં, બે નહીં, ખાય પૂરા પચ્ચીસ,<br>લાડુ ઓછા પડે તો કરે મોટી રીસ;<br>ઊભા થઈને પાણી પીવે ઘટ ઘટ ઘટ... લાડુભટ્ટ<br><br>ગોળા જેવું પેટ એનું, હાથી જેવા પગ,<br>માથે પહેરે પાઘડીને ચાલે ધબ ધબ;<br>માથે મોટી ચોટલીને મૂછો રાખે કટ...લાડુભટ્ટ<br><br>શિયાળામાં શેરડીનો ગોળ ખૂબ ખાય,<br>ખાતાં ખાતાં બોલે એ તો ટાઢ ઊડી જાય;<br>સવાર સાંજ વગાડે મંદિરે નોબત....લાડુભટ્ટ<br><br>વહેલા ઊઠી નદીકાંઠે રોજ ન્હાવા જાય,<br>પાણી દેખી ખૂબ એતો “બકા ખાય;<br>પહેરે નાની પોતડીને ચાલે ઝટ ઝટ...લાડુભટ્ટ<br><br>ઉનાળામાં પરબે બેસી સૌને પાણી પાય,<br>ભુવાને ભરાડી એને જોઈ નાસી જાય;<br>નાના મોટા બોલે આ તો ભીમભાઈ ભટ્ટ...લાડુભટ્ટ, | **187. હું તો દોડું ત્યાં ધરતી ધમધમતી...**<br><br>હું તો દોડું ત્યાં ધરતી ધમધમતી<br>મારા પગ કેરી ઘૂઘરી રૂમઝૂમતી<br>હું તો દોડું...<br><br>પેલાં ઊડે પતંગિયા રંગરંગી<br>કયારે દોડીને થાઉં એની સંગી<br>જરી દોડું ત્યાં ધરતી ધમધમતી<br>હું તો દોડું...<br><br>પેલા આભલે વાદળી વરસી જતી<br>એની પાછળ પડું એમ સરકી જતી<br>બૂમ પાડું ત્યાં ધરતી ધમધમતી<br>હું તો દોડું...<br><br>મારે આંગણે મોરલે કળા કરી<br>મને જોવાની કેવી મજા પડી<br>જરી નાચું ત્યાં ધરતી ધમધમતી<br>હું તો દોડું...<br><br>ઊગ્યો ચાંદો ને રાત થઈ અજવાળી<br>અમે ભાઈને બેન રમ્યા સાતતાળી<br>વીરો ભાગે ત્યાં ધરતી ધમધમતી<br>હું તો દોડું.... |
| **188. બા વિના મને ખવડાવે કોણ**<br><br>બા વિના મને ખવડાવે કોણ ?<br>બા વિના મને સુવડાવે કોણ ?<br>વ્હાલા મારા બા, મને વ્હાલા મારા બા<br><br>બાપુ વિના મને રમાડે કોણ ?<br>સાઇકલ પર મને બેસાડે કોણ ?<br>વ્હાલા મારા બાપુ, મને વ્હાલા મારા બાપુ<br><br>દાદી વિના મને લાડ કરે કોણ ?<br>બઉઓ મોટો મને આપે કોણ ?<br>વ્હાલા મારા દાદી, મને વ્હાલા મારા દાદી<br><br>દાદા વિના વાર્તા કરે કોણ ?<br>મંદિરે મને લઈ જાય કોણ ?<br>વ્હાલા મારા દાદા, મને વ્હાલા મારા દાદા | **189. ઝૂલણ વણઝારી**<br><br>મારી વાડીમાં રીંગણી - વાડીમાં રીંગણી<br>વાવી હાં રાજ ! ઝૂલણ વણઝારી.<br><br>મે તો રૂપાળાં રોપા, રૂપાળાં રોપા<br>રોપ્યા હો રાજ : ઝૂલણ વણઝારી.<br><br>એને નાનકડાં રીંગણાં નાનકડાં રીંગણાં<br>આવ્યા હો રાજ ઝૂલણ વણઝારી.<br><br>મે તો સૂરજ દાદાને, સુરજ દાદાને<br>નોતર્યા હો રાજ ! ઝૂલણ વણઝારી.<br><br>મેં તો ચાંદા મામાને, ચાંદા મામાને<br>નોતર્યા હો રાજ : ઝૂલણ વણઝારી.<br><br>અમે ખાંતે કરીને, ખાંતે કરીને<br>ખાધાં હો રાજ ! ઝૂલણ વણઝારી. |

## 190. અડખે દાણા પડખે દાણા

અડખે દાણા, પડખે દાણા, દાણા ઉપર દાણા, અડખે દાણા...
લીલો છે તાજો છે ધોળી મૂછો વાળો છે (૨)
શેકીને સૌ બાળક ખાય મસ્તી મેં મસ્તાના અડખે દાણા
બોલો કોણ ? ડોડો....
અડખે દાણા....

એક જનાવર કેવું ટેહૂક બોલે એવું (૨)
માથા ઉપર મુગટ પહેરે શોભે રાજા જેવું (૨)
વાદળ દેખી છમ છમ નાચે મસ્તી મેં મસ્તાના અડખે દાણા
બોલો કોણ ? મોર....
અડખે દાણા....

હરતી જાય ફરતી જાય મણ મણ દાણા ચરતી જાય (૨)
ખૂબ ખાય, ખૂબ ખાય તોય એનુ પેટ ભરાય (૨)
મમ્મી દળતી, દાદી દળતી, દળતી મણ મણ દાણા
અડખે દાણા..
બોલો કોણ ? ઘંટી....
અડખે દાણા....

## 191. રંગનો દરબાર

દરબાર છે દરબાર, આ રંગ તણો દરબાર
લાલ રંગ હું રાજા, લીલો મારે સરદાર ...દરબાર

પીળાં પીતાંબર પહેરી, સૌ પૂજા કરવા જાય,
પીળી છે પાકલ કેરી, સૌ હોંશે હોંશે ખાય ...દરબાર

કેસરિયો મારો સૈનિક, એ લડવામાં બહાદુર,
પોપટિયો મીઠું બોલે, મધુરો એનો સૂર ...દરબાર

બદામી બતક બોલેને, બડબડ ગીતો ગાય,
આખી દુનિયાની સાથે, વાદળિયો રંગ છવાય દરબાર

ભૂરો ભણવામાં પહેલો, ભારે છે હિંમતવાન,
જાંબુડિયો ઝટપટ ચાલે, જુસ્સાવાળો જુવાન...દરબાર

ગુલાબી છે ગરજુડો, ને રંગેરૂપે રૂડો,
ભગવો છે સાધુ બાવો, ને નામ એનું રૂડો...દરબાર,

કાળો છે કામણગારો, કાળાની મોટી વાત,
ચાંદામામા ને તારા, ચમકે છે કાળી રાત .દરબાર

## 192. કાળી કાળી મીંદડી

કાળી કાળી મીંદડી આવીને ગઈ
મારા નાનકડા ભઈલાનું દૂધ પી ગઈ

બા મારી તો પાણીડા ગઈ તી
હું તો મારા ભઈલાને હિંચકાવતી'તી
ત્યાં તો રસોડામાં ખખડયું કંઈ..... મારા....
કાળી કાળી..

બે ઉદર મામાં ચૂ ચૂ કરતા
રાત આખી તો ખડબડ કરતા
મીંદડી બેઉને ભરખી ગઈ.... મારા....
કાળી કાળી મીંદડી આવીને ગઈ

બાપુ બજારમાંથી ઘી લઈ આવિયા
કાલે સવારમાં લાડુ બનાવવા
મીંદડી ઘી બધું ચટ કરી ગઈ.... મારા...
કાળી કાળી...

## 193. કાલુડી કૂતરીને આવ્યાં ગલૂડિયાં

કાલુડી કૂતરીને આવ્યાં ગલૂડિયાં,
ચાર કાબરાં ને ચાર ભૂરિયાં રે.
હાલો ગલૂડાં રમાડવાં જી રે !

માડી ને પેટ પડી ચસ ! ચસ ! ધાવે
વેલે ચોટ્યાં જેમ તુરિયાં રે

માતાને માથડે ચડતાં ને ચાટતાં,
જોગણનાં જણે લટૂરિયાં રે. હાલો ગલૂડાં...

રાતાં માતા ને રોમે રોમે સંવાળા
હોય મીઠાં ગાલ મસૂરિયાં રે. હાલો ગલૂડાં...

બાને વાલા છે જેમ વીરો ને બેની,
કાળવીને વા'લા કુરકુરિયાં જી રે.. હાલો ગલૂડાં

મોટાં થાશે ને મારી શેરી સાચવશે
જાગશે રાતે બાદુરિયાં રે. હાલો ગલૂડાં.. હાલો ગલૂડાં

## 194. મને કહોને પરમેશ્વર કેવા હશે ?

મને કહોને પરમેશ્વર કેવા હશે ?
ક્યાં રહેતા હશે, શું કરતા હશે ?

ગગનની ઓઢણીમાં ચાંદા સૂરજને,
તારાને ગૂંથનારા કેવા હશે ? ... મને કહોને...

આંબાની ઊંચી ડાળે ચડીને,
મોરોને મૂકનાર કેવા હશે ? ... મને કહોને...

મીઠા એ મોરોના સ્વાદ ચખાડી,
કોયલ બોલાવનાર કેવા હશે ? ... મને કહોને...

ઊંડા એ સાગરનાં મોજાં ઉછાળી,
ઘૂ ઘૂ ગજાવનાર કેવા હશે ? .. મને કહોને...

મનેય મારી માડીને ખોળે,
હોંશે હુલાવનાર કેવા હશે ? .. મને કહોને...

## 195. અમે ભારત માતાનાં બાળકો રે...

અમે ભારત માતાનાં બાળકો રે,
જેનો ગરવો ગણાય ઈતિહાસ .... અમે ભારત.

જેને શિરે હિમાલય શોભતો રે,
જેમાં ગંગા નદીનો નિવાસ ...... અમે ભારત.

વેદ ગીતા લખાયા જેની ગોદમાં રે,
મહા ભારત રામાયણ સાથ ...... અમે ભારત.

રામ કૃષ્ણ રહીમ ની ભોમકા રે,
વિનોબાજી જ્યાં દેતા પ્રકાશ ...... અમે ભારત.

જેમાં ગાંધી ગોપાળ ને તિલક થયા રે,
જેમાં જન્મ્યા જવાહરલાલ ......... અમે ભારત.

થયા રાણા પ્રતાપ ને સુભાષ જયાં રે,
અહીં શિવાજી થયા શૂરવીર .... અમે ભારત.

## 196. દૂધવાળો આવે

દૂધવાળો આવે, દૂધવાળો આવે;
હાય રે પેલો દૂધવાળો ઘંટડી વગાડે.

મમ્મી કહે તું જા, પપ્પા કહે તું જા,
આપ તો મોટા રાજા, નાકમાં વાગે વાજા;
હાય રે પેલો દૂધવાળો ઘંટડી વગાડે..દૂધવાળો

સાયકલ ચલાવે, ઝટપટ આવે,
દૂધ મીઠાં લાવે, મમ્મી ને બોલાવે;
હાય રે પેલો દૂધવાળો ઘંટડી વગાડે..દૂધવાળો

ઊગતું પરોઢિયું, પંખી કરે શોર,
મીઠી મીઠી ઊંઘ તોયે ઘંટડી વગાડે;
હાય રે પેલો દૂધવાળો ઘંટડી વગાડે... દૂધવાળો

## 197. કિલકિલાટ કરતા

કિલકિલાટ કરતા કલબલાટ કરતા (૨)
નાનેરા બાળ અમે સૌને રે ગમતા (૨)

મુખડું મલકાવતા સૌને હસાવતા,
નાનેરા બાળ અમે સૌને ગમતા (૨)

ગોળ ગોળ ફરતા સાતતાળી રમતા,
નાનેરા બાળ અમે સૌને ગમતા (૨)

નિશાળે જાતા ગીત નવા ગાતા,
નાનેરા બાળ અમે સૌને ગમતા (૨)

કિલકિલાટ કરતા કલબલાટ કરતા (૨)
નાનેરા બાળ અમે સેને રે ગમતા (૨)

## 198. ભણવાને આવજો હો...

ભણવાને આવજો રે!, મારી નિશાળમાં,
ભુલકા સૌ આવજો રે! મારી નિશાળામાં.

મોટું મેદાન છે, ઓરડાની હાર છે,
બારી–બારણાંનો સુંદર શણગાર છે.
રમવાને આવજો રે! મારી નિશાળમાં.
ભણવાને...

ચાર ચાર સર છે ને ચાર ચાર મેડમ છે,
ઘડિયાળ મજાની ખૂબ ટાઈમસર છે,
વહેલાસર આવજો રે! મારી નિશાળમાં.
ભણવાને...

લાલ-પીળા ફૂલોનાં વૃક્ષોની હાર છે,
સૌની માનીતી મારી નિશાળ છે,
એક આંટો મારજો રે. મારી નિશાળમાં
ભણવાને...

ભણી–ગણીને તમે ટીચર બનજો,
કોલેજમાં જઈ તમે લેકચરર બનજો,
મોનીટર બનજો રે! મારી નિશાળમાં.
ભણવાને...

## 199. તમે ઓરા આવોને..

તમે ઓરા આવોને અહીં .. મારે કહેવું છે કાનમાં કઈ
બીજાં કોઈ સાંભળી જાયે નઈ,
વાત મારી કોઈને કહેશો નઈ .

મુંબઈથી મારે ઘેર મહેમાન આવ્યાં
સરસ મજાના રમકડાં લાવ્યાં .
તમને ખબર છે કે નઈ ,
વાત મારી કોઈને કહેશો નઈ..
તમે ઓરા આવોને..

જમવામાં ભજીયાને ચૂરમાના લાડવા .
તીખાં-તીખાં દાળ-શાક તીખાં-તીખાં અથાણાં.
મેં તો લગીરે ખાધું નઈ..
વાત મારી કોઈને કહેશો નઈ..
તમે ઓરા આવોને ..

ઘોડાગાડીમાં ફરવાને ગ્યાતાં .
સરોવર બંદર જોવાને ગ્યાતાં ..
તમને ખબર છે કે નઈ..
વાત મારી કોઈને કહેશો નઈ..
તમે ઓરા આવો ને ....

સિનેમા જોવા ગ્યાતાં છેલ્લાં રે શો માં..
મને કાંઈ સમજણ પડે નઈ એમાં..
હું'તો ખુરશીમાં ઊંઘી ગઈ ...
વાત મારી કોઈને કહેશો નઈ .

## 200. રોજ નિશાળે જઈએ અમે..

રોજ નિશાળે જઈએ, અમે રોજ નિશાળે જઈએ...
ગાતા રમતાં અક્ષર સાથે ઓળખાણ કર લઈએ...
ઓ... રોજ નિશાળે જઈએ.. અમે...

સાંભળ, બોલી, લખી વાંચીને ભઈલા ભાષા ભણીએ,
સંખ્યાઓને સમજી-સમજી ઝટપટ ગણિત ગણીએ.
પવન ઝાડ પુષ્પોની સંગે, રમતા ઘેલા થઈએ,
ઓ... રોજ નિશાળે જઈએ.. અમે...

ભણતરનો ના ભાર જરાયે, ભણતર બીલકુલ સહેલું,
તરંગ અને ઉલ્લાસની સાથે એમાં જ્ઞાન ભરેલું,
હોંશે-હોંશે, ભણતાં ભણતાં ધ્યાન રમતમાં દઈએ..
ઓ... રોજ નિશાળે જઈએ.. અમે...

ભારતદેશમાં આપણે સહુને ભણવાના અધિકારી,
ભાઈઓ બહેનો સૌને માટે ખુલ્લી નિશાળ મારી,
નવું નવું નિત જાણી લેવાનો લાવો લુંટી લઈએ..
ઓ... રોજ નિશાળે જઈએ.. અમે...

## 201. હું તો નિશાળે જાતો'તો

હું તો નિશાળે જાતો'તો,
રોજ નાસ્તો ખાતો'તો.

સોમવારે તો સેવ બનાવે,
મમરા મંગળવારે લાવે.

પીવડાવે દૂધ બુધવારે,
ગોળપાપડી ગુરુવારે.

ચણા-વટાણા લાવતા,
શુક્રવારે ભાવતા.

વહેલો વહેલો ઊઠી સવારે,
તૈયાર થાતો'તો શનિવારે.

રવિવારની રજા પડે,
રમવાની બહુ મજા પડે.
- જયંત શુક્લ

## 202. બોલો હાથી દાદા

બોલો બોલો હાથી દાદા
બોલો બોલો રીંછ ભાભા

બોલો કેમ છો ? હેમખેમ છો ?
કયાંથી થયા તમે બાડા ?
બોલો...

શુ આવી તી આફત બોલો હાથીદાદા
આવડી મોટી કાયા શું પડી ગ્યા'તા માંદા ?
ના રે ભાઈ ના એવું કાંઈ નથી
આ તો દોડયા'તા બે પાડા
બોલો...

અરે રીંછભાઈ
તમે કેમ લુલા ?
કોઇની સાથે બાજયા કે ખાવા ગ્યા'તા મૂળા ?
ના રે ભાઈ ના એવું કાંઇ નથી
અંધારે આવ્યા'તા ખાડા
બોલો...

તમે બાડા ને અમે લૂલા
આ તે સારી જોડી
ચાલો સામે કાઠે .. આ વનને દઇએ છોડી
ના રે ભાઈ ના મારે ત્યાં નથી જાવું
તમે તો રીંછભાઇ ગાંડા
બોલો...

જોઇ છે આ સૂંઢ રહેશું વગડામાં
આવો રીંછભાભા અહીંયા નાખો ધામા
ના રે ના ભાઇ મારે અહીંયા નથી રહેવું
તમે હાથીભાઇ જાડા
બોલો...

ઓ રે હાથીદાદા, સામેથી શું આવે ?
લાગે છે તો ગોળ, મને તો બહુ ભાવે
ના રે ભાઈ ના મારે ગોળ નથી ખાવો
તું ભરી લે ગોળનાં ગાડાં

બોલો...

## 203. ધમાચકડી મારુ નામ

ધમાચકડી ધમાચકડી ધમાચકડી મારું નામ,
ડાહ્યું ડાહ્યું કરવાનું કે કહેવાનું એ તારું કામ.

સીધા રસ્તે વાંકાચૂકા
પગલાં માંડુ લાંબા-ટૂંકા
પાન વીણું ભીનાં સૂકાં
ભેગાં કરું ડાળી-ઠુંઠાં;

પૂછો નહીં, એ બધાંનું શું છે હવે મારે કામ,
ધમાચકડી ધમાચકડી ધમાચકડી મારું નામ
ડાહ્યું ડાહ્યું કરવાનું કે કહેવાનું એ તારું કામ.

આંટા મારું આડા અવળા.
કપડાં પહેરું ઊંધાસવળાં,
પથરા વીણું ગોળ-લીસા
મણકાથી હું ભરું ખિસ્સાં;

પૂછો નહીં, એ બધાંનું શું છે હવે મારે કામ,
ધમાચકડી ધમાચકડી ધમાચકડી મારું નામ;
ડાહ્યું ડાહ્યું કરવાનું કે કહેવાનું એ તારું કામ.

કરી મૂકું દોડમદોડા
ઘર આખું ડોલમડોલા,
ખૂણે ખૂણે રાજ મારું
મારું વાગે એ જ નગારું

પૂછો નહીં, એ બધાનું શું છે હવે મારે કામ,
ધમાચકડી ધમાચકડી ધમાચકડી મારું નામ;
ડાહ્યું ડાહ્યું કરવાનું કે કહેવાનું એ તારું કામ.

-નીતારામૈયા

## 204. હું છું ખાખી બાવો

બા બેઠી તી રસોઈ કરવા
લઈ એ પળનો લાવો
જટા બનાવી, ભભૂત લગાવી
બચુ બન્યો ત્યાં બાવો...

ભમ્ બમ ભોલા અલખ નિરંજન
હું છું ખાખી બાવો !
ભિક્ષા માટે આવ્યો, મૈયા !
ચપટી આટો લાવો !"

રસોઈ એવી કશી ખપે ના,
નહીં મીઠાઈ-માવો,
વૈરાગીને ભોજન સાદું
ખીચડી આટો ખાવો...

પૈસા-કપડાં કંઈ ના જોઈએ,
ના જોઈએ સરપાવો,
મનમોજીલા બની અમારે
ગિરધરનો જશ ગાવો !"

બા બોલી આજીજી કરતી:
"ચીપિયો ના ખખડાવો,
ઘરમાં હમણાં કોઈ નથી ને
મુજને ના બિવડાવો !"

'અચ્છા, મૈયા! હમ ચલતે હૈ"
કહીને ચાલ્યો બાવો;
વેશ હટાવી, થઈને ડાહ્યો,
બોલ્યો: "બા, હું આવો !"

## 205. બા હું શાળાએ દોડી દોડી જાઉં.

બા હું શાળાએ દોડી દોડી જાઉં...
સફાઈ કરીને શાળા સુંદર બનાવું,
પ્રાર્થનાને ગીત મીઠાં ગાઉં... ગાઉં... ગાઉં...
બા હું શાળાએ...

ગણિત શીખુંને ચોપડીઓ વાંચું,
મોઢે કવિતા.. ગાઉં.. ગાઉં...ગાઉં...
બા હું શાળાએ...

વિજ્ઞાન ભણુંને - પ્રયોગો શીખું,
ડૉકટર, વૈજ્ઞાનિક.. થાઉં.. થાઉં...થાઉં...
બા હું શાળાએ...

નાગરિક વાંચુ ને ઈતિહાસ વાંચું,
અકબર, શિવાજી.. થાઉં.. થાઉં.. થાઉં...
બા હું શાળાએ...

રમત રમવાને સૌ પહેલો જાઉં...
મોટો ખેલાડી.. થાઉં.. થાઉં...થાઉં...
બા હું શાળાએ...

ભૂગોળ શીખુંને, નકશાઓ ગોઠવું,
જગતનો ભોમિયો.. થાઉં.. થાઉં... થાઉં...
બા હું શાળાએ...

ભણીગણીને દેશ સેવા કરું,
સાચો ભારતીય.. થાઉં.. થાઉં...થાઉં...
બા હું શાળાએ...

## 206. મામાનું ઘર કેટલે

મામાનું ઘર કેટલે દીવો બળે એટલે
દીવા મેં તો દીઠા મામા લાગે મીઠા

તાળી પાડે છોકરાં મામા લાવે ટોપરાં
ટોપરાં તો ભાવે નહિ મામા ખારેક લાવે નહિ

મામી મારી ભોળી મીઠાઈ લાવે મોળી
મોળી મીઠાઈ ભાવે નહિ રમકડાં તો લાવે નહિ

મામાએ સામું જોયું મારું મનડું મોહ્યું
મામાનું ઘર કેટલે દીવો બળે એટલે

## 207. વડદાદાની લાંબી દાઢી

વડદાદાની લાંબી દાઢી,
લાંબા લાંબા વાળ
ઓળમ ખોળમ રમતાં રમતાં
ભૂલા પડતાં ભાઇ, ભૂલા પડતાં બાળ (૨)

ઓ વડદાદા આપો ટેટા
રાતા ને વળી મોટાભાઇ, રાતા ને વળી મોટાં (૨)

પછી રમીશું આઘે જઈને
આટા ને વળી પાટા ભાઇ, આટા ને વળી પાટા
(૨)

વડદાદાની લાંબી દાઢી, લાંબા લાંબા વાળ

## 208. એક જાડો પાડો લીમડો

એક જાડો પાડો લીમડો
જો લંગડી રમવા આવે;
તો મજા પડે ભાઈ મજા પડે.

આ આભે ચમકતાં તારલિયા,
જો પતંગિયાં થઈ આવે;
તો મજા પડે ભાઈ મજા પડે.

આ વૃંદાવનનો કાનુડો,
જો સાથે રમવા આવે;
તો મજા પડે ભાઈ મજા પડે.

આ પિંજર બેઠો પોપટડો,
જો સીતારામ સીતારામ બોલે;
તો મજા પડે ભાઈ મજા પડે.

આ ડાળે બેઠો મોરલિયો,
જો ટહુકા કરવા આવે;
તો મજા પડે ભાઈ મજા પડે.

આ મારા શોકેસની ઢીંગલીઓ,
જો ગરબે રમવા આવે;
તો મજા પડે ભાઈ મજા પડે.

આ આભે ચમકતો ચાંદલિયો,
જો અજવાળું લઈ આવે;
તો મજા પડે ભાઈ મજા પડે.

## 209. જયપુરના રાજાની વાહ રે વાહ.

જયપુરના રાજાની વાહ રે વાહ.

જયપુરના રાજાની રાણીની વાહ રે વાહ.

જયપુરના રાજાની રાણીની કુંવરીની વાહ રે વાહ.

જયપુરના રાજાની રાણીની કુંવરીની દાસીની વાહ રે
વાહ.

જયપુરના રાજાની રાણીની કુંવરીની
દાસીની દીકરીની વાહ રે વાહ.

જયપુરના રાજાની રાણીની કુંવરીની,
દાસીની દીકરીની બિલાડીની વાહ રે વાહ.

જયપુરના રાજાની રાણીની કુંવરીની દાસીની
દીકરીની બિલાડીના બચ્ચાની વાહ રે વાહ.

જયપુરના રાજાની રાણીની કુંવરીની દાસીની,
દીકરીની બિલાડીના બચ્ચાની પૂંછડીની વાહ રે વાહ.

જયપુરના રાજાની રાણીની કુંવરીની દાસીની
દીકરીની
બિલાડીના બચ્ચાની પૂંછડીના ટોપકાની વાહ રે વાહ.

જયપુરના રાજાની રાણીની કુંવરીની દાસીની
દીકરીની બિલાડીના બચ્ચાની
પૂંછડીના ટોપકા ઉપર બેઠેલી માખીની વાહ રે વાહ.

જયપુરના રાજાની રાણીની કુંવરીની દાસીની
દીકરીની બિલાડીના બચ્ચાની પૂંછડીના ટોપકા
ઉપર બેઠેલી માખીના ડાબા નસકોરાની વાહ રે વાહ

## 210. ભોપો અને ટોપો

એક હતો ભોપો, તેણે પહેર્યો ટોપો,
ટોપો હતો બ્લૂ, તેમાં હતી જૂ.
જૂ ભરે ચટકો, લાગે મોટો ઝટકો,
તોય રાખે ભોપો, કાઢે નહિ ટોપો.
ટોપો સાવ ગંદો, તેમાં એક વંદો,
વંદો ફરે માથે, ટોપા સાથે સાથે.
વંદો ભાળે જૂ, બોલે : સૂ સૂ સૂ
જૂને બીક લાગે, આમ તેમ ભાગે.
જૂ સંતાય છે, વંદો ખિજાય છે.
વંદો કાઢે ડોળા, કરે ખાખાખોળા.
હડિયાપટ્ટી મચ્ચી, થાય ગલીપચી,
ભોપો ખણવા બેઠો, ટોપો પડ્યો હેઠો.

-રમેશ પારેખ

## 211. ઉંદર રે' છે દરમાં

ઉંદર રે' છે દરમાં
માણસ રહેતો ઘરમાં
ચકો-ચક્કી બે માળામાં
બટેર-તેતર જાળામાં
સમડીનું ઘર ઊંચા ઝાડે
ચામાચીડિયાં લટકે ડાળે
ગાય-બકરી રહેતાં વાડે
વાંદો તો ચૂપચાપ તિરાડે
સિંહ સૂવે છે બોડમાં
ને હું તો બાની સોડમાં !

## 212. અમે ફેરફુદરડી ફરતાં'તાં

અમે ફેરફુદરડી ફરતાં'તાં,
ફેરફુદરડી ફરતાં-ફરતાં,
પડી જવાની કેવી મજા!
ભાઈ, પડી જવાની કેવી મજા!

અમે સંતાકૂકડી રમતાં'તાં
અમે સંતાકૂકડી રમતાં'તાં
સંતાકૂકડી રમતાં રમતાં
પકડાઈ જવાની કેવી મજા!
ભાઈ, પકડાઈ જવાની કેવી મજા!

અમે આંબલીપીપળી રમતાં'તાં.
અમે આંબલીપીપળી રમતાં'તાં.
આંબલીપીપળી રમતાં રમતાં,
સંતાઈ જવાની કેવી મજા!
ભાઈ સંતાઈ જવાની કેવી મજા!

અમે બિલ્લી ઉંદર રમતાં'તાં,
અમે બિલ્લી ઉંદર રમતાં'તાં.
અમે ચું.ચું. મ્યાઉં મ્યાઉં કરતાં'તાં,
અમે ચું.ચું.. મ્યાઉં મ્યાઉં કરતાં'તાં
ચું.ચું.. મ્યાઉં... મ્યાઉં કરતાં કરતાં,
નાસી જવાની કેવી મજા!
ભાઈ નાસી જવાની કેવી મજા !

-મુળજીભાઈ ભગત,

## 213. એકડે એક પાપડ ઓ મમ્મી પાપડ શેક

એકડે એક પાપડ ઓ મમ્મી પાપડ શેક
મને પાપડ ખાવાની બહુ મજા પડે

બગડે બે ઓ મમ્મી માખણ દે
મને માખણ ખાવાની બહુ મજા પડે

ત્રગડે ત્રણ ઓ મમ્મી રોટલી વણ
મને રોટલી ખાવાની બહુ મજા પડે

ચોગડે ચાર મમ્મી લાવી દે સંભાર
મને સંભાર ખાવાની બહુ મજા પડે

પાંચડે પાંચ ઓલી ચકલી મારે ચાંચ
મને ચોકલેટ ખાવાની બહુ મજા પડે

છગડે છ નથી ભણવામાં હું "ઢ"
મને પેંડા ખાવાની બહુ મજા પડે

સાતડે સાત મમ્મી પછી કેજે વાત
મને શિરો ખાવાની બહુ મજા પડે

આઠડે આઠ આ દોરીમાં છે ગાંઠ
મને ઊંધિયું ખાવાની બહુ મજા પડે

નવડે નવ મને મમ્મી વ્હાલી બહુ
એના હાથે ખાવાની બહુ મજા પડે

એકડે મીંડે દસ ઓ મમ્મી બસ બસ
આજે મને ખાવાની મમ્મી બહુ મજા પડી

## 214. દાદાજીની લાકડી

દાદાજીની લાકડીને, લાકડીનો ઘોડો,
ઘોડાની પૂંછડી પર માર્યો હથોડો,
દોડ્યો...દોડ્યો દોડ્યો ઘોડો ઉભી પૂંછડીએ દોડ્યો

ઘોડો હતો ઘમંડી, પહોંચ્યો શાકની મંડી,
મંડીમાં તો બરફ પડ્યોને લાગી ગઈ ઠંડી,
દોડ્યો.દોડ્યો દોડ્યો ઘોડો ઊભી પૂંછડીએ દોડ્યો

ઘોડો આપણો તગડો છે, જુઓ કેટલી ચરબી છે.
ચાલે છે દમદારી ચાલે, ઘોડો આપણો અરબી છે.
દોડ્યો..દોડ્યો..દોડ્યો. ઘોડો ઊભી પૂંછડીએ દોડ્યો
દાદાજીની....

## 215. ગમે

મને આકાશે ઊડતી પતંગ ગમે,
મને આમતેમ દોડતી વાદળી ગમે.
અને પાણીમાં ચાલતી નાવડી ગમે,
મને નાચતી-કૂદતી માછલી ગમે.
મને ખનનન વાગતી ખંજરી ગમે,
મને પટપટ વાગતી ચપટી ગમે.
મને ફરરર ઊડતી ચકલી ગમે,
મને ફૂણી ફૂણી લાગતી કાકડી ગમે.
અને આંબે લટકતી કેરી ગમે,
મને ડાળીએ હીંચતી બેની ગમે.

## 216. જાંબુડો

જાંબુડો કોણે વાવ્યો ? કોણે વાવ્યો ?
કોણે વાવ્યો રે ?
જાંબુડો અમે વાવ્યો, તમે વાવ્યો,
આપણે વાવ્યો રે..

જાંબુડો કેમ વાવ્યો ? કેમ વાવ્યો ?
કેમ વાવ્યો રે ?
જાંબુડો આમ વાવ્યો, આમ વાવ્યો,
આમ વાવ્યો રે..

પાણી કોણે પાયું ? કોણે પાયું ?
કોણે પાયું રે ?
પાણી અમે પાયું, તમે પાયું,
આપણે પાયું રે...

પાણી કેમ પાયું ? કેમ પાયું ?
કેમ પાયું રે ?
પાણી આમ પાયું, આમ પાયું,
આમ પાયું રે..

જાંબુડો કેવડો થયો ? કેવડો થયો ?
કેવડો થયો રે ?
જાંબુડો આવડો થયો, આવડો થયો,
આવડો થયો રે..

જાંબુડાં કેવડાં થયાં ? કેવડાં થયાં ?
કેવડાં થયાં રે ?
જાંબુડા આવડાં થયાં, આવડાં થયાં,
આવડાં થયાં રે..

જાંબુડાં કેટલાં ખાધાં ? કેટલાં ખાધાં ?
કેટલા ખાધાં રે ?
જાંબુડાં આટલાં ખાધાં, આટલાં ખાધાં,
આટલાં ખાધાં રે...

જાંબુડાં કેમ ખાધાં ? કેમ ખાધાં ?
કેમ ખાધાં રે ?
જાંબુડાં આમ ખાધાં, આમ ખાધાં,
આમ ખાધો રે..

જાંબુડાં કોણે ખાધાં ? કોણે ખાધાં ?
કોણે ખાધાં રે ?
જાંબુડાં અમે ખાધાં, તમે ખાધાં,
આપણે ખાધાં રે...

## 217. ચાલો જોવા જઈએ મેળો

ચાલો જોવા જઈએ મેળો,
ચાલો જોવા જઈએ,
મેળામાં મજા કરીશું,
ચાલો જોવા જઈએ...

મેળામાં જઈ શું શું કરશું?
ચકડોળે બેસીને ફરશું;
હાથી ઘોડે બેસી રમશું,
ચાલો જોવા જઈએ મેળો,
ચાલો જોવા જઈએ,

મેળામાં જઈ શું શું ખાઈશું?
તીખી તીખી ભેળ ખાઈશું,
ઠંડો ઠંડો આઈસક્રીમ ખાઈશું.
ચાલો જોવા જઈએ મેળો,
ચાલો જોવા જઈએ,

મેળામાં જઈ શું શું લઈશું?
બહેન માટે બંગડી લઈશું,
ભઈલાં માટે ઘૂઘરો લઈશું.
ચાલો જોવા જઈએ મેળો,
ચાલો જોવા જઈએ...

મમ્મી માટે શું શું લઈશું?
મમ્મી માટે માળા લઈશું?
પપ્પા માટે પાકીટ લઈશું.
ચાલો જોવા જઈએ મેળો,
ચાલો જોવા જઈએ...

દાદા માટે શું શું લઈશું?
દાદા માટે લાકડી લઈશું.
દાદી માટે ચશ્મા લઈશું.
ચાલો જોવા જઈએ મેળો,
ચાલો જોવા જઈએ,

## 218. ચાંદો સૂરજ રમતા'તા

અમે ચાંદો સૂરજ રમતા'તા,
રમતાં રમતાં કોડી જડી
કોડીનાં મે ચીભડાં લીધાં,
ચીભડે મને બી દીધાં

બી બધાં મે વાડમાં નાખ્યાં,
વાડે મને વેલો આપ્યો
વેલો મેં ગાયને નીર્યો,
ગાયે મને દૂધ આપ્યું

દૂધ મેં મોરને પાયું,
મોરે મને પીંછું આપ્યું
પીંછુ મેં બાદશાહને આપ્યું,
બાદશાહે મને ઘોડો આપ્યો

ઘોડો મેં બાવળિયે બાંધ્યો,
બાવળે મને શૂળ આપી
શૂળ મેં ટીંબે ખોસી,
ટીંબે મને માટી આપી

માટી મેં કુંભારને આપી,
કુંભારે મને ઘડો આપ્યો
ઘડો મેં કૂવાને આપ્યો,
કૂવાએ મને પાણી આપ્યું

પાણી મેં છોડને પાયું,
છોડે મને ફૂલ આપ્યાં
ફુલ મેં પૂજારીને આપ્યા,
પૂજારીએ મને પ્રસાદ આપ્યો

પ્રસાદ મેં બાને આપ્યો,
બાએ મને લાડવો આપ્યો
એ લાડવો હું ખાઈ ગ્યો,
ને હું આવડો મોટો થઈ ગ્યો

## 219. ટેલિફોન

ટેલિફોનની ઘંટડી વાગી ટ્રીન ... ટ્રીન ... ટ્રીન ...
હલો ... હલો ... (૨)
કોનું કામ છે? મમ્મીનું? (૨)
મમ્મીનું શું કામ છે ? (૨)
મમ્મી ગઈ મિટિંગમાં, (૨)

ટેલિફોનની ઘંટડી વાગી ટ્રીન ... ટ્રીન ... ટીન...
હલો... હલો ... (૨)
કોનું કામ છે? પપ્પાનું ? (૨)
પપ્પાનું શું કામ છે ? (૨)
પપ્પા ગયા ઓફિસે. (૨)

ટેલિફોનની ઘંટડી વાગી ટ્રીન ... ટ્રીન ... ટ્રીન ...
કોનું કામ છે? દાદાનું ? (૨)
દાદાનું શું કામ છે? (૨)
દાદા ગયા દર્શન કરવા. (૨)

ટેલિફોનની ઘંટડી વાગી ટ્રીન ... ટ્રીન ... ટ્રીન ...
હલો ... હલો ... (૨)
મમ્મી ગઈ મિટિંગમાં (૨)
પપ્પા ગયા ઓફિસે (૨)
દાદા ગયા દર્શન કરવા (૨)

હું છું નાનો બબુ (૨) હું છું ઘરનો રાજા (૨)
મારી સાથે વાત કરો ને?
કેમ છો ? મઝામાં ...
શું કરો છો? ક્યારે આવશો ?

ટેલિફોનની ઘંટડી વાગી ટ્રીન . ટીન ... ટીન ...

## 220. એકડો સાવ સળેકડો,

એકડો સાવ સળેકડો, બગડો ડિલે તગડો
બંન્ને બથ્થંબથ્થા બાઝી, કરતા મોટો ઝગડો

તગડો તાળી પાડે, ને નાચે તાતાથૈ
ચોગડાની ઢીલી ચડ્ડી સરરરર ઉતરી ગઇ

પાંચડો પેંડા ખાતો એની છગડો તાણે ચોટી
સાતડો છાનો માનો સૌની લઇ ગયો લખોટી

આઠડાને ધક્કો મારી નવડો કહેતો ખસ
એકડે મીંડે દસ વાગ્યા, ત્યાં આવી સ્કૂલની બસ

## 221. દાદાનો ડંગોરો લીધો

દાદાનો ડંગોરો લીધો,
એનો તો મેં ઘોડો કીધો.
ઘોડો કૂદે ઝમઝમ,
ઘૂઘરી વાગે ઘમઘમ.
ધરતી ધ્રૂજે ધમધમ.
ધમધમ ધરતી થાતી જાય,
મારો ઘોડો કૂદતો જાય.
કૂદતાં કૂદતાં આવે કોટ,
કોટ કૂદીને મૂકે દોટ.
સહુના મનને મોહી રહ્યો,
એક ઝવેરી જોઈ રહ્યો.
ઝવેરીએ તો હીરો દીધો,
હીરો મેં રાજાને દીધો.
રાજાએ ઉતાર્યો તાજ,
આપ્યું મને આખું રાજ.
રાજ મેં રૈયતને દીધું,
મોજ કરીને ખાધું પીધું.

– ત્રિભુવનદાસ વ્યાસ

## 222. ટમેટાં ટમેટાં

ટમેટાં ટમેટાં... અમને આપો થોડાં
એક પછી એક આવો નહિતર થઈ જશો મોડાં

એક ટમેટું એવું મારું..
રોજ રોજ રડતું.... એ એં એ.... ટે ટેટે....
કહોજી તમને ગમતું?"
"ના... ના... ના......

એક ટમેટું એવું મારું...
રોજ રોજ લડતું....... ઢીશુમ્ - ઢીશુમ્
બટકાં ભરતું, ચીટીયા ભરતું
કહોજી તમને ગમતું?"
"ના....ના....ના....."

એક ટમેટું એવું મારું રોજ રોજ હસતું
હી...હી...હી...! હા..હા હા...!
કહોજી તમને ગમતું?
"હા....હા....હા....."

## 223. બારીમાં બબલી બેઠી' તી

બારીમાં બબલી બેઠી'તી
ભાઇ બેઠી'તી..... (૨)

કેળાંને રોટલી ખાતી હતી
ભાઇ ખાતી'તી (૨)

છાપરે વાંદરો બેઠો છે, ભાઇ બેઠો છે
કેળાં ને રોટલી આંચકી ગયો (૨)
બબલી બેન તો રડવા લાગ્યા (૨)

વેલણ લીધું છૂટું ફેંકયું
થાળી લીધી છૂટી ફેંકી
વાટકો લીધો છૂટો ફેંકયો
વાંદરાભાઇ તો ગભરાઈ ગયા (૨)
કેળાં ને રોટલી આપી દીધી (૨)
બબલી બેન તો રાજી રાજી થઇ ગયા

## 224. નાનું નાનું સસલું

નાનું નાનું સસલું,
ધોળું ધોળું સસલું,
પોચું પોચું સસલું,

આમ દોડે તેમ દોડે.
અમને જોઈને નાસી જાય,

ગાજર ખાય, પાણી પીએ,
આમ દોડે તેમ દોડે.
ડુંગર ઉપર દોડી જાય,

ઉંચા એના કાન છે,
લાલ એની આંખ છે,

આમ દોડે તેમ દોડે,
અમને જોઈને નાસી જાય.

## 225. મેં એક બિલાડી પાળી છે

મેં એક બિલાડી પાળી છે,
તે રંગે બહુ રૂપાળી છે.

તે હળવે-હળવે ચાલે છે
ને અંધારામાં ભાળે છે.

દૂધ ખાય, દહીં ખાય,
ઘી તો ચપચપ ચાટી જાય.

તે ઉંદરને ઝટપટ ઝાલે,
પણ કૂતરાથી બીતી ચાલે,

તેના ડિલ પર ડાઘ છે.
તે મારા ઘરનો વાઘ છે.
- ચંદ્રવદન મહેતા

## 226. ચકલી બોલે ચીં ચી

ચકલી બોલે ચીં ચીં..
ટીપું પાણી પી પી..

કાગડો બોલે કાં કાં..
મોટે સાદે ગા ગા..

કોયલ બોલે કૂકૂ..
હોલો બોલો ઘૂ..

કુકડા કુકડા કૂકડે કૂક..
ગાડી ચાલે છકૂ છકૂ..

બકરી બોલે બેં બેં..
આલો પાલો લે લે..

મીની મીની મ્યાઉં મ્યાઉં..
ઓરી આવે દૂધ પાઉં

ઉંદર મામા  ચું ચું
સામે ઊભો હું છું

## 227. માટી હોય તો મૂળ હોય

માટી હોય તો મૂળ હોય,
મૂળ હોય તો ઝાડ હોય

ઝાડ હોય તો માળા હોય,
માળા હોય તો પંખી હોય;

પંખી હોય તો પાંખ હોય,
પાંખ હોય તો આકાશ હોય;

આકાશ હોય તો વાદળ હોય,
વાદળ હોય તો વરસાદ હોય;

વરસાદ હોય તો પાણી હોય,
પાણી હોય તો ઝરણાં હોય;

ઝરણાં હોય તો જંગલ હોય,
જંગલ હોય તો મંગલ હોય;

મંગલ હોય તો માણસ હોય,
માણસ હોય તો મંગલ હોય.

## 228. લાલ લાલ ટામેટું

લાલ લાલ ટામેટું.
ખાટું મીઠું ટામેટું.

લાલ ગુલાબી ટામેટું.
રસે ભરેલું ટામેટું.

કોણ લાવે ટામેટું. ?
પપ્પા લાવે ટામેટું.

કોણ કાપે ટામેટું ?
મમ્મી કાપે ટામેટું.

કોણ ખાય ટામેટું ?
અમે ખાઈએ ટામેટું.

છોકરાં ખાય ટામેટું.
રસે ભરેલુ ટામેટું.

## 229. અમથાજીને એવી ટેવ

અમથાજીને એવી ટેવ,
રોજ બનાવે ઘઉંની સેવ.

નાખે દૂધ સાકર ને ઘી,
ભરે તપેલી આખીજી.

લઈને સેવ તપેલીમાં
અમથો બેસે ડેલીમાં,

એકલો એકલો ખાતોજી
ભાગ ન કોઈને આપેજી
મનમાં રાજી થાતો જી.

છોકરા જુવે ટગર ટગર
અમથો ઝાપટે ચગર ચગર.

એક દી છોકરા ભેગા થયા
અને ઉજાણી કરવા ગયા.

થેલો લઈને માથેજી
અમથો ચાલ્યો સાથે જી.

ઝાડવાં ઉપર વાંદરા રમે,
છોકરાં નીચે બેસી જમે.

એક વાંદરો સરરર સટ
નીચે ઉતરી આવ્યો ઝટ,

અમથો એવો બીધો રે
થેલો ફેકી દીધો રે.

તે લઈને વાંદરો ભાગ્યો રે
વાંદરો સેવ ઉડાવે રે.

છોકરા કહે તું અમથા
ચાલ, અમારી સાથે ખા.

અમથો કહે કે મારી ભૂલ
કંજૂસાઈ કરું કબૂલ.

થેલો ગયોને સેવ પણ ગઈ
એકલા ખાવાની ટેવ પણ ગઈ.[1]

## 230. સાઈકલ મારી

સાઇક્લ મારી રસ.ર.ર.ર જાય,
ટ્રીન ટ્રીન ટોકરી વગાડતી જાય,

ડોશીમા ડોશીમા આઘા ખસો,
આઘાં ખસો નહીં તો ચગદાઈ જશો !

રસ્તામાં છીકણી ના સુંઘાય,
વાતોમાં સાઇકલ વાગી જાય.

મોટા શેઠ મોટા શેઠ આઘા ખસો ,
પાઘડી પડશે તો ગુસ્સે થશો

ચોપડા ચીતરી ચાલ્યા બજાર,
આઘા ખસીને કરજો વિચાર...

## 231. ઉંદરભાઈ

ઉંદરભાઈની આંખો આવી
પાણી છાંટયું, પટપટાવી !

દુઃખાવો તો શમે નહીં!
ઉંદરભાઈને ગમે નહી !
આંખના ડૉકટર સસ્સરાણા,
ઉંદરભાઈને ખુબ ખિજાણા :

કાજળ - સૂરમો કરતા તા ?
તડકામાં બહુ ફરતા તા?
ટી.વી. વિડિયો જોતા તા?
મોડા મોડા સૂતા તા?

ઉંદરભાઈ તો શરમાઈ ગયા.
નીચું જોયું ગભરાઈ ગયા.
સસ્સારાણા ટીપાં નાખે.
સાથો સાથ શિખામણ આપે :

કાજળ સૂરમો કરતા નહીં,
તડકામાં બહુ ફરતા નહીં.
આંખના ખટકા મટી ગયા,
ટી.વી. વિડીયો છૂટી ગયા !

ઉંદરભાઈ તો વાંચે છે,
આંખની કાળજી રાખે છે.

-ડો. આઈ.કે વીજળીવાળા

2

[1]CREATED BY - D.P PARMAR
કલરવની દુનિયા - બ્લોગ
2